# ઋગ્વેદ પરિચય

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

13-91

# વેદ પરિચય

[પુસ્તિકા : ૩]

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત

મધુકર લ. પટેલ
૭૮, શાકુન્તલ બંગલોઝ,
ભૂયંગદેવ-સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.
© ૨૭૪૧૦૬૯૭

भद्रं गृहं कृणुथ भद्रवाचः ।
—ઋગ્વેદ, ૬,૨

# વેદ પરિચય

[ પુસ્તિકા : ૩ ]

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

પ્રકાશક :
ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
અમદાવાદ-૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : જુલાઈ ૧૯૭૧

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો ત્રીજો

મૂલ્ય : રૂા. ૨-૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડયા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ-૧

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો પાયાનો ગ્રંથ એ વેદસંહિતા. વેદ-કાળમાં ઋષિઓએ જે અનુભવદર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી એને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. આ સંપત્તિ વિશેનો પ્રજાનો અહોભાવ ચાલુ રહ્યો પણ એના તત્ત્વની મોજ માણવાનું શક્ય રહ્યું નહિ કારણકે અનેક કારણોસર વેદનો પરિચય આમપ્રજામાં અને શિક્ષિત જનોમાંય ઘટતો ગયો. પ્રણાલિગત રીતે સંસ્કૃત શીખનારા શાસ્ત્રીઓએ મુખપાઠ ચાલુ રાખ્યો પણ આમપ્રજાને એની ભાષામાં, એની સમજમાં ઉતરે તે રીતે એનું દર્શન કરાવવાની તાકાત એ ગુમાવી બેઠા.

સામાન્ય શિક્ષિતજનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિ-ચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે અને એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિ ૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ રૂપિયા ૨૦.૦૦૦ નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે, બોર્ડનું એ સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એને આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી વિષ્ણુદેવ પંડિત જેવા લેખક તથા ડૉ. તપસ્વી નાન્દી જેવા પરામર્શક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ શ્રેણીની ખુશનસીબી છે.

પ્રથમ પુસ્તિકાને પૂજ્ય સ્વામી શ્રી ગંગેશ્વરાનંદજીના આશીર્વાદ મળ્યા, એના પ્રકાશનનો વિધિ પરિવ્રાજકસમ પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને હસ્તે થયો અને સાહિત્યસ્વામી ડૉ. ઉમાશંકર જોશીની એને પ્રશસ્તિ સાંપડી. બીજી પુસ્તિકાને ૨૦મી સદીના ઋષિ પૂજ્ય રવિશંકર મહારાજનું પ્રેમસીંચન પ્રાપ્ત થયું અને આ ત્રીજી પુસ્તિકાને વેદવિદ્યાવિશારદ શ્રી કે. કા. શાસ્ત્રીનો આવકાર પ્રાપ્ત થયો.

આવી આ સદ્‌ભાગી શ્રેણીને વાચકગણનો પણ એવો જ ભાગ્યયુક્ત પ્રેમ પ્રાપ્ત થાય તેવી પ્રભુપ્રાર્થના.

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ—૬.

# આમુખ

પહેલી પુસ્તિકામાં ઋગ્વેદના પહેલા મંડળના ઋષિઓએ અનુભવેલ જીવન-દર્શનની ઝાંખી કરાવી છે. બીજી પુસ્તિકામાં ઋગ્વેદના બીજા, ત્રીજા અને ચોથા મંડળના ઋષિઓએ મેળવેલ અનુભવજ્ઞાનનો સારભાગ રજૂ કર્યો છે. આ ત્રીજી પુસ્તિકામાં પાંચમા, છઠ્ઠા અને સાતમા મંડળના ઋષિઓના જ્ઞાનનું દર્શન કરાવવાનો એક પ્રયત્ન છે.

એક એક મંડળના મંત્રદ્રષ્ટા તરીકે અહીં મુખ્યત્વે પાંચમાના અત્રિ, છઠ્ઠાના ભરદ્વાજ અને સાતમાના વસિષ્ઠ ઋષિ છે.

ભૌમ અત્રિ પ્રાચીન દ્રષ્ટા જ્ઞાનીઓમાં એક અનોખું સ્થાન ધરાવે છે. તેમનો જન્મ દિવ્ય રીતે થયો છે, એવાંજ ગુણ કર્મ તેમને જીવનની ઊંચી ભૂમિકા પર લઈ જાય છે. તેમને અગ્નિમાં પોતાની સાધના-ચેતનાનાં દર્શન થાય છે અને તે પોતે અગ્નિની સાથે એકતા સાધે છે. તેમને ઇન્દ્રમાં શક્તિ અને સામર્થ્યનાં દર્શન થાય છે, તે સાથે શક્તિ, સામર્થ્યના બળે, તે પોતે ઇન્દ્રપદ મેળવે છે. તેમણે સાધેલી જીવનસાધના તેમની પોતાની ન બની રહેતાં તેમના સંસર્ગમાં આવનારને પણ સ્પર્શે છે અને એક આખું વિશ્વ અત્રિરૂપ બનવાનો આસ્વાદ લે છે.

ભરદ્વાજ—વાજ એટલે અન્ન, બળ અને ઓજસ્ તેને ભરનાર દેવ ઇન્દ્ર, અગ્નિ, સૂર્ય, પૂષા સોમ, અર્યમા, મિત્ર, વરુણ વગેરે ભરદ્વાજ છે. સૌર જગતમાં તેમનાં ભુવનો, લોકો, સ્થાનો છે, તે તે સ્થાનોના તે તે સ્વામીઓ છે. તેમની સ્તુતિઓ, તેમના ગુણો અને કાર્યોનાં નિરૂપણ કરનાર મંત્રદ્રષ્ટા ઋષિ પણ ગુણે અને કર્મે ભરદ્વાજ બને છે.

આ છઠ્ઠા મંડળમાં વર્ણવેલ સૌરજગત તરફ પ્રાચીન સાયણાચાર્ય જેવા ભાષ્યકારોએ સામાન્ય સૂચન કર્યું છે, પરંતુ સૂક્તે સૂક્તે કે મંત્રે મંત્રે સૌર-જગતની ગતિવિધિઓનું વર્ણન છે, એ તરફ ઘણા ઓછાનું ધ્યાન ગયું છે. પ્રાચીન જ્યોતિષ શાસ્ત્રનો આધાર લઇને મંડળમાં વર્ણવેલ દેવોનાં સ્તુતિ-વચનોનો ભાવ પકડી, સૌરજગતમાં ઝાંખી કરવાનો અહીં એક પ્રયત્ન છે.

સાતમા મંડળના ઋષિ વસિષ્ઠ એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. તેમની પરંપરાએ નારાયણ, બ્રહ્મા, બ્રહ્મપુત્ર વસિષ્ઠ, શકિત, પરાશર, વ્યાસ, શુક દ્વારા વેદાન્તદર્શન આપ્યું છે. અહીં વસિષ્ઠ એક સમાજના સંનિષ્ઠ સેવક અને રાજા, મહારાજાઓ અને પ્રજાજનોને સાથે બેસાડીને સાથ સહકારનો પાઠ આપનાર ગુરુજન એક લોકનેતાને સ્થાને છે.

વરુણના પુત્ર એ વસિષ્ઠ બને અને વરુણના પાશનાં બંધનમાંથી છૂટી, દિવ્યજ્ઞાનનો ઉપદેશ આપે, એ અનુભવની વાણી સાચા માર્ગનું એક સ્પષ્ટ દર્શન બની રહે છે.


વિષ્ણુદેવ પંડિત

૨૯, ડાહ્યાભાઈ પાર્ક,
ગીતામંદિર રોડ, અમદાવાદ—૨૨.

# શુભાશંસના

અહીં ૫–૬–૭ એ ત્રણ મંડળોમાંના મંત્રદ્રષ્ટા ઋષિઓએ પોતાના તપોમય જીવનના પ્રભાવથી જે ઉચ્ચ કોટિનું અધ્યાત્મદર્શન કર્યું હતું તેની સૌને સરળતાથી સમજાય તેવી ભાષામાં રજૂઆત કરવામાં આવી છે. આ જાતનો પ્રયત્ન માત્ર ગુજરાતી ભાષામાં નહિ, માત્ર ભારતની અન્ય કોઈ ભાષામાં નહિ, પૃથ્વી ઉપરની માન્ય ભાષાઓમાંની કોઈમાં પણ થયો જાણવામાં આવ્યો નથી. પશ્ચિમના વિદ્વાનોએ વૈદિક સંહિતાઓના અર્થઘટનનો પ્રયત્ન કર્યો છે. પરંતુ એમની વિચારમર્યાદા ભૌતિક પ્રકૃતિવાદમાં જ સીમિત થઈ ચૂકેલી છે તેથી કરીને વૈદિક ઋષિઓએ ઉચ્ચ કક્ષાએ સિદ્ધ કરેલા અધ્યાત્મજ્ઞાન વિશે એમની કોઈ પહોંચ અનુભવાતી નથી. અને તેથી એમની દૃષ્ટિમાં વૈદિક સૂકતો ભૌતિક પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોનાં રૂપકોનું જ્ઞાનમાત્ર છે. રૂપકો એમાં જરૂર છે—અનેક છે, પરંતુ એ રૂપકો માત્ર રૂપકો નથી. એમાં સર્વાંશે ભૂતાર્થતા છે.

શ્રી. વિષ્ણુદેવ પંડિતનો આ પરિચય પુસ્તિકાઓમાં જે પ્રયત્ન છે તે સર્વથા પૌરસ્ત્ય દૃષ્ટિનો છે, અને છતાં પૌરાણિકકોટિનો, બુદ્ધિમાં ન સમઝાય એવા પ્રકારનો નથી, એ એની વિશિષ્ટતા છે.

વેદોને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જોવાના પ્રયત્ન થયા છે. એ બધા પ્રયત્ન વિકૃત છે એમ કહેવાનું નથી. પરંતુ જરા વધારે ઊંડા જતાં એમાં એક મહાન દીર્ઘયુગના સમાજનું જીવન ચીતરાયેલું છે તેના તરફ કોઈની દૃષ્ટિ ગઈ નથી. એ દૃષ્ટિએ જો વેદોના અભ્યાસ કરવામાં આવે અને એ સર્વ કોઈને સુલભ કરી દેવામાં આવે તો ભારતના આ અમૂલ્ય સંસ્કારવારસાનો લાભ સૌ કોઈને મળે.

ઋષિઓનું જીવન ચાર દીવાલો વચ્ચે જકડાયેલું કેદીજીવન નહોતું; ગંભીર અને નિબિડ અરણ્યોના મનોહર પ્રદેશો કે જ્યાં પ્રકૃતિ દેવીએ પોતાની બધી કરામતો મૂર્ત કરી આપી હતી ત્યાં પોતાના તેજસ્વી સંયમિત જીવનના પરિપાક રૂપે શ્રમ, સ્વાશ્રય, સેવા, નીતિપ્રવણતા આદિ સૂચક કરણો દ્વારા પાંચમા કે સાતમા વર્ષે દ્વિજ સંસ્કારોથી સનાથ થયેલા શિશુઓમાં ઉચ્ચમાનવ ગુણો રેડવાનો એમનો પ્રયત્ન હતો. આજની પરિભાષામાં કહિયે તો ॐ सिद्धो वर्णसमाम्नायः જેવા બાલમંદિરોથી થતા આરંભ જેવો આરંભ કરતી વેળાએ શિશુઓના અધ્યયનનાં મંડાણ એ ઋષિઓ સ્વયં કરતા હતા. જેમ જેમ શિશુઓ વયમાં આગળ વધતા આવતા હતા તેમ તેમ એ ગુરુઓ માત્ર શિક્ષણ નહિ, પોતાના આત્માને પણ એ શિશુઓમાં રેડતા હતા. એ શિશુઓ પુત્રો પણ હોય અને શિષ્યો હોય; ગુરુના આશ્રમમાં એ એક જ કુટુંબના સંતાન થઈને આત્મસાત્ થતા હતા. ગુરુઓની આપેલી દૃષ્ટિએ અખંડ પરંપરા સાચવાની ઉત્તમ શક્તિ

એમને સહજ હતી. તેથીજ એ રીતે તેને ઋષિકુળની પરંપરાના નવા નવા ઋષિઓ પિતૃઓની પ્રતિભાની અવિચ્છિનતા સાધી આપતા હતા. આ જ પ્રધાન કારણ છે કે એવા પ્રત્યેક ઋષિકુળના મંત્રદર્શનમાં આદિથી અંત સુધી એકસૂત્રતા જળવાયેલી જોવા મળે છે.

આ અહીં રજુ થતી પુસ્તિકામાં અત્રિ, ભરદ્વાજ અને વસિષ્ઠ એ ગણ આદિ ઋષિઓ અને એમની પરંપરાના ઋષિઓએ સમાજના વ્યાપક જીવનમાં જે જોયું, જાણ્યું, અનુભવ્યું અને પોતાના જીવનમાં ઉતાર્યું—માણ્યું તે અહીં કથાનક રૂપે રજૂ થઈ રહ્યું છે. ભાષા વેદની છે, છતાં એ આજના શિશુની પણ છે, એટલી સરળતાથી સાહજિક રીતે વાંચવાનો યોગ આ પુસ્તિકામાં જ નહિ, આ પુસ્તક શ્રેણીની એક પછી એક પ્રકાશિત થતી પુસ્તિકાઓમાં મળ્યે જાય છે. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડે આ કાર્ય હાથ ધરી મારે મતે એક અપૂર્વ સેવાનો આરંભ કર્યો છે. આ દ્વારા ભારતીય અધ્યાત્મ જીવનનો પરિચય સુલભ થાય છે. એ એક મોટી સંપ્રાપ્તિ આ બોર્ડ દ્વારા સિદ્ધ થાય છે.

કેશવરામ કા. શાસ્ત્રી

તા. ૧૭—૭—૭૧

અમદાવાદ.

## અનુક્રમ

એક
પારસમણિનો સ્પર્શ/૭
બે
મંત્રદર્શન : જીવનની પરમસિદ્ધિ/૨૨
ત્રણ
એ બંધનમાંથી કેમ છૂટાય ?/૩૨
ચાર
સૂર્ય અને નક્ષત્રમાળા/૩૬
પાંચ
દૈવત જગાડો/૪૮
છ
દિવ્ય જન્મ અને કર્મ/૫૭
સાત
અપરાધી કોણ ?/૬૩
આઠ
મલીન તત્ત્વોનો નાશ/૭૨
•
પરિશિષ્ટ/૮૩

ઋગ્વેદ : પંચમ, ષષ્ઠ, સપ્તમ મંડળ

# ૨૦

# પારસમણિનો સ્પર્શ

હા, નવલી સૃષ્ટિનાં સર્જન થઈ રહ્યાં હતાં. એક જ પ્રજાપતિના પુત્રો અસુરો જન્મ્યા હતા અને દેવો પણ જન્મ્યા હતા. એક જ પિતાના પુત્રો હોવા છતાં કર્મ અને સ્વભાવના ભેદ ત્યાં જોવાને મળે છે.

આ ભેદ આવ્યા ક્યાંથી? એનો ઉકેલ જ્ઞાની જનો શોધતા રહ્યા છે. આસ્તિક જનોએ યુગ યુગના ભેદ સ્વીકારી લીધા છે. 'જેવી સૃષ્ટિ પહેલાં હતી તેવી જ સૃષ્ટિની રચના પ્રજાપતિએ કરી છે' એ વેદવાક્યનું પ્રમાણ એમને મળી ગયું એટલો સંતોષ એમને હૈયે થયો છે.

એ પ્રજાપતિને ઋષિનાં સર્જન કરવાની ઇચ્છા થઈ. ત્રણ વર્ષ સુધી ચાલે તેવા એક મહાયાગનો એમણે પ્રારંભ કર્યો. એમના યજ્ઞને સફળ બનાવવા સાધ્ય. દેવો અને વિશ્વેદેવો હાજર થયા. એ યાગની દીક્ષા પ્રજાપતિ લેતા હતા ત્યારે જ વાણીની શક્તિ સાક્ષાત્ દેવીનાં રૂપ લઈને હાજર થયાં ને મહાયાગનો આરંભ થયો.

એ યાગમાં પ્રજાપતિ તો હતા જ, ત્યાં દેવ વરુણ હાજર થયા. સાક્ષાત્ કલા અને સુંદરતાની મૂર્તિ વાણી દેવીનાં આકર્ષણ જાગ્યાં અને બંને દેવોનાં તેજ ખેંચાયાં. એ મહાયાગના હોતા વાયુદેવે એ તેજની આહુતિ અગ્નિમાં આપી દીધી.

અગ્નિની જે અર્ચિ—જ્વાળાઓ ઉપર ઊઠતી હતી તેઓમાંથી ઝગમગતા પ્રકાશના પુંજ જેવા એક ઋષિ પ્રગટ થયા. અર્ચિ—જ્વાળાઓ એમના શરીરે ભર્ગ—તેજની જેમ લપેટાઈ હતી, માટે એમને નામ મળી ગયું **ભૃગુ**. તેજ—જ્વાળાઓ શાંત થઈ અને અગ્નિના શુદ્ધ અંગારા રહી ગયા તેઓમાંથી બીજા એક ઋષિ પ્રગટ થયા. તેમને નામ મળ્યું **અંગિરા.**

ત્યાં તો ભારતી—વાણીએ ત્રીજા પુત્રની ઇચ્છા કરી અને એ પ્રજાપતિએ જણાવ્યું: 'અહીં ત્રીજો પુત્ર છે—अत्र तृतीयः ને સૂર્ય તેમજ અગ્નિના સરખા ત્રીજા ઋષિ પ્રગટ થયા, તેમને નામ મળ્યું **અત્રિ.**

આમ એ મહાયાગના અગ્નિની અર્ચિથી **ભૃગુ**, અંગારાથી **અંગિરા** અને અગ્નિની નીચેની યજ્ઞભૂમિથી **અત્રિ** ઋષિ થયા. એમનો જન્મ ભૂમિ પર થયો તેથી ભૌમ અને પ્રજાપતિના વાક્ય પરથી **અત્ર** નો અ અને તૃતીયનો ત્રિ લઈને **અત્રિ** થયા. એમનાં ગુણ કર્મ ને તેજ એવાં અદ્ભુત હતાં કે ભૃગુ અને અંગિરા પછી એમના જેવો તેજસ્વી ત્રીજો કોઈ થયો નથી. **અત્રિ** ઋષિએ તપ કર્યાં અને કર્દમ પ્રજાપતિની પુત્રી **અનસૂયા** સાથે તેમનાં લગ્ન થયાં.

આમ ઋષિસૃષ્ટિના સર્જનમાં **અત્રિ** અત્યંત પ્રાચીન છે. હિમાલયની ગોદમાં સુદ્દુઘા ગોમતીના પવિત્ર કિનારે મહાન એક ગુરુકુળ વસી ગયું અને એના કુલપતિ અત્રિ મહારાજ બન્યા હતા.

અત્રિનો જન્મ યજ્ઞભૂમિ પર થયો હતો તો અગ્નિનો જન્મ પણ ભૂમિ પર જ થયો છે. એ ઋષિએ અગ્નિના સ્વરૂપનાં દર્શન પોતાના દેહમાં કર્યાં હતાં તેથી એ અગ્નિસ્વરૂપ બન્યા હતા. આ રીતે અગ્નિની પ્રસિદ્ધિની સાથે સાથે અત્રિની પ્રસિદ્ધિ પણ થઈ હતી.

**અત્રિ** ઋષિમાં અદ્ભુત દિવ્ય શક્તિ હતી; એમને મંત્રનાં દિવ્ય સ્વરૂપે દર્શન થતાં હતાં. મંત્ર મૂર્તિરૂપ બની એમની પાસે નિવાસ કરતા અને એ બીજા ઋષિઓની અંદર મંત્રનો સંચાર કરાવી શકતા હતા.

એમના એ દિવ્ય પ્રભાવથી આકર્ષાઈ અનેક ઋષિઓ તપસ્વીઓ વિદ્યાર્થીઓ અભ્યાસીઓ જ્ઞાનીઓ અને વિજ્ઞાનીઓ એમના ગુરુકુળમાં આવીને નિવાસ કરતા હતા.

લોખંડને પારસમણિનો સ્પર્શ થાય કે લોખંડ સોનું બની જાય, **અત્રિનો** સંગ કરનાર અત્રિ જ બની જતા હતા. જુદાં જુદાં નામ રૂપ ને લક્ષણ લઈને આવ્યા હોય તે ઋષિઓ પોતપોતાનાં નામ રૂપ તો સાચવી લેતા, પરંતુ અત્રિના દિવ્ય મંત્રનો સંચાર થતાં એ બધા જ અત્રિઓ બની જતા હતા.

ગુરુકુળમાં વસતા અત્રિઓ અને આત્રેયો અત્રિ મુનિને પિતા ગણતા હતા. સાથે એઓ મંત્રદાતા ગુરુ પણ હતા. એમને થયેલાં મંત્રદર્શન ગુરુકુળની સમાન સરખી સંપત્તિ જેવાં હતાં.

ઋષિને અગ્નિમાં પોતાનું જ દિવ્ય સ્વરૂપ દેખાતું હતું એટલે અગ્નિની સ્તુતિ કરતાં એઓ આનંદવિભોર બની જતા હતા. દેવરાજ ઇંદ્રનાં શૌર્ય અને પરાક્રમ જોતાં જ એઓ નાચી ઊઠતા હતા અને એકાદ ઋષિનો હાથ પકડી એનામાં

ઇંદ્રના ગુણોનું આરોપણ કરતા અને ઇંદ્રની પ્રત્યક્ષ રીતે સ્તુતિ કરતા હતા. એ ઇંદ્રને સોમ વિશેષ પ્રિય છે અને તેથી એ પોતે જ પર્વતના કોઈક ઊંચા શિખરે ચડીને સોમલતા શોધી લાવતા અને ઋષિઓ–અત્રિઓને સોમરસ કાઢવાની પ્રક્રિયા બતાવતા હતા. સોમરસ તૈયાર થતાં ઇંદ્ર જાતે હાજર થતા. બધા જ અત્રિઓ ભેગા થઇ ઇંદ્રને સોમરસ પીવાનો આગ્રહ કરતા હતા.

'આવો, આવો, હે દેવરાજ ઇંદ્ર, આ સોમરસનાં પાન કરો. આ અદ્રિના પાષણો પર પીસીને અમે ચમકીલો સોમરસ તૈયાર કર્યો છે અને તમે સોમના સ્વામી છો, સોમપતિ છો, તેથી તમારે આ સોમરસનાં પાન કરવાનાં છે. અહીં તમે સર્વ પ્રકારનાં ફળ વરસાવનારા છો, તમે સર્વ પ્રકારના ઘેરા ઘાલનારા વૃત્ર–શત્રુઓના નાશ કરનારા છો, જેણે અમારાં જીવન પર આવરણો–અવરોધોને આવરી લીધા છે. તમે પોતે વૃષ–સર્વ રસના વર્ષક છો અને જાતજાતના રસોને વરસાવનારા તમારા સાથી મરુતોની સાથે અહીં આવી પહોંચો. સોમરસનાં પાન કરીને મદમસ્ત બની રહો.'

મરુતોની સાથે દેવરાજ ઇંદ્રને એ સોમયાગમાં આવવાનું નિમંત્રણ આપવામાં આવે અને પહેલા પ્રાતઃસવનમાં આવીને એઓ ઊભા રહે. એમને જોતાં જ અત્રિઓ આનંદમાં આવીને જણાવી રહ્યા છે:

'જુઓ તો ખરા, આ ગ્રાવા–પથ્થર પણ સોમરસને વરસાવી રહ્યો છે, કારણ કે સોમવેલમાં વિપુલ રસ ભરેલો છે. જ્યારે સોમલતાને પીસવામાં આવે છે ત્યારે એનો માદક રસ પણ સુવાસ વરસાવી રહ્યો છે. જે આ સોમરસ તૈયાર થયો ને ગ્રહપાત્રોમાં ભરવામાં આવ્યો છે, તે રસ પણ વર્ષણશીલ બન્યો છે. વૃત્ર–શત્રુઓનો વિશેષે કરીને સંહાર કરનાર હે ઇંદ્ર, તમે પણ પોતે વૃષન્–વર્ષણશીલ છો. તમારા સાથી જે મરુતો છે તેઓ પણ વર્ષણશીલ છે; એમની સાથે તમે સોમપાન કરો.

'હે વજ્રધારી ઇંદ્ર, સોમરસનાં પાન કરવા માટે અમે તમને બોલાવીએ છીએ, કારણ કે અમે પણ વર્ષણશીલ છીએ. અમારા પર અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર સંકટ આવી પડે ત્યારે તમે અમારાં રક્ષણ કરો એટલા માટે અમે પણ ચિત્રવિચિત્ર સ્તુતિવચનોથી તમને બોલાવીએ છીએ. એ સ્તુતિ વચનો પણ મીઠાં–મધુરાં વર્ષણશીલ સોમરસનાં ચમકતાં બિંદુ છે. એ સોમરસનાં પાન કરવા માટે; હે વૃત્રહંતમ, હે ઇંદ્ર, વર્ષણશીલ મરુતોની સાથે આવી પહોંચો.'

અત્રિઓ ઇંદ્રને પ્રાતઃસવનમાં બોલાવીને માધ્યંદિનસવન માટે પણ બોલાવી રહ્યા છે. સવારે રસ ભરપૂર હોય તે બપોર સુધી પૂરેપૂરો તાજો રહે, પણ સાંજે જે તૃતીયસવનમાં ઇંદ્રને સોમપાન કરવાનાં હોય તે સોમ વાસી થઈ ગયો હોય

અને એનાં પ્રમાણ પણ ઓછાં થતાં સોમવેલના કૂચા—ઋજીષમાં થોડાં જલ પણ રેડવાં પડે. એ ઋજીષનાં પાન કરવા કદાચ દેવરાજ ઇંદ્ર ન આવે એટલે એમને બપોરના માધ્યંદિનસવનમાં આવવાના આમંત્રણની સાથે તૃતીય સવનનું આમંત્રણ પણ આપી દે છે. એ ઋષિ પોતાના સોમયાગમાં આવવા માટે સ્તુતિ કરતાં જણાવે છે :

'ભલા, આપણા યજ્ઞમાં આવનાર દેવરાજ ઇંદ્ર ઋજીષ—સોમરસનાં પાન કરવા તૈયાર છે. એમણે વજ્ર ધારણ કર્યાં છે એ સાથે સોમરસની જેમ શૌર્ય પરાક્રમને વરસાવવામાં એઓ શ્રેષ્ઠ છે. શત્રુઓ અત્યંત ત્વરાથી આક્રમણ કરે છે, તેમના વેગોને એઓ રોકી રાખે છે. એઓ પોતે જ અત્યંત શુષ્મ—બલથી સમૃદ્ધ છે. એઓ વૃત્રનો નાશ કરી નાખે છે. સોમરસનાં પાન કરવા માટે એઓ મહાનુભાવ બનીને યજ્ઞમાં આવી પહોંચે છે. હવે આ માધ્યંદિનસવન માટે સોમરસનાં પાત્ર તૈયાર કરવામાં આવ્યાં છે તેનાં પાન કરવા માટે ઇંદ્ર પોતાના બે વેગીલા ઘોડા જોડીને આપણી પાસે આવી પહોંચ્યા છે.'

એ બપોરનો સમય હતો. અત્રિઓ માધ્યંદિનસવનમાં આવેલા દેવરાજ ઇંદ્રને પાત્ર ભરીને સોમરસ આપી રહ્યા હતા. ત્યાં તો વીજળીઓ ચમકવા લાગી. અકાળે વીજળીઓને ચમકતી જોઈ અત્રિઓ સાવધાન થઈ ગયા. ત્યાં વીજળીના જેવા પ્રકાશથી ચમકતા સ્વર્ગના દેવો આશ્રમની ભૂમિ પર ઊતરી આવ્યા હતા.

વગર આમંત્રણે દેવોને આવેલા જોઈ અત્રિ મહારાજને ઘણું જ આશ્ચર્ય થયું. એ દેવો અત્યંત ભયભીત બનેલા હતા. એમણે હાથ જોડી વિનયભાવે જણાવ્યું:

'ઋષિવર, આપે મંત્રોના સાક્ષાત્કાર કરેલા છે તેથી અમે તમારી સહાય લેવા આવી પહોંચ્યા છીએ; અમને મદદ કરો.'

વીજળી જેવા ચમકતા દેવોના દેહ પરથી જાણે પ્રકાશ ઓસરતા હતા અને શોકના અંધારા ઓળામાં એમના દેહ ઝાંખા પડતા હતા. એ અત્રિ મહારાજે વિનયભાવે દેવોને પૂછ્યું:

'હે સ્વર્ગના દેવો, તમે આટલા ભયભીત કેમ બન્યા છો? એવી તે કઈ આપત્તિ તમારા પર આવી પડી છે? મારી મંત્રશક્તિ તમારી સહાય કરવા તૈયાર છે. તમે મને જણાવો.'

ઋષિનાં એ અભયદાન હતાં. એમને દેવોએ જણાવ્યું કે 'મહારાજ, **સ્વર્ભાનુ** નામનો રાક્ષસ છે તેણે સ્વર્ગ પર આક્રમણ કર્યું છે. બીજા અસુરો એકાદ પ્રદેશ

પર આક્રમણ કરે; આ સ્વર્ભાનુ તો એટલો વિશાળ અને વ્યાપક છે કે એણે આખું સૂર્યમંડળ ઘેરી લીધું છે. સૂર્યગ્રહણ થતાં જ સૌ લોકો ભયભીત બનશે; એના નિવારણ માટે અમે તમારી પાસે આવી પહોંચ્યા છીએ.'

દેવો જ્યારે એ વાત કરતા હતા ત્યારે જ સૂર્યગ્રહણ થવા લાગ્યું હતું. અત્રિ મહારાજને એ બનાવની ખબર પહેલેથી જ હતી. એમણે દેવોને સાંત્વન આપ્યું અને ઇંદ્રની સાથેનાં આસનો પર બેસવાને જણાવ્યું.

આકાશમાં સૂર્ય પર અંધકારની છાયા ઘેરાતી હતી અને થોડી જ વારમાં પૂરેપૂરું સૂર્યગ્રહણ થઈ ગયું. સૌ લોકો પર અંધકાર છવાઈ ગયા. એ સૂર્ય આકાશનું ભૂષણ, દેવોનું ચક્ષુ, ઓષધિ વનસ્પતિઓનો પિતા, સૌ જનોનો પ્રેરક સવિતા નારાયણ છે. એનું ગ્રહણ થતાં કેટકેટલાં અનિષ્ટ થઈ આવે, કેટકેટલા રોગ ફાટી નીકળે, કેટકેટલાં પાપ છવાઈ જાય!

આ સૂર્યગ્રહણનો બનાવ કુદરતનો એક અકસ્માત ગણાય. અત્રિ મહારાજે જ્યોતિષની ગણના કરીને એ બનાવની આગાહી કરી હતી; તેમી સાથે એના નિવારણનો ઉપાય પણ એમણે વિચારી લીધો હતો.

એમણે એક વર્ષ સુધી ચાલતા સંવત્સરયાગનો આરંભ કર્યો હતો. ચૈત્ર માસમાં એની શરૂઆત થાય; ભાદ્રપદમાં વચલો દિન આવે; ફાગણમાં એની પૂર્ણાહુતિ થાય. વર્ષનાં બે અયન ગણાય: ઉત્તરાયણ અને દક્ષિણાયન; બે સંપાત વસંતસંપાત અને શરદસંપાત ગણાય છે. વસંત અને ગ્રીષ્મ, વર્ષા અને શરદ, હેમંત અને શિશિર, એ છ ઋતુ આવે. બાર માસના ચોવીસ પક્ષ આવે. એ ગણના પ્રમાણે અત્રિઓનો જે સંવત્સરયાગ ચાલતો હતો, તેનો વચલો દિવસ વિષુવાન ગણાય. એ વિષુવાનને દિવસે જ સૂર્યગ્રહણનો યોગ થવાનો હતો અને તેથી **અત્રિમહારાજે** ત્રણ ત્રણ સવનોની સાથે સૂર્યગ્રહણની મુક્તિ માટે પ્રાયશ્ચિત્ત રૂપે ચોથા સવનના મંત્રનો પ્રયોગ કરવાનું નિરધાર્યું હતું.

એ જ સમયે સ્વર્ગના દેવો આવી પહોંચ્યા. અત્રિ મહારાજે પોતાની એ મંત્રશક્તિના પ્રભાવે સ્વર્ભાનુ–રાહુની મલિન માયાઓને દૂર કરી નાખી હતી. સૂર્ય પરનું એ આક્રમણ દૂર થતાં સર્વે ભુવનોના લોક મોહમાયાથી મુક્ત થયા. અત્રિના એ દિવ્ય પ્રભાવને જોતાં દેવોએ સ્વર્ગમાં વિદાય લીધી.

અત્રિઓએ બાકી રહેલા તૃતીય સવનમાં ઇંદ્રને આમંત્રણ આપ્યું, ત્યારે મહારાજ અત્રિએ સ્વર્ભાનુની માયા દૂર કરી સૂર્યને ચક્ષુ આપ્યાં. એ બાબતનો પણ

નિર્દેશ કર્યો છે. ઇંદ્રનો સ્તુતિ–મહિમા ગાતાં જે પહેલી ચાર ઋચા દ્વિતીય સવનમાં ભણાઈ હતી તેઓની સાથે તૃતીય સવનની પાંચ ઋચા ગાઈ છે. તેઓનો ભાવ આ પ્રમાણે છે :

'હે સૂર્યનારાયણ, જ્યારે અસુરજાતિના સ્વર્ભાનુ નામના રાક્ષસે પોતાની માયાથી રચેલા અંધકારથી તમને ઢાંકી દીધા ત્યારે તો બધાં ભુવન ઘેરા અંધકારમાં અટવાઈ પડયાં હતાં. જેમ કોઈક યાત્રિકને અજાણ્યા પ્રદેશોમાં માર્ગ જડે નહિ અને એ મૂઢ બનીને ફાંફાં મારે, તેમ જ બધાં ભુવનોના લોક મુગ્ધ જેવા બની ગયા હતા.

આ સૂર્યગ્રહણ વખતે ઇંદ્ર દેવરાજ અત્રિ મહારાજના યજ્ઞમાં હાજર હતા. એટલે અત્રિઓએ સ્વર્ભાનુની માયા દૂર કરનાર તરીકે ઈંદ્રની જ સ્તુતિ–પ્રાર્થના કરતાં જણાવ્યું છે કે 'હે દેવરાજ ઇંદ્ર, એ સ્વર્ભાનુની માયાઓ સૂર્યગ્રહણ વખતે આકાશતળની નીચે રહેલાં બધાં ભુવનો પર પથરાઈ ગઈ હતી, તે માયાઓને તમે હરી લીધી હતી. એ સૂર્ય તો ઘેરા અંધકારમાં ઢંકાયેલો હતો. અત્રિ મહારાજે ચોથા મંત્રનો દિવ્ય પ્રયોગ આદરીને સૂર્યને પ્રગટ કર્યો હતો.'

સ્વર્ભાનુથી મુક્ત થતાંની સાથે જ સૂર્યનારાયણ આકાશમાં પ્રગટ થયા. તે વખતે મધ્યાહ્ન કાળ પૂરો થયો હતો અને સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. છેક ધરતીને છેડે ક્ષિતિજમાં જ્યાં સૂર્ય લાલ લાલ વર્ણે દેખાતો હતો ત્યાં જ અત્રિ-મહારાજની યજ્ઞભૂમિ પર તૃતીય સવનનો અગ્નિ લાલ વર્ણે પ્રકાશતો હતો; જાણે કે સૂર્ય અને અગ્નિ બંને એકમેકમાં મળી રહ્યા હતા. અગ્નિની સાથે એકરૂપ બનીને એ સૂર્યે પોતાને મુક્તિ અપાવનાર અત્રિની સ્તુતિ કરતાં જણાવ્યું :

'હે અત્રિ મહારાજ, તમે મને રક્ષણ આપ્યું એને કારણે હું તમારો જ સંબંધી–સખાજન બની રહ્યો છું, આ સ્વર્ભાનુ રાક્ષસને કાંઈ મારી સાથે વૈર નથી. આકાશમાં ભ્રમણ કરવાને કારણે એને ભયંકર ભૂખ લાગે છે અને મને એક અન્નનો કોળિયો સમજીને ગળી જાય છે. હવે આપ કૃપા કરીને મારું રક્ષણ કરજો, જેથી એ દ્રોહી રાક્ષસ ભયજનક અંધકારની અંદર મને ગળી ન જાય. તમે દિવસના રાજા મિત્ર છો અને રાત્રિના રાજા વરુણ પણ તમે છો. તમે સત્યનાં રક્ષણ કરવાની સંધિ કરેલી છે માટે તમે બંને દેવોના સ્વરૂપે મારાં અહીં રક્ષણ કરો.'

સૂર્યગ્રહણ વીતી જતાં તૃતીય સવનની તૈયારીઓ થવા લાગી. નવા શુદ્ધ કરેલા ખલદસ્તા પર સોમના કૂચા—ઋજીષ જલનાં મિશ્રણથી પિસાવા લાગ્યા, સોમરસ ગ્રહપાત્રોમાં ભરાવા લાગ્યા અને ઇંદ્રની સ્તુતિ કરતાં અત્રિઓ સૂર્યની મુક્તિનો પ્રસંગ પણ ગાવા લાગ્યા :

'જુઓ, જુઓ, આપણા અત્રિ મહારાજે બ્રહ્મા બનીને પ્રાયશ્ચિત્તનાં સવનકર્મ કરી દીધાં. હવે ફરી પાછા ગ્રાવા—ખલદસ્તા પર સોમ પિસાવા લાગ્યા. આપણે દેવોની કીર્તિ ગાતાં સ્તોત્રોથી પૂજા કરીએ અને હવિની આહુતિઓ આપીને નમસ્કાર કરીએ. આ બધાં સ્તુતિ અને સ્તોત્રોનાં સાધનોથી અત્રિ મહારાજે સૂર્યનાં ચક્ષુ-મંડળને આકાશમાં ગોઠવી દીધું હતું. તે અત્રિના મંત્રપ્રભાવથી દેવરાજ ઇંદ્રે સ્વર્ભાનુ રાક્ષસની બધી માયાઓ દૂર કરી નાખી અને સૂર્યમંડળની સ્થાપના કરી દીધી.'

અહીં દેવરાજ ઇંદ્ર હાજર હતા. અત્રિ મહારાજના એ દિવ્ય મંત્રોના પ્રભાવ-ને એમણે જાતે જોયો હતો તોપણ ઉદાર અત્રિઓ દેવરાજ ઇંદ્રનો મહિમા ગાતા હતા. તેથી એ ઇંદ્રે જણાવ્યું :

'સાચે જ, અસુરોના પ્રતિનિધિ સ્વર્ભાનુએ ઘેરા અંધકારથી સૂર્યને ઢાંકી દીધો હતો. હવે આ બધા અત્રિઓએ સોમયાગનાં અનુષ્ઠાન કરીને ઇંદ્ર માટે સૂર્યનો લાભ કરી આપ્યો હતો. સાચે જ, અત્રિઓ મંત્રના પ્રભાવથી જે કાર્ય કરી શક્યા તે કાર્ય બીજા મુનિઓ ન જ કરી શકે.'

સૂર્યગ્રહણના બનાવે ઋષિઓ અને દેવોની પરસ્પર સહાનુભૂતિ પ્રગટ થઈ છે. દેવરાજ ઇંદ્રને તૃતીય સવનમાં સોમરસનાં પાન કરાવ્યાં ત્યાં સાંઝ થઈ ગઈ હતી અને અગ્નિહોત્રની આહુતિઓ આપવા અત્રિઓ તૈયાર થયા. રાત્રિ દરમિયાન ચાલનાર અતિરાત્ર યાગની તૈયારીઓ પણ થઈ રહી હતી. અગ્નિહોત્રના ઇષ્ટદેવ ઇંદ્રને પણ ઉપસ્થિત રહેવાની સ્તુતિ કરવાની હતી. આમ અત્રિઓએ પોતાની આગવી ભાવના રજૂ કરી, અગ્નિની સ્તુતિ કરી સૂર્યની મુક્તિની માગણી કરી છે અને એના સહકારમાં ઇંદ્રને જોડવાની પ્રાર્થના કરી છે.

અગ્નિની સ્તુતિ કરતા બુધ ગવિષ્ઠિર વૃશજાન વસુશ્રુત ઈષ ગય સુતંભર ધરુણ પૂરુ દ્વિત મૃક્તવાહ વવ્રિ પ્રયસ્વાન વિશ્વસામા સસ વિશ્વચર્ષણિ ગૌપાયન બંધુ વસૂયુધ અને કન્યા વિશ્વવારા એ બધા ઋષિઓ અત્રિએ આરંભેલા મહાયાગના ઋત્વિજો છે. એમને અત્રિનો સંગ થયો છે અને એ બધા અત્રિઓ બનીને અગ્નિની સ્તુતિ કરી રહ્યા છે.

એક અત્રિ ઋષિને અગ્નિ નવજાત શિશુ જેવો સુંદર લાગે છે. ક્યાંક એ અગ્નિ ચાલ્યો ગયો છે, તો બીજા એક અત્રિ છુપાયેલા રાજકુમારના રૂપમાં અગ્નિને જુએ છે અને એને મુક્ત કરે છે. અત્રિઓને મન તો સૂર્ય પણ અગ્નિ છે, પણ એને સ્વર્ભાનુ ગળી જાય છે.

અત્રિઓને સહજ પ્રશ્ન જાગે છે અને એ અત્રિમહારાજની પાસે પહોંચીને વિનયભાવે પૂછે છે :

'મહારાજ, આમ કેમ બનતું હશે ? પ્રકાશથી ઝળહળતો આ ભાનુ અને પોતાની અંધારી માયામાં ઘેરી લેતો સ્વર્ભાનુ, આ વિરોધ શાને માટે ?'

બાળકને હૈયે આવા તો અનેક પ્રશ્ન જાગે, તેવા જ આ અત્રિઓ ભાવુક કવિઓ છે. એમને હૈયે કોમળ ઊર્મિઓ પ્રગટ થાય છે, કુદરતમાં રહેલા માધુર્યભાવનો આસ્વાદ લે છે. એમની આંખમાં અમી ભરેલાં છે. એ કવિઓને કુદરતની ભાવના આલેખતાં અત્રિ મહારાજ જણાવે છે કે 'હે અત્રિઓ, કુદરતમાં બંને ભાવ જોવા મળશે. મધુર વૃક્ષને વિષવેલ લપેટાય છે. અગ્નિ સ્વભાવે ઉગ્ર છે. પરિણામે મધુર છે. જ્યાં સુમતિ છે ત્યાં કુમતિ પણ હોવાની. આમ જ આકાશમાં ભાનુ છે, તો ત્યાં સ્વર્ભાનુ રહેવાનો, જે પ્રકાશનો વિરોધી છે, જે ભાનુને ગળી જાય છે.

'આ સૂર્યગ્રહણ તો કુદરતનો એક પ્રકોપ છે, અકસ્માત છે, સદા કાંઈ સૂર્યનાં ગ્રહણ થતાં નથી. તમે ઋષિઓ છો, તમારા હૃદયમાં મંત્રનાં દર્શન જાગ્યાં છે, પણ તમે સાવધાન ન રહો તો ઘેરા અંધકારમાં તમે ડૂબી જવાના, સંસારની આંટીઘૂંટીમાં તમે અટવાઈ જવાના.

'અજ્ઞાની જનની તો દયા ખાવાની, પણ જ્ઞાની જન અંધારામાં અટવાઈ પડે, તેને તો અકસ્માત ગણાય. આ લોકોમાંના ઘણા પ્રદેશ સદા અંધારામાં ઢંકાયેલા પડ્યા છે. એ પ્રદેશો તો રાહુથી જ ઘેરાયેલા છે, પણ એનો વિચાર ઘણા ઓછાને આવે છે. એ તો જ્યારે આકાશમાં પ્રકાશતા સૂર્યનાં ગ્રહણ થાય, ભાનુને સ્વર્ભાનુ ગળી જાય, ત્યારે આપણે મંત્રના પ્રભાવે સૂર્યના અંધકારને દૂર કરવાનો છે. આ રીતે જ જ્ઞાનરૂપી આત્મા આપણે હૈયે પ્રકાશે છે, તેને કોઈક સ્વર્ભાનુ આવી ગળી જાય ત્યારે એને દૂર કરવાનું કાર્ય આપણે કરવાનું છે. એ માટે આપણે આપણા જીવનયજ્ઞમાં અગ્નિને પ્રગટ કરવાના છે. દેવરાજ ઇંદ્રને સોમરસનાં પાન કરાવવાનાં છે, વિશ્વેદેવોને જગાડવાના છે, મરુતોને કામે લેવાના છે, મિત્ર વરુણ અશ્વિનીકુમારો પર્જન્ય સવિતા ઉષા વગેરે દેવોની સ્તુતિ કરીને આપણે એમને આ મહાયાગમાં પ્રારંભેલા સંવત્સરયાગમાં બોલાવીને આપણા જીવનને સમૃદ્ધ બનાવવાનું છે.'

અત્રિમહારાજે જ્ઞાનનો અગ્નિ ચેતાવીને બધા ઋષિઓને સતેજ કર્યા. હૃદય પરથી જાણે કે અંધારાં ઓસરી રહ્યાં હોય અને નવાં જ્ઞાન પ્રગટ થવાનાં હોય તેઓનાં એમને દર્શન થવા લાગ્યાં. એમને લાગ્યું કે સૂર્યગ્રહણ તો કોઈક વાર થાય છે અને એ ઓસરી જાય છે. ભાનુ અને સ્વર્ભાનુ જેવાં દૃશ્ય તો કવચિત્ જોવાને મળે છે, પરંતુ હૃદય પર આવરેલા અજ્ઞાનને દૂર કરવા તો સદા સાવધાન રહેવું પડશે. અત્રિએ આપેલા એ દિવ્ય મંત્રરૂપ ઉપદેશથી જાણે કે નવા ભાવ જાગતા હતા, એ અત્રિઓમાંના પહેલા બુધ અને ગવિષ્ઠિર અગ્નિની સ્તુતિ કરતાં જણાવી રહ્યા હતા :

'અહો, ઋષિઓએ આપેલાં સમિધોથી અગ્નિ જાગી ઊઠયો. ગાયોની જેમ દોડતી આવતી ઉષાઓ અગ્નિનાં દર્શન કરે છે. ત્યાં આ ભાનુનો આકાશમાં ઉદય થયો ને અગ્નિ વિશેષ પ્રકાશી રહ્યો છે. સાચે જ અગ્નિ પોતે જ ભાનુમાન છે. યજન કરનારની ભાવના પ્રમાણે એ સમિદ્ધ થાય છે. મારા સાથી આ ગવિષ્ઠિર ઋષિ સ્તોત્રની રચના કરી રહ્યા છે અને અમે અત્રિઓ વંદનશીલ વાણીથી અગ્નિને આવકાર આપીએ છીએ.'

પેલા વૃષજાન ઋષિને લાગ્યું કે અગ્નિ કુમાર છે ને કોઈક અદેખી રાણીએ એને છુપાવી રાખ્યો છે; આ ન ચાલે. એ અત્રિ ઋષિ પાસે દિવ્ય મંત્રનું બળ હતું; એણે જણાવ્યું :

'અરે ઓ યુવતિ, તેં આ કુમાર અગ્નિને શા માટે છુપાવી રાખ્યો છે? માતા અરણિ તો ગર્ભમાં અગ્નિને રાખે છે, સાચવી રાખે છે, ત્યારે તેં તો અગ્નિને રૂંધી રાખ્યો છે. એ અગ્નિને તું છૂટો મૂકી દે.'

ઋષિની એ વાણી સાંભળીને કુમાર અગ્નિ પ્રગટ થયો. એને જ્યાં રાણી પિશાચિની ઝડપવા ગઈ એ સાથે જ એ બળીને ભસ્મીભૂત થઈ ગઈ અને બધા લોક એ વૃષજાન ઋષિનો મહિમા ગાવા લાગ્યા.

'સાચે જ, બધા લોકોનાં રક્ષણ કરનાર અગ્નિને આ વિરોધી શત્રુઓએ રૂંધી રાખ્યો, પરંતુ અત્રિરૂપ બનેલ આ વૃષજાનના દિવ્ય મંત્રના પ્રભાવથી અગ્નિકુમાર મુક્ત થઈ ગયો. અમારી નિંદા કરનાર લોક ભલેને નિંદા કરતા રહે, એમની નિંદાઓ એમને જ ગળી જવાની છે, અમારે તો કુમાર અગ્નિનાં રક્ષણ કરવાનાં છે.'

અગ્નિના અપહરણની ઘટના આ રીતે નોંધાઈ છે.

ત્ર્યરુણ ઇક્ષ્વાકુ વંશનો રાજા હતો અને વૃશજાન રાજપુરોહિત હતો. એક

સમયે મિત્રતાને કારણે વૃશજાન રાજાનો રથ હાંકતો હતો ત્યારે માર્ગમાં એક બ્રાહ્મણનો બાળક રથના ચક્ર નીચે આવી મરણ પામ્યો. વૃશજાનને અત્રિ મહારાજ પાસેથી દિવ્ય મંત્રશક્તિ મળી હતી. તેનો પ્રયોગ કરી એણે બાળકને જિવાડી દીધો, પરંતુ અકસ્માતનો દોષ વૃશજાન પર લાદવામાં આવ્યો. તેથી પુરોહિતનું પદ છોડી અત્રિ વૃશજાન અરણ્યમાં નિવાસ કરવા લાગ્યો.

આ બાજુ રાજાના રાજ્યમાંથી અગ્નિ ચાલ્યો ગયો હતો. કોઈ જાતની રસોઈ તૈયાર થતી ન હતી, બધી જાતના પાક કાચા રહેતા હતા. પ્રજાજનોએ રાજાને વિનંતી કરી અને એ રાજાએ વિનવણી કરી રાજપુરોહિતને રાજ્યમાં બોલાવી લીધો.

રાજપુરોહિતને તપાસ કરતાં માલૂમ પડયું કે એ રાજાની એક રાણી જ પિશાચિની હતી. એણે આખાય રાજ્યના અગ્નિને કુમારના રૂપે છુપાવી દીધો હતો. અત્રિ ઋષિના મંત્રપ્રભાવથી એ પિશાચિની બળીને ભસ્મીભૂત થઈ અને રાજ્યનો અગ્નિ મુક્ત થયો હતો.

અત્રિ ઋષિ વૃશજાને અગ્નિને સમિદ્ધ કર્યા પછી રાજ્યના લોકોને ઉપદેશ આપતાં જણાવ્યું કે 'ભલા, જે લોકો ઇંદ્ર–ઈશ્વરમાં નહિ માનનાર નાસ્તિકો છે અને એ ઇંદ્ર માટે સ્તુતિ–પ્રાર્થનાઓ પણ નથી કરતા, આવા નાસ્તિકોને માટે શાનો અગ્નિ સમિદ્ધ થાય ? મેં તો સ્તુતિવચનો–સ્તોત્ર ભણીને અગ્નિને સમિદ્ધ કર્યો છે.

'તમે જાણો છો કે પિશાચિની અગ્નિને ગળી ગઈ હતી અને તેથી અગ્નિ-જ્વાળાઓ શાંત થઈ ગઈ હતી. આ પિશાચિની બીજી કોઈ નહિ, પણ આપણી નાસ્તિક બુદ્ધિ છે. જેને અગ્નિની સ્ફૂર્તિ અને ચેતના જેવી દૃઢ શ્રદ્ધા કામ આવતી નથી.' વસુશ્રુત આત્રેયે અગ્નિને માટે પ્રિય સૂક્ત ગાયાં છે.

અહીં આરાધના માટે ઇંદ્ર અને અગ્નિને એકરૂપે ગણ્યા છે. જેને ઇંદ્રમાં શ્રદ્ધા નથી, તેનો અગ્નિ પ્રદીપ્ત થતો નથી. લોકોમાં શ્રદ્ધાભાવે અગ્નિનાં પૂજન થાય એ પ્રકારનો ઉપદેશ આપતાં **ઈષ** નામના **આત્રેય** જણાવે છે :

"હે મિત્રો, હે ઋત્વિજો, અગ્નિને માટે હવિ તૈયાર કરો, એને રાજી કરવા સ્તુતિ વચનો ભણો. અગ્નિ કયાં છે એવો ખાલી પ્રશ્ન પૂછતા નહિ. આજે તો એ માતા અરણિમાં છુપાયો છે, પણ આપણા અત્રિ મહારાજે મંત્રની દિવ્ય શક્તિથી એને શોધી કાઢયો છે.

'હે અગ્નિ મહારાજ, આ બધાં પ્રજાજન તમારી સ્તુતિ કરે છે. ઋત્વિજો ભેગા થઈને તમારે માટે હોમહવન કરે છે, તેમાં તમે જાતે આવી પહોંચો છો. અને એમને રત્નો આપીને સમૃદ્ધ કરો છો. હા, તમે તો અમારાં હૃદયોની ગુફાઓમાં સંતાઈ ગયા છો તોપણ જ્યાં સાદી રીતે યજ્ઞ થાય છે અને જ્યાં ઘીની આહુતિઓ અપાય છે ત્યાં તમે પ્રગટ થાઓ છો.'

**ગય આત્રેય** સ્તુતિ કરતાં પોતાના નામનો નિર્દેશ કરે છે ત્યારે **સુતંભર આત્રેય** સમિદ્ધ અગ્નિનો મહિમા ગાતાં પોતાના યજ્ઞમાં બોલાવે છે :

'અમારાં બધાં કાર્ય સારી રીતે સાધી આપનાર અગ્નિ અમારા યજ્ઞમાં આવો. નિઃસ્વાર્થી નર–માણસો ઘેર ઘેર અગ્નિનો પ્રચાર કરે છે. એ અગ્નિ યજમાને આપેલાં હવિ દેવો સુધી પહોંચાડે છે અને અગ્નિ દેવોના દૂત બનીને આવી પહોંચે છે. જેણે યજ્ઞમાં સંકલ્પ બળનો વધારો કર્યો છે તેવા અગ્નિને ભક્તજનો હેતથી ભજે છે.'

ભાનુ–પ્રકાશને જગાડવા અને સ્વર્ભાનુ–અજવાળાને ઢાંકનાર અંધકારને દૂર કરવા માટે તો અત્રિઓ અગ્નિની સ્તુતિ પ્રાર્થના કરી રહ્યા છે. તેઓમાં **વસુશ્રુત સુતંભર** અને **ધરુણ** તો મહાયાગના ઋત્વિજો છે; એમની સાથે સ્તુતિ કરતા **પૂરુ આત્રેય** જણાવે છે :

'આ યજ્ઞમાં ભાનુ–પ્રકાશ મળે એ કારણે દેવ અગ્નિને અમે હવિ આપીએ છીએ. હે અગ્નિ, તમે પણ એ સૂર્યને પ્રકાશ આપો. અમે માનવો અગ્નિને મિત્ર ગણીને સ્તુતિવચનોની ભેટ ધરીએ છીએ.'

દ્વિતઋષિનો પુત્ર **મૃક્તવાહ** નામનો **આત્રેય** પોતાનું નામ જોડી સ્તુતિ કરતાં જણાવે છે કે 'હે અગ્નિ મહારાજ, હું આત્રેય દ્વિતનો પુત્ર છું. તમને મૃક્ત–શુદ્ધ અને સિદ્ધ કરેલ હવિ આપવા આવ્યો છું માટે ઋત્વિજો મને **મૃક્તવાહ** કહે છે. હે અગ્નિ, તમારા પ્રકાશ નિત્ય પ્રજ્વલિત રહે એટલા માટે હું સોમરસની ધારા અને સ્તુતિની વાણી સદા તૈયાર રાખું છું.'

એ જ રીતે આત્રેય **વવ્રિ** પેતાની અવદશા દૂર કરવા અગ્નિની સ્તુતિ કરે છે. એ સાથે **પ્રયસ્વાન** નામના આત્રેય બંધુઓ–**સસ વિશ્વસામા** અને **વિશ્વચર્ષણી** તેમજ **વસૂયુ** આત્રેયો અગ્નિની સ્તુતિ કરીને પ્રકાશની સ્ફૂર્તિ અને ચેતના મેળવી લે છે : 'અમે બધા અત્રિઓ સ્તુતિ–સ્તોત્રા ભણીને પ્રકાશની વૃદ્ધિ કરીએ છીએ અને મધુરી વાણીથી અગ્નિને અલંકૃત કરીએ છીએ.'

અત્રિઓની સાથે અત્રિકુલની **વિશ્વવારા** કન્યા પણ વિશ્વનાં પાપ દૂર કરનારી વાણીનો પ્રયોગ કરી અગ્નિની સ્તુતિ કરતાં જણાવે છે :

'જ્યારે અગ્નિ સમિદ્ધ થાય છે ત્યારે અંતરિક્ષમાં રહેલા સૂર્યનાં તેજ વધે છે અને ઉષાનો વિસ્તાર થાય છે. નમસ્કારનાં વચનોથી ભરેલી વાણી અને ઘૃતથી ભરેલ ઘૃતાચી—આહુતિ વિશ્વવારા બનીને અગ્નિ પાસે જાય છે.

'હે અગ્નિ મહારાજ, અમારા કુલનાં ભાગ્ય વધે અને અમારા પતિ-પત્નીના સંબંધ મીઠા બને એટલા માટે સ્નેહની ઊષ્મા અમને મળતી રહો.'

આ ઋષિઓની સાથે આદરેલા મહાયાગમાં ભૌમ અત્રિ મોખરે છે. એમના યાગમાં અનેક રાજાઓ અને પ્રજાજનોના સાથ—સહકાર પણ મળી રહે છે. પુરુ અનુ દ્રુહ્યુ તુર્વશુ અને યદુ જેવી પાંચ જાતિ હિમાલયના તળેટીના પ્રદેશોમાં વસતી હતી. આ પંચજનોના પ્રતિનિધિ આ સાર્વભૌમ અત્રિ મહારાજ 'પાંચજન્ય' તરીકે પ્રસિદ્ધ થયા હતા. એમની તરફ રાજાઓ અને પ્રજાજનોને સમાન આદર હતો.

એમના એ વ્યાપક પ્રભાવને વશ થઈ દેવરાજ ઇંદ્રે એમની મૈત્રી સાધી હતી. જેવી અગ્નિ અને અત્રિમાં એકરૂપતા હતી તેવી જ ઇંદ્ર અને અત્રિમાં રાજા અને મહારાજાના પદની સમાનતા હતી. ઇંદ્ર દેવરાજ હતા તો અત્રિ ઋષિરાજ હતા.

ત્ર્યરુણ ત્રસદસ્યુ ભારત અશ્વમેધ ઋણંચય રૌશમ રથવીતિ તરંત પુરુમીઢ રાણી શશીયસી વગેરેએ અત્રિ મહારાજને અને અત્રિઓને ઉત્તમ પ્રકારનાં દાન આપ્યાં છે. એ દાનસ્તુતિઓ જોતાં ઋષિઓના અહોભાવ અને આભારનાં દર્શન થાય છે. જો કે મંત્રની દિવ્ય શક્તિ એમની પાસે હતી તોપણ સામાન્ય વ્યવહારમાં ઉપયોગી ધન—સાધન અને અન્નવસ્ત્રની સંપત્તિ સર્વજનો તરફથી અત્રિઓને મળે છે. આના બદલામાં અત્રિઓ દેવરાજ ઇંદ્ર અને મિત્રાવરુણની પાસેથી સ્વરાજ્યની સિદ્ધિ મેળવવાના પ્રયત્નમાં સાથ—સહકારની પ્રાર્થના કરે છે.

સંવત્સર સુધી ચાલતા મહાયાગમાં ઇંદ્રની સ્તુતિ કરવામાં આવી છે, તેની સાથે વિશ્વેદેવો મરુતો મિત્રાવરુણ અને અશ્વિનીકુમારો વગેરે દેવોની સ્તુતિઓ પણ છે. ભૌમ અત્રિની સાથે બીજા અત્રિઓની સ્તુતિઓ પણ સહજ ભાવ અને સરળ સ્નેહભાવથી સમૃદ્ધ છે. શક્તિગોત્રમાં ઉત્પન્ન ગૌરીવીતિ નામના ઋષિએ યાગની સ્તુતિનો પ્રારંભ કરતાં દેવરાજ ઇંદ્રનો મહિમા ગાયો છે: 'હે ઇંદ્ર, માનવે શરૂ કરેલા આ દેવયાગમાં ત્રણ તેજસ્વી પદાર્થોને મરુતો ધારણ કરે છે : એક તો ધરતીનો અગ્નિ, બીજો અંતરિક્ષનો વાયુ અને ત્રીજો આકાશનો સૂર્ય. એ ત્રણ

દેવોથી ત્રણ ધામ પ્રકાશી રહ્યાં છે. મરુતોનાં એ કાર્યોને ઇંદ્ર ધીરજપૂર્વક જોઈ રહ્યા છે. સાચે જ, ઋષિ અત્રિ એ જ અમારા તો ઇંદ્ર છે.'

બભ્રુ અવસ્યુ અને ગાતુ નામના ત્રણ અત્રિઓએ મહાયાગમાં હાજર રહેલા ઇંદ્રનાં વિવિધ પરાક્રમોનો મહિમા ગાયો હતો. પ્રાજાપત્ય સંવરણ અને આંગિરસ પ્રભુવસુ પણ એ મહાન યાગના ઋત્વિજો છે, જે મહાયાગ સર્વજનોનાં કલ્યાણ માટે આદરેલો છે. પ્રભુવસુ જણાવે છે કે 'હે દેવરાજ ઇંદ્ર, તમારાં રક્ષણ તો ચારે વર્ણ માટે છે અને પંચજનો માટે પણ છે. આ યાગમાં તમે અમારા બનીને આવો. અમારાં મધુરાં સ્તોત્ર તમારાં દિવ્ય સ્વરૂપોને અનુસરે.'

સવાર થતાં તો અગ્નિ વિશેષ પ્રજ્વલિત થાય છે. ઉષાનાં મધુરાં અને સૂર્યનાં ઝળહળતાં કિરણોનો સુયોગ સાધીને મહાયાગનાં સવનકાર્ય શરૂ થાય છે. રોજેરોજ સવન થતાં રહે એ મંગલદિન ગણાય અને યાગની શરૂઆત 'અમે દેવરાજ ઇંદ્ર માટે સોમના રસ તૈયાર કરીએ છીએ' એવાં મંગલ વચનોથી થાય.

દેવરાજ ઇંદ્રની હાજરીમાં **ભૌમ અત્રિ** મહાયાગની પ્રક્રિયા સમજાવતાં સૌ ઋત્વિજોના સાથ અને સહકારની પ્રશંસા કરે છે. સ્વર્ગના રથમાંથી યજ્ઞભૂમિ પર ઊતરી આવતા ઇંદ્રની સાથે ઇંદ્રાણીને જોતાં અત્રિ હર્ષઘેલા બની જણાવે છેઃ

'જુઓ, જુઓ, આ ઇંદ્રનાં ઇંદ્રાણી પતિના પગલે પગલે આપણા યાગમાં આવી પહોંચ્યાં છે. દેવરાજ એમને હાથ આપીને રથમાંથી ઉતારી રહ્યા છે. હવે આપણા યાગમાં કોઈ જાતની ઊણપ રહેશે નહિ. તમે ઇચ્છશો તેટલાં ધન–સાધન મળશે અને અન્નના ભંડાર ભરાશે.'

સાચે જ, જે રાજા–યજમાનના મહાયાગમાં આવીને ઇંદ્ર દહીંથી મિશ્રિત સોમરસનાં પાન કરે છે, તે યજમાન રાજાને કોઈ જાતની પીડા રહેતી નથી. એનાં પ્રજાજનોનાં યોગ અને ક્ષેમ સરળ રીતે ચાલ્યા કરે છે.

'ખરેખર, જેને સૂર્યનો સ્નેહ મેળવવો હોય અને અગ્નિની પ્રીતિ પ્રાપ્ત કરવી હોય તે યજમાને તો દેવરાજ ઇંદ્રને સોમરસનાં પાન કરાવવાં જોઈએ, કારણ કે ઇંદ્રે તો સૂર્યનાં સંકટ દૂર કર્યાં છે અને ઇંદ્રે જ અગ્નિને પ્રજ્વલિત રાખ્યો છે—માનો કે ઇંદ્ર જ સૂર્ય છે અને એ જ અગ્નિ છે.

'આ ચિત્રવિચિત્ર રૂપ ધારણ કરનાર હે દેવરાજ ઇંદ્ર, તમારે અમને જે કાંઈ આપવાનું હોય તે આપવામાં કાંઈ સંકોચ કરતા નહિ. જે જે ધન સાધન સંપત્તિ આપો તે તો બે બે હાથ ભરી ભરીને આપતા રહો. અમે તમારા આત્મીય જનો છીએ.'

સૂર્યગ્રહણથી મુક્ત થતાં અગ્નિ વિશેષ પ્રજ્વલિત થયા અને દેવો ભયથી મુક્ત થયા. એ બધા વિશ્વેદેવો પોતાનાં કાર્ય પૂરાં થતાં વિદાય લઈ રહ્યા હતા. તેમને વિશેષ પ્રકારની સ્તુતિઓ કરીને યજ્ઞમાં સોમરસનાં પાન કરાવ્યાં અને તેથી બધા જ દેવો વિશેષ પ્રસન્ન થયા.

**ભૌમ અત્રિએ** સાથ–સહકારની ભાવનાથી વિશ્વેદેવોની સ્તુતિ કરી છે. એમની સ્તુતિઓ સાથે કાશ્યપ અવત્સાર નામના ઋત્વિજે પણ સૌ દેવોની સ્તુતિઓ ગાઈ છે. એ સ્તુતિનાં સૂક્તોમાં ઋષિએ અવત્સાર વિશ્વવાર સદાપૃણ સુંભર વગેરે ઋષિઓનાં નામનો નિર્દેશ કરી મૈત્રીનો ભાવ બતાવ્યો છે. આ ઋષિમંડળીએ સરળતાથી જણાવ્યું છે કે 'હે વિશ્વેદેવો, અમને તો જેવું દેખાય છે તેવું જ અમે સ્તુતિની વાણીમાં ઉતારીએ છીએ. અમારે કાંઈ બીજા કહે તેનાં અનુકરણ કરવાનાં નથી. આ બધા દેવ અમારી અભિલાષાઓ પૂરી કરે છે.

'હે દેવો, સાચી વાત તો એ છે કે જે દેવો અમારે માટે જાગતા હશે તેમને અમારી ઋચાઓ ચાહે છે. એ જ રીતે જેઓ જાગે છે તેમને અમારાં સામગીત પહોંચી જાય છે. એ જ રીતે સોમરસથી ભરેલ આ પાત્રમાં સાક્ષાત્ સોમ નિવાસ કરે છે, તે સોમ પણ એમ જ જણાવે છે કે

'જે દેવ જાગે છે તેના હિતમાં મારા સોમરસ વપરાય છે.'

'તમારા બધા દેવોમાં અગ્નિ રાતદિવસ જાગતો રહે છે. તેને અમારી ઋચા ચાહે છે. અગ્નિ જાગે છે અને તેને અમારાં સામગીત પહોંચી જાય છે. એ રીતે સોમરસથી ભરેલા ગ્રહમાં રહેલ સોમરસ અગ્નિને જણાવે છે કે આ સોમરસ તમારે માટે તૈયાર છે, કારણ કે અગ્નિદેવ સદા જાગતા રહે છે.'

એ વિશ્વેદેવોની સ્તુતિ કરવામાં પ્રતિક્ષત્ર પ્રતિભાનુ અને પ્રતિપ્રભ જેવા સમાન શીલ–ભાવ–સ્વભાવના અત્રિઓ જોડાય છે તે સાથે **સ્વસ્તિ** આત્રેય પણ સર્વનાં કલ્યાણની ભાવના સેવી રહ્યા છે :

'અમારાં સ્વસ્તિ–કલ્યાણ કરો; અશ્વિનીકુમારો અને ભગદેવ, દેવી અદિતિ સ્વસ્તિ કરો. પૂષા અને દ્યાવાપૃથ્વી શોભતાં જ્ઞાનથી સ્વસ્તિ કરો. એ કલ્યાણ-સ્વસ્તિ માટે દેવ વાયુ અને સોમની સ્તુતિ કરીએ છીએ, જે સોમ તો સર્વે લોકોનાં જીવન છે. સર્વે દેવોના ગણપતિ–બૃહસ્પતિને અમે સ્વસ્તિ માટે કહીએ છીએ. એ ગુરુ તો અમારા દિવ્ય મંત્રોના રક્ષક છે. એ જ રીતે માતા અદિતિના બાર અરુણ વગેરે પુત્રો અમારાં સ્વસ્તિ માટે હો.' □

# ૨૧

# મંત્રદર્શન : જીવનની પરમ સિદ્ધિ

**અત્રિ** મહારાજ પરમ તપસ્વી હતા, મુનિ હતા, મંત્રદ્રષ્ટા હતા. એમણે મૂર્તિરૂપે મંત્રોને મેળવી લીધા હતા. એમનું જીવન મંત્રમય બન્યું હતું. એમણે ગુરુપદે મંત્રની પ્રતિષ્ઠા કરી હતી. એમના મનમાં અહોભાવ હતો.

'ગુરુની સેવા થાય, એમનાં પૂજન અર્ચન થાય, અને એમની પાસેથી જ્ઞાન લેવાય. જેમ ગુરુ પાસેથી સાધારણ કામ ન લેવાય તેમ જ મંત્ર મૂર્તિરૂપ બનીને દર્શન આપે તેનો ઉપયોગ સાધારણ કામના માટે તો ન જ થાય. એ મંત્ર તો વિશ્વનાં કલ્યાણ માટે, સર્વ જનના હિત માટે અને પરપીડા દૂર કરવા માટે છે.'

ઋષિની એ ઉદાર મતિ મંત્રની દિવ્યતામાં વધારો કરતી હતી. મંત્રોનાં આકર્ષણથી અનેક ઋષિઓ તપસ્વીઓ જ્ઞાનીઓ અભ્યાસીઓ અત્રિ મહારાજના ગુરુકુળમાં નિવાસ કરતા હતા.

જેણે યોગ વ્રત તપ અને સાધના કરી લીધાં તે તપસ્વી મંત્ર મેળવવા અધિકારી બનતો અને ગુરુ મહારાજ અત્રિ એને મંત્રનાં દાન કરતા હતા. જેમ અત્રિને મંત્રનાં દર્શન થતાં તેમ જ એ તપસ્વીને પણ મંત્રનાં દર્શન થતાં હતાં અને એ મંત્રદ્રષ્ટા ઋષિ બનતો હતો, એ પોતે અત્રિ બનતો હતો. ગુરુકુળમાં એ પ્રકારના અનેક અત્રિઓ મંત્રનાં દર્શન કરી જીવનને સફળ કરતા હતા.

**અર્ચનાના** અત્રિ મહારાજનો પુત્ર હતો, કુલનંદન હતો. એ પણ ઋષિ હતો અને અત્રિની જેમ જ એણે પણ દિવ્ય મંત્રનાં દર્શન કર્યાં હતાં. એનો પુત્ર **શ્યાવાશ્વ** દાદા અને પિતાની આંખ ઠારે તેવો તેજસ્વી બાલ હતો. ગુરુકુળની શીતલ છાયામાં એણે આગમ–નિગમની વિદ્યાઓ મેળવી લીધી હતી. એનું ભાવિ અત્યંત ઉજ્જ્વળ હતું.

સમી સાંઝે રાજા **રથવીતિ** આશ્રમને આંગણે આવીને ઊભો રહ્યો. કુલપતિ અત્રિમહારાજે એનાં સ્વાગત કર્યાં અને આવવાનું પ્રયોજન પૂછ્યું. રાજાએ નમ્રતાથી જણાવ્યું : 'ભગવન્, હિમાલયની ગોદમાં ગોમતી નદી વહે છે. તેને કિનારે રાજા દર્ભનો પ્રદેશ છે. રાજા દર્ભ, મારા પિતાજી તો રાજ્ય સોંપી વનમાં ચાલ્યા ગયા અને મેં રાજ્યનો અધિકાર લીધો છે. ધર્મ સમજી હું પ્રજાનાં પાલન કરું છું અને પિતાની સંપત્તિને પ્રજાનો નિધિ સમજી સાચવું છું. એ નિધિમાં વધારો થયો છે અને પ્રજાજનોની ભાવના છે કે વધારાની ધનસંપત્તિ યજ્ઞયાગમાં વપરાય તો સારું.'

'તારી ભાવના પવિત્ર છે, રાજન્! યજ્ઞયાગ કરવાથી સૌ જનોનાં કલ્યાણ થાય છે અને દૈવી સંપત્તિનો વધારો થાય છે. મારી તને શુભાશિષ છે.'

મહારાજ અત્રિએ રાજાની પ્રશંસા કરી. રાજાએ હાથ જોડી પ્રાર્થના કરી :

'ભગવન્, એ યાગમાં આપ પધારો અને પ્રજાજનોને શુભાશિષ આપો.'

અત્રિમહારાજે ઋષિ અર્ચનાનાને આજ્ઞા આપી. અત્રિ ઋષિ જેવા જ દિવ્ય તેજસ્વી એ પુરુષને જોઈ રાજાએ પ્રણામ કર્યા. એને અર્ચનાના અને અત્રિમાં કોઈ ભેદ દેખાયો નહિ. પોતાના પુત્ર શ્યાવાશ્વને સાથે લઈ ઋષિ રાજાની સાથે ગોમતી નદીના કિનારે પહોંચી ગયા.

કુશ અને દર્ભથી પવિત્ર થયેલ એ પ્રદેશ હતો; વડ પીપળ ઉંબરો ખાખરો વગેરે વૃક્ષોથી શીતળ બનેલી એ ભૂમિ હતી. પ્રજાનાં પંચજન ભેગાં થયાં. યજ્ઞ માટેના માંડવા–મંડપ રચાયા. પાંચ સંસ્કારોથી ભૂમિને પવિત્ર કરી યજ્ઞની વેદીઓ રચાઈ. મંત્રો ભણાવા લાગ્યા અને અરણિનાં મંથન થયાં. નવજાત કુમારની જેમ તેજસ્વી અગ્નિ પ્રગટ થયો. રાજા અને રાણીએ એ અગ્નિને સ્થાલીમાં ઉપાડી લીધો. કુમારને સંસ્કાર આપવામાં આવે તે જ રીતે અગ્નિકુમારને પણ પાંચ સંસ્કારો આપ્યા અને મહાવેદી પર સમિદ્ધ અગ્નિની પ્રતિષ્ઠા કરવામાં આવી. ઘીની આહુતિઓથી અગ્નિ વિશેષ પ્રજ્વલિત થયો. એ અગ્નિની સાક્ષીમાં સોમવેલ ખલદસ્તા પર પિસાવા માંડી. સોમરસ તૈયાર થયા અને દેવરાજ ઇંદ્રને અગ્નિની સાથે પધારવા પ્રાર્થના–સ્તુતિઓ ભણાવા લાગી.

રાજા અને રાણીએ યજ્ઞની દીક્ષા લીધી હતી. યજ્ઞના ઋત્વિજોની સાથે જ એ બંને યજ્ઞના કાર્યમાં રોકાયેલાં રહેતાં હતાં. રાજકુમારી યશસ્વતી સેવાનું કાર્ય સંભાળતી હતી. રાજસેવકોની જેમ જ એ ખડે પગે ઋત્વિજોની સેવા કરતી હતી.

એની સેવા અને પવિત્ર ભાવનાથી યજ્ઞના ઋત્વિજો વિશેષ પ્રસન્ન રહેતા હતા.

યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે રાજ્યભરનાં પંચજન એકઠાં થયાં હતાં. રાજાએ અને રાણીએ ઋષિ અર્ચનાના અને ઋત્વિજોને વિપુલ દાન દક્ષિણાઓ આપી દિવ્ય શુભાશિષો મેળવી લીધી હતી. સર્વે પ્રજાજનોના સાથ-સહકારથી એ મહાયાગને સારી સફળતા મળી હતી.

યજ્ઞનો સમારંભ નદીના પ્રદેશ પર રચાયો હતો. મુખ્ય રાજધાની થોડેક દૂર હતી. રાજાએ ઋષિને આદરભાવથી રાજભવનમાં પધારવા આમંત્રણ આપ્યું ને પિતાપુત્ર બંને રાજભવનમાં અતિથિ બન્યા. એમની સેવામાં કુમારી યશસ્વતી હાજર હતી. ઋષિના હૈયામાં એણે આદર જગાડ્યો હતો તો ઋષિકુમાર પણ એના તરફ આકર્ષાયો હતો. યજ્ઞના દિવ્ય વાતાવરણમાં તો લોકવ્યવહાર ઉચિત ન ગણાય એટલે પિતાપુત્રે મૌન સાચવ્યાં હતાં.

રાજભવનમાં નિવાસ કરતાં બંનેને હૈયે જાગેલી કામનાને ઉત્તેજન મળી ગયું. રાજા રથવીતિ રાજકારભારથી પરવારી અતિથિઓનાં દર્શન કરવા આવ્યો હતો. ઋષિ અર્ચનાના અને શ્યાવાશ્વ ઉપવનમાં નિત્યકર્મ કરવા ગયા હતા. ચપળ ઋષિકુમાર કર્મ આટોપી પાછો ફરી રહ્યો હતો. ત્યાં રાજભવનના દ્વારે જ રાજાની મુલાકાત થઈ. પરિચય વધતાં બંને વચ્ચે મૈત્રી જામી હતી. બંને વાર્તાલાપ પણ છૂટથી કરી લેતા હતા. ઉતાવળે પગલે ચાલતા ઋષિકુમારને રોકતાં રાજાએ જણાવ્યું: 'અરે, આમ ક્યાં ઉતાવળા ચાલ્યા ? પિતાજીને એકલા જ ઉપવનમાં છોડી આવ્યા ?'

'રાજન્, આ તો રાજભવન ગણાય. અહીં તો સાવચેતી રાખવી સારી. પિતાજીને તો ઉપવન ગમે. મને ભલા, તમારા રાજભવનનું આકર્ષણ ન જાગે ?'

'ઋષિકુમાર, રાજભવનનાં ધન-સાધન તો મામૂલી ગણાય. તમારી મંત્ર-સાધના આગળ તેનાં શું મૂલ્ય ? હાં, આપને કાંઈ તકલીફ તો નથીને ?' રાજાએ વિવેકથી પૂછ્યું.

'આ રાજભવનમાં તમે તકલીફની વાત કરો છો ? હા, તમારી આજ્ઞા હોય તો મારી એક કામના છે. આ રાજભવનમાં રહેવાને કારણે જ એ જાગી છે, પણ એ કહેતાં સંકોચ થાય છે.'

રાજા રથવીતિ કુશળ હતો. પિતાપુત્રને રાજભવનમાં અતિથિ તરીકે બોલાવવા પાછળ એનો એ ઉદ્દેશ હતો, પણ દિવ્ય મંત્રના વાતાવરણમાં જન્મેલા

અને ઉછરેલા ઋષિકુમારને સંસારના વ્યવહારથી દૂર રહેવું હોય તો માગણી નિષ્ફળ જાય એવો એના મનને ભય હતો. ઋષિકુમારના મનોભાવ સમજતાં એને વાર લાગી નહિ. એણે વિનયથી જણાવ્યું :

'તમે તો હવે અમારા ગણાઓ; બોલો, શું કામના છે ?'

'રાજન્, તમારી રાજકન્યાએ મારું મન જીતી લીધું છે. આપને જો ઉચિત લાગતું હોય તો મારી આ કામના પૂરી કરો.'

રાજા એનો ઉત્તર આપે ત્યાં તો ઋષિ અર્ચનાના આવી પહોંચ્યા. બંનેને ત્યાં એકાંતમાં વાર્તાલાપ કરતા જોઈ એમના હૃદયને વિશેષ આનંદ થયો. એમણે પૂછી લીધું : 'અહો, કાંઈ રહસ્યમય મંત્રણાઓમાં બંને ડૂબી ગયા છો શું ?'

'ભગવન્, આ ઋષિકુમારને રાજભવનનું આકર્ષણ જાગ્યું છે. એમણે મારી પાસે એક કામના મૂકી છે; તમને જણાવું ?' રાજાએ વાત ઉકેલતાં જણાવ્યું.

'રાજન્, હું એની કામના જાણું છું. આપણો સંબંધ વિશેષ ગાઢ બને એવી ભાવના તો મારે હૈયે પણ જાગી છે. આપને શું લાગે છે ?'

'ભગવન્, આપની કામના ઉચિત જ હોય, પરંતુ આ બાબતમાં મારે રાણીની સંમતિ લેવી પડે.'

રાજાએ વિદાય લીધી અને એ પિતાપુત્ર રાત્રિની શીતળ છાયામાં પોઢી ગયા.

રાજા રથવીતિ કુશળ હતો તો રાણી વિશેષ ચતુર હતી. મહાયાગ પૂરો થયા પછી ઋત્વિજો વિદાય લે એ સામાન્ય નિયમ હતો. ઋષિ અને ઋષિકુમાર રાજ-ભવનના અતિથિ બન્યા હતા અને રાજકુમારીએ એમની સેવા ઉલ્લાસમાં આવીને કરી હતી; એનું રહસ્ય સમજતાં રાણીને વાર લાગી નહિ. રાજકુમારીની પસંદગી બધી રીતે યોગ્ય હતી, પરંતુ રાણી યોગ્ય સમયની રાહ જોઈ રહી હતી. રાજાએ એમની કામના રજૂ કરી ત્યારે રાણીએ એક મહત્ત્વની વાત રજૂ કરી. એણે જણાવ્યું કે

'રાજન્, એ ઋષિકુમાર બધી રીતે યોગ્ય છે, પણ એનામાં એક ઊણપ છે. એ વિદ્વાન છે, ગુણિયલ છે, ઉદારચરિત છે, પણ એ ઋષિ નથી; એને હજી મંત્રનાં દર્શન થયાં નથી.'

'રાણી, એ ઋષિકુમાર તો છે ને ? એના પિતા અને પરમપિતા ઋષિ છે; પરંપરાએ એ પણ ઋષિ ગણાય ને ?' રાજાએ તો મનમાં સમાધાન કરી લીધાં,

ત્યાં રાણીએ જણાવ્યું : 'ના, રાજન્, વારસામાં ધન–સાધન મળી રહે છે, પણ વિદ્યા અને સંસ્કાર તો અંદરથી જાગે છે. પિતા ભોજન કરે તે કાંઈ પુત્રના પેટમાં ન આવે. તમે રાજર્ષિ છો, મારા પિતા રાજર્ષિ છે. મારી કન્યા રાજર્ષિને ન આપો એ તો સમજી શકાય, પણ એ ઋષિને આપો એટલી ભાવના તો હોય ને ? એ ભલે રાજમાતા ન બને, વેદમાતા બને તો એનું જીવન મંગળમય થાય. કયાં માતાપિતા આ ભાવના ન સેવે ? સાચું પૂછો તો મંત્રદર્શન એ જ જીવનની પરમસિદ્ધિ છે.'

રથવીતિએ રાણીની વાત માન્ય રાખી. એણે પિતાપુત્રને ઘણાં જ માનપાન આપીને આદરભાવ બતાવ્યો, પણ એ ઋષિકુમારની કામના પૂરી કરી શકયો નહિ. અર્ચનાના ઋષિએ એ બાબતનો ખુલાસો પૂછયો ત્યારે રાજાએ નમ્રતાથી જણાવ્યું કે 'ભગવન્, મારા કરતાં રાણીની સૂઝ આ વિશે સ્પષ્ટ છે. આપ ઋષિ છો અને આપના પિતા પણ ઋષિ છે, પરંતુ આપનો પુત્ર ઋષિ નથી. જેણે મંત્રદર્શન કર્યાં ન હોય, તેનું જીવન શા કામનું ?'

ઋષિ કાંઈ બોલી શકયા નહિ. રાણીની વાત એને પૂરેપૂરી માન્ય હતી. હા, એના પુત્રે બધી વિદ્યાઓ મેળવી હતી, પણ મંત્રનાં દિવ્ય દર્શન થવાં એ માટે ભાગ્ય જાગવાં જોઈએ. ઋષિએ કોઈ ઉત્તર આપ્યો નહિ.

ઋષિકુમારને એ વાતની ખબર પડી. એને તો રાજભવનમાં રહેવું જ આકરું થઈ પડયું. એ ત્રીજી રાત જેમ તેમ પસાર કરી અને સવાર થતાં તો પિતાપુત્રે રાજભવનની વિદાય લીધી. રાજાએ આપેલાં વિપુલ દાન સંપત્તિ લઈને અર્ચનાના અત્રિમહારાજના આશ્રમમાં આવી પહોંચ્યા. શ્યાવાશ્વના મનની કામના એમણે જાણી લીધી. એમણે ઋષિકુમારને બોલાવી જણાવ્યું :

'બેટા, આ ગુરુકુળમાં જે કોઈ અધિકારી આવ્યો તેને મારા સંગના પ્રભાવથી મંત્રનાં દર્શન થયાં છે. તારા પિતાએ પોતાના પુરુષાર્થથી મંત્રનાં દર્શન કર્યાં છે. વારસાના અધિકારે ધન–સાધન મળે છે, પણ મંત્રનાં દર્શન એકલા અધિકારે મળતાં નથી.

'જેને હૈયે મંત્ર જાગ્યા તેનું જીવન સફળ બની ગયું. તું એકાન્તસેવન કર, વ્રત અને નિયમનાં પાલન કરી તપ શરૂ કર. મારી તને શુભાશિષ છે. મંત્ર એ તો સાક્ષાત્ ગુરુ છે; એની કૃપા તારી પર ઊતરે અને તું ઋષિ બને એ મારી શુભાશિષ છે.'

સાચે જ, અત્રિ મહારાજ પારસમણિ જેવા હતા. એમનો પ્રભાવ અનેરો હતો. એ પ્રભાવ જેણે જોયો ને જાણ્યો તે તો ઋષિ બની ગયા, પરંતુ અત્યંત નિકટ રહેવા છતાં શ્યાવાશ્વ ઋષિ બન્યો નહોતો. કપડે વીંટેલ પારસમણિનો સ્પર્શ કશા કામમાં આવે નહિ, તેમ જ સ્નેહભાવે પિતાના મંત્ર પુત્રને હૈયે જાગ્યા નહોતા. એ પુત્રે પુરુષાર્થ કરીને મંત્રોનાં દર્શન કર્યાં હતાં, એના પુત્રે પણ એ જ રીતે મંત્રદર્શન માટેનો માર્ગ સ્વીકારવાનો હતો.

ઋષિકુમાર શ્યાવાશ્વે અત્રિમહારાજનું ગુરુકુળ છોડી હિમાલયની કોઈક એકાંત ગુફા પસંદ કરી લીધી. જીવનનો સરળ ઋજુ માર્ગ છોડી એણે ઉગ્ર તપનો માર્ગ પકડી લીધો હતો. વ્રત અને નિયમ પાળીને એણે કાયા ગાળી નાખી ને ત્યાં નવા પ્રાણનો સંચાર થયો.

એ રમણીય પ્રભાત હતું : નવલી ઉષા ઉગતી હતી. ઊંચી શિખરમાળા પર ઋષિકુમાર એકલો ઊભો હતો. રાત્રિના અંધકાર દૂર થાય તેમ જ એના અંતઃકરણનાં અજ્ઞાન દૂર થતાં હતાં. ત્યાં નવી ઊષ્મા અને અવનવી સ્ફૂર્તિ જાગતી હતી. બહારના અને અંદરના ભેદ દૂર થતા હતા ને એ અભેદની ભૂમિ પર એને નવલાં દર્શન થઈ રહ્યાં હતાં. આકાશમાંથી ઊતરી આવતી એ દિવ્ય મૂર્તિઓને જોતાં એ ઋષિકુમાર મંત્રમુગ્ધ બન્યો હતો અને એને હૈયે પ્રશ્નો જાગતા હતા :

'અહો, હે પરોપકારી મૂર્તિઓ, તમે અત્યંત શ્રેષ્ઠ જણાઓ છો. તમારો પરિચય મને કરાવશો કે? તમે એક એક કરીને ઉપરથી ઉતરી આવો છો તે, ભલા, ઘણે દૂર દૂરથી તમે આવતા હો એમ મને લાગે છે.

'અરે, આમ એકલા જ ઊતરી રહ્યા છો ત્યારે તમારા ઘોડા ક્યાં અને ઘોડાઓની લગામો ક્યાં? ઘોડા પર પર્યાણ (જીન) લગાવીને તમે ઘોડેસવાર બનીને પ્રયાણ કરો છો ને ઘોડાઓને નાથો છો, પણ અત્યારે એવું કશું જ દેખાતું નથી. તમે શીઘ્ર ગતિએ આ બાજુ આવી રહ્યા છો.

'શું, તમે જેટલી જલદી આવ્યા તેટલી જ જલદીથી ચાલ્યા જવા માગો છો? તમારા હાથમાં આ ચાબૂક ચમકી રહી છે ને ઘોડાની લગામ તાણી રાખેલી છે. ભલા, મને તમારાં નામ રૂપ જણાવો. તમારાં જન્મ સર્વનાં હિત માટે છે ને તમારાં રૂપ ઊગતા સૂર્ય અને તપેલા અગ્નિ જેવાં લાલ લાલ છે એ પરથી તમારો પરિચય થઈ શકે એમ છે.'

શ્યાવાશ્વ એમને ઓળખે તે પહેલાં એ દિવ્યમૂર્તિઓ અદશ્ય થઈ રહી હતી.

સાત સાતની હારમાં ગોઠવાયેલી, રૂપ અને આકારમાં એકસરખી દેખાતી અને સરખી વેશભૂષા ધારણ કરતી એ મૂર્તિઓ વીજળીના વેગે પસાર થઈ રહી હતી. એમને ઓળખતાં થોડીવાર લાગે, પરંતુ વીજળીના ચમકારની જેમ અંતરનાં દિવ્ય દ્વાર ખૂલી ગયાં અને એણે જાણી લીધું કે

'ઓહો, આ તો સાત સાત મરુતો હતા. એમની માતા રોદસી અને પિતા રુદ્ર ભગવાન. મારાં હિત સાધવા માટે આ આવ્યા હતા, પરંતુ એ આમ અચાનક ચાલ્યા ગયા ?' ઋષિકુમાર હર્ષનાં રોમાંચ અનુભવી રહ્યો હતો; એને જાણે કે મંત્રનાં હાજરાહજૂર દર્શન થઈ રહ્યાં હતાં.

પેલી એકાંત ગુફામાં એ પાછો ફર્યો, પણ ત્યાં એને ચેન પડતું નહોતું. એને જાણે કે તપ સફળ થયેલાં લાગતાં હતાં અને એ દિવ્ય દર્શનનો અનુભવ રજૂ કરવા એ ગુફા છોડી ચાલી નીકળ્યો. મરુતોના જેટલા જ શીઘ્ર વેગે એનાં ચરણ ઊપડી રહ્યાં હતાં.

એણે ક્યાં જવું એનો નિર્ણય એ કરી શકતો નહોતો. એક બાજુ પિતાને અને પરમ પિતાને એ દિવ્ય ભાવની વાત રજૂ કરવાની તમન્ના હતી તો બીજી બાજુ રાજા રથવીતિની રાજકન્યા એને આકર્ષી રહી હતી. સાચે જ હર્ષના વેગીલા ઘોડાઓને કોઈક લગામ પકડીને રોકી રાખતું હોય એવું બન્યું હતું.

ત્યાં અધમાર્ગે એક રથ મળી ગયો. એમાં રાજા **તરંત** અને રાણી **શશીયસી** બેઠાં હતાં. બંનેએ નીચે ઊતરી એ તપસ્વીને પ્રણામ કર્યા. રાજાએ એમને હાથ જોડી રથમાં બેસાડ્યા અને પાસેની રાજધાનીમાં એ જઈ પહોંચ્યાં. રાણી શશી-યસી ખૂબ જ ચતુર હતી. એણે રાજાને જણાવ્યું કે 'આ તપસ્વી ઋષિકુમાર અત્રિકુલના અર્ચનાના પુત્ર છે. એમને મરુતોનાં દર્શન થયાં છે અને એમને હૈયે મંત્રો જાગ્યા છે. આપણે એમનાં પૂજન કરીએ.'

રાજા અને રાણીએ એ ઋષિનાં ભાવથી પૂજન કર્યાં. અને એમને દાનમાં ઘણાં ધન-સાધન આપ્યાં. રાણીએ એ ઋષિને પ્રસન્ન કર્યા. પાસેના રાજ્યમાં રાજાના નાના ભાઈ **પુરુમીઢ** હતા તેમની પાસે એ ઋષિને એણે મોકલી આપ્યા. એમણે પણ ખૂબ જ આદરસંમાનથી ઋષિનાં પૂજન કર્યાં અને એમને સારાં ધન-સાધન આપ્યાં.

એ ઋષિ સવારના નીકળ્યા હતા ને સાંઝે તો પુરુમીઢની રાજધાનીમાં આવી પહોંચ્યા હતા. રાજાના પ્રેમને વશ થઈ ઋષિ રાત્રિ રોકાયા, પરંતુ એમનું મન

દોડી રહ્યું હતું. કોની પાસે પહેલા પહોંચવું એનો નિર્ણય એ કરી શકયા નહોતા. એક બાજુ પિતા હતા તો બીજી બાજુ રાજકન્યા હતી. મનના ચકરાવે એ ચડી રહ્યા હતા ને કોઈક દિવ્ય સૃષ્ટિમાં—સ્વપ્નની ભૂમિમાં એ પહોંચી ગયા હતા.

'હા, એ **શ્યાવાશ્વ** દિવ્ય પાંખે ઊડી રહ્યો હતો. એક બાજુ **સુદુધા ગોમતી**-ને તીરે **અત્રિ** મહારાજનું ગુરુકુળ હતું તો બીજી બાજુ રાજા રથવીતિનું રાજ-ભવન હતું. એ પોતે બંને માર્ગોની વચમાં સ્થિર પાંખે ઊભો હતો. 'કયાં જવું' એ વિચાર ઘોળાયા જ કરતો હતો.

ત્યાં એક દિવ્યમૂર્તિ એની આંખ સામે આવીને ઊભી રહી. એનો દેહ ચમકતો હતો, પણ એણે આખા શરીરે કાળો અંચળો ઓઢયો હતો તેથી એને ઓળખતાં વાર લાગી નહિ :

'ઓહો, તમે રાતરાણી ! મેં તમને ઓળખી લીધાં. ભલા મારા હૈયાની ગૂંચ ઉકેલવા તમે નથી આવ્યાં ને ? જુઓ તમે અમારી ઊર્મિનાં અને વેદનાનાં રક્ષણ કરનારાં છો : મારા હૈયાના ભાવને તમે જાણો જ છો ને.'

'યુવા! ઋષિ, તમારી ઊર્મિઓ જાણીને હું આવી છું. પેલી રાજકન્યાની વેદના પણ હું જાણું છું. હા, રાજમાતાને ખાતરી થાય કે તમે ઋષિ છો તે પછી એની સંમતિ મળી જ જાય ને ? પણ, ભલા, તમે જાતે જઈને એને જણાવશો ?'

'સાચે જ, દેવી તમે મારું હૃદય વાંચી લીધું છે. હું જાતે ના જાઉં તો મારો આ સંદેશો કોણ પહોંચાડશે, ભલા ?'

'એ સંદેશો હું પહોંચાડીશ. હું રાત્રિ અને દેવદૂતી. મારાં કાર્ય વિખૂટાં પડેલાં હૃદયોને એકઠાં કરવાનાં. આ ઘડીએ જ હું પહોંચું છું.'

ત્યાં દશ્ય બદલાઈ ગયું. રાજભવનમાં રાત્રિદેવી પહોંચી ગયાં ત્યારે રાજા રથવીતિ સૂતો હતો. એની પાસે પહોંચીને રાત્રિએ મધુર સ્વરે જણાવ્યું :

'રાજન્, રાજન્, ઋષિકુમાર શ્યાવાશ્વને મંત્રદર્શન થયાં. એ હવે ઋષિ બન્યા છે.' એ અવાજ સાંભળી રાજા જાગ્યો; એને કાંઈ દેખાતું નહોતું. આશ્ચર્ય પામીને એ પૂછવા લાગ્યો :

'કોણ છે એ ? કે પછી મારા મનની ઝંખના જ છે ! ભલા, શ્યાવાશ્વ ઋષિ થાય, તો અમારી કામના પૂરી થાય. એ કોણ હશે ?'

'એ તો હું રાજન્, રાત્રિની દેવી. મેં કાળો અંચળો ઓઢ્યો છે; પણ મારું કાર્ય તો સંદેશો પહોંચાડવાનું. શ્યાવાશ્વ ઋષિનો સંદેશો લઈને હું આવી છું.'

અને વીજળીના ઝબકારાની જેમ એ રાત્રિ ઊડી ગઈ. રાજાને ઊંઘ તો આવી જ નહિ. એનું હૈયું હરખઘેલું બન્યું હતું, તેણે રાણીને જગાડી અને રાત્રિ દેવીનો સંદેશો જણાવ્યો. સવાર થતાં, રાજા, રાણી અને રાજકન્યા રથ જોડી અત્રિ મહારાજના આશ્રમે જવા વિદાય થયાં.

આ બાજુ શ્યાવાશ્વના હૃદયને શાંતિ થઈ હતી. તેણે આશ્રમનો રાહ પકડ્યો. તેને પિતા અને પરમપિતાની જેમ જ મંત્રનાં દર્શન થયાં હતાં. અત્રિ મહારાજને હૈયે આનંદનો દિવ્ય ઉલ્લાસ હતો. અત્રિઓએ તે નવા ઋષિને વિશેષ આદર સંમાન આપ્યાં. અત્રિ મહારાજના ચરણમાં ઢળીને એણે દિવ્ય આશિષ મેળવી લીધી. પિતા અર્ચનાના પુત્રને ભેટી પડયા. તેમના હૃદયની ચિંતા દૂર થઈ હતી.

આશ્રમને આંગણે રાજાનો રથ આવી પહોંચ્યો. રાજા રાણી અને રાજકન્યાએ અત્રિમહારાજને પ્રણામ કર્યાં. અર્ચનાના ઋષિએ એમનાં સારી રીતે સ્વાગત કર્યાં. ભોજન અને આરામ લીધા બાદ રાજાએ જણાવ્યું કે 'ઋષિવર, આપ પોતે ઋષિ છો અને આપના પિતા પણ ઋષિ છે. આજે અમને વિશેષ આનંદ થયો છે કે આપ ઋષિના પિતા છો.'

પોતાના પતિની પ્રાર્થનામાં ઉમેરો કરતાં રાણીએ જણાવ્યું કે

'ભગવન્, મારા પિતા રાજર્ષિ હતા અને મારા પતિ રાજર્ષિ છે. આપણા આ સંબંધથી તો એક મહર્ષિ અને રાજર્ષિનો સુયોગ થશે. મારી આ રાજકન્યા એક ઋષિની પત્ની બને અને એ વેદમાતા બને એ ભાવનાને આપ સફળ કરો.'

અર્ચનાના ઋષિએ એ પ્રાર્થના વધાવી લીધી. આશ્રમના પવિત્ર વાતાવરણમાં દિવ્ય મંત્રોનાં મંગળ ગાન ગવાવા લાગ્યાં ને રાજકન્યા અને ઋષિકુમાર નવલાં વરવધૂ બનીને અગ્નિની પ્રદક્ષિણા કરી રહ્યાં. એ સાથે અગ્નિસ્વરૂપ અત્રિમહારાજનાં દિવ્ય સ્તુતિ વચનો સાથેની શુભાશિષ પણ એ નવદંપતીને મળી હતી કે જેથી એમનાં જીવન દિવ્ય બને.

શ્યાવાશ્વ ઋષિને હૈયે દિવ્ય સૂક્ત જાગ્યું હતું. એની શરૂઆતમાં મરુતોનાં દિવ્ય દર્શનની ઝંખના છે, બીજા ભાગમાં રાજા તરંત અને રાણી શશીયસીએ આપેલાં દાનોની સ્તુતિ કરી છે અને ત્રીજામાં દેવદૂતી રાત્રિએ પાઠવેલ સંદેશાની નોંધ છે. તરંત રાજાની રાણીના કાર્યની પ્રશંસા કરતાં ઋષિ જણાવે છે :

'એ રાણીએ મને ઘોડા ગાયો અને વીરજનોની સેનાનાં દાન કર્યાં હતાં. એ રાણીને હૈયે પતિ વિશે અનેરો ભાવ હતો તેથી એની પ્રતિષ્ઠામાં વધારો થાય તેવાં કાર્ય એ કરતી હતી. આ રાણી શશીયસી ભલે સ્ત્રી હોય, પરંતુ એ પુરુષથી પણ ચડી જાય તેવા ઉત્તમ ગુણ ધરાવે છે. પુરુષોમાં કેટલાક એવા નાસ્તિક જન હોય છે, જેમને પરોપકારનાં કાર્ય કરવાં ગમતાં નથી અને કેટલાક એવા કંજૂસ હોય છે કે એમને દાન આપવાની વાત પણ ગમતી નથી.

'આ રાણી બીજાઓના હૃદયની વાત જાણી લે છે. બીજાઓની ધનકામના પૂરવામાં એ સદા તૈયાર રહે છે. એ રીતે ઉદાર કર્મો કરીને એ રાણી બીજાનાં મનને પણ દિવ્ય કર્મ કરવાની પ્રેરણા આપે છે.

'મારે કહેવું જોઈએ કે રાણીનાં આપેલાં દાનોની સ્તુતિ કરીને મેં એ ઉદાર-ચરિત ગુણિયલ રાજાની જ પ્રશંસા કરી છે, કારણ કે એ રાજા રાણીના એક અંગરૂપે જ છે ને ? કદાચ એમના ગુણ ગાવામાં હું કાંઈ કસર કરું એમ મને લાગે છે. દાનવીરોની ગણનામાં એ તો સૌની મોખરે છે.

'હું શ્યાવાશ્વ બુદ્ધિશાળી છું અને મારાં યશ–કીર્તિ વધ્યા કરે એ બાબતનું અનુમોદન કરતાં એ રાણી શશીયસીએ મને બે ઘોડા જોડેલા રથમાં બેસાડ્યો હતો. એટલું જ નહિ, તરંત રાજાના ભાઈ પુરુમીઢ જ્યાં રહેતા હતા ત્યાં મને મોકલી આપ્યો હતો. એ માર્ગ મને રાણીએ બતાવ્યો હતો.

'વિદદશ્વિ રાજર્ષિના પુત્ર એ પુરુમીઢે મોટા ભાઈ તરંતની જેમ જ મારો ખૂબ આદરસત્કાર કર્યો હતો. સાચે જ, મેં દિવ્ય સ્તુતિઓથી મરુતોનાં દર્શન કર્યાં હતાં. જે મરુત દેવો પ્રકાશતા સૂર્યની જેમ આકાશમાં ચમકતા રહીને મધુર ગીત ગાય છે, તે પોતાની સ્તુતિ કરનાર ભક્તજનોને કદી નિરાશ કરતા નથી.'

રાણીનાં કાર્યોની પ્રશંસા કરતાં એ મરુતોની યાદ જગાડે છે. સૂક્તના અંતમાં ઋષિ દેવી રાત્રિને દૂતીકાર્ય સોંપતાં જણાવે છે :

'મારા હૃદયની ઊર્મિ જાણનારી ઓ રાત્રી દેવી મેં મરુતોની સ્તુતિ એક મંત્રદ્રષ્ટા ઋષિ તરીકે કરી છે એ વાત તું દર્ભના પુત્ર રાજા રથવીતિને જણાવ. જેવી રીતે રથને હાંકનાર પોતાને મનગમતી ચીજ પહોંચાડે છે તેમ જ તું મારી મનગમતી વાત રાજાને પહોંચાડ.'

'જ્યારે રથવીતિ રાજા સોમયાગ કરીને પ્રસન્નતાથી બેઠો હોય ત્યારે તું મારી

વાત એને જણાવજે. એની આગળ મેં રાજકન્યાની કામના કરી હતી એ વાતને એ વીસરી ગયો હોય તો એને યાદ કરાવજે.'

રાત્રિની પ્રેરણાથી રાજાએ આશ્રમમાં આવીને શ્યાવાશ્વ ઋષિને રાજકન્યા આપી અને વિદાય લીધી એ બાબતને પણ ઋચામાં જોડી દીધી છે :

'રાજા રથવીતી ધન-સાધનની સાથે રાજકન્યાને આપી ગયો. હિમાલયથી વહેતી ગોમતીને કિનારે એ પાછો ફર્યો અને જાણે કે જીવનની પરમ સફળતા મેળવી હોય એ રીતે હિમાલયના પ્રદેશમાં એ નિવાસ કરવા લાગ્યો.'

આ રીતે એક જ સૂક્તમાં પોતાના જીવનનો આખો પ્રસંગ વર્ણીને એ ઋષિએ મંત્રદર્શનની ભાવના વ્યક્ત કરી છે.

□

# ૨૨

# એ બંધનમાંથી કેમ છુટાય ?

એ હતા **સપ્તવધ્રિ** ઋષિ. **અત્રિ** જેવા જ એ મંત્રદ્રષ્ટા હતા અને અત્રિ જેવી જ માનપ્રતિષ્ઠા એમને વરેલાં હતાં. વ્યક્તિ વ્યક્તિમાં ફેર હોય તેમ જ અત્રિમાં ફેર જણાતો હતો. આ અત્રિને મોટું કુટુંબ હતું અને એટલો જ મોટો શિષ્ય પરિવાર હતો, પણ એનો પોતાનો ગણાય તેવો એક પુત્ર એને નહોતો. ઋષિને હૈયે વિશાળ વસુધાનાં સૌ બાળજનો પુત્રો જેવાં હતાં, પરંતુ ઋષિપત્નીને તો ખોળાનો ખૂંદનાર અને આંગણામાં ખેલનાર પુત્ર જોઈએ એનું શું ?

પોતાના પતિની સેવા કરી એમનું મન જીતી લેવા એ ઋષિપત્ની સદા આતુર રહેતાં હતાં, પરંતુ શિષ્યમંડળી અને પરિવારથી વીંટાયેલ અત્રિ ઋષિ એકલા પડે તો હૈયાની વાત ઉકેલાય ને ? 'ગુરુદેવથી ગુરુમાતાને દૂર રાખવામાં કલ્યાણ રહેલું છે' એ વાત તો એકએક શિષ્ય અને સંબંધીજન જાણતા હતા.

ઋષિપત્નીની વેદના વધી રહી હતી. વિશાળ પરિવારમાં રહેવા છતાં એને એકલવાસનો કપરો અનુભવ થતો હતો એની, ભલા, અત્રિને ક્યાંથી ખબર પડે ? એ તો નવાં નવાં કાર્ય ઉપાડતા અને કેટલીય ગૂંચો ઉકેલતા હતા, પરંતુ પોતાનું જીવન ગૂંચવાતું જાય છે એની ખબર એમને ક્યાંથી પડે ?

એક દિવસ અચાનક એ ઋષિની નજર પોતાની પત્ની પર પડી. સાવ સુકલકડી એની કાયા હતી; જાણે કે વેદનાની મૂર્તિ જોઈ લો. એકલવાસમાં તપસ્વિની કાયા ગાળે એવી એની દશા હતી. વર્ષોજૂની વેદના એના હૈયે જાગી હતી.

ઋષિને હૈયે દયાનો સંચાર થયો : એમણે પત્નીની વેદના જાણી લીધી અને એનો ઉપાય વિચારી લીધો, ત્યાં તો શિષ્યો અને સ્નેહીજનો ભેગા થઈ ગયા ને અત્રિને ત્યાંથી ઉપાડી ગયા. પરોપકારનાં કાર્ય કરવામાં ઋષિને એક અનેરો આનંદ આવતો હતો ને કાર્યમાં ડૂબાડૂબ રહેવાનો એમને એક અભ્યાસ હતો. આવી દશામાં ઋષિપત્ની શું કરે ?

એકલવાસમાં ઝૂરતી એ પત્નીની દશા ઋષિએ જોઈ લીધી અને એને દૂર કરવાનો ઉપાય એમણે વિચારી લીધો હતો, પરંતુ ઋષિનો એ ઉપાય કોઈ કામમાં આવતો નહિ. સૌ સ્નેહીજનો અને શિષ્યોએ એમને એકલા રાખવામાં જોખમ જોયું હતું અને તેથી એમની ચારે બાજુ એ મંડળ વીંટાયેલું રહેતું હતું.

ઋષિને ધીરે ધીરે એ વાતનો અનુભવ થવા લાગ્યો. જાણે કે પોતે નજર-કેદી છે અને આ બધા સ્નેહીજનો એમને બંધનમાં ફસાવી રહ્યા છે. બીજાં બંધન ગમે તેટલાં સખ્ત હોય, એઓને તોડીફોડીને દૂર કરાય, પણ આ તો સ્નેહનાં બંધન ! પરોપકારનાં કાર્યોને જેણે પોતાની ફરજ માની હોય તેને, ભલા, વાત-ચીત કરવાનો ને આનંદવિનોદ કરવાનો અવસર ક્યાંથી મળે ?

ઋષિ પોતાની એ લાચાર દશાથી મૂંઝાવા લાગ્યા. સ્નેહનાં બંધન એમને કપરાં લાગ્યાં, પણ એઓ પૂરેપૂરા પરાધીન બન્યા હતા. એમાંથી હવે છૂટવું શી રીતે? ભલા, પેટીમાં પુરાયા હોઈએ તો કોઈક આવીને છોડાવે, પણ આ મંડળીના બંધનમાંથી કોણ છોડાવે ? એમને પોતાના ઇષ્ટદેવ અશ્વિનીકુમાર યાદ આવ્યા. એમણે અનેકને બંધનમાંથી છોડાવ્યા હતા. એ ઘટનાઓ ઋષિને યાદ આવવા લાગી :

'હા, પૂર્વ કાલના એ તો **અત્રિ** મહારાજ. દૂર જંગલમાં એ તપશ્ચર્યા કરતા હતા. એમણે દેવોનાં અનેક કાર્ય કર્યાં હતાં અને એ જ કારણે એઓ અસુરોના શત્રુ બન્યા હતા. અસુરોએ એમને એકલા અસહાય જોયા અને એમને બાંધી પાસે જ અગ્નિથી ધધકતો કુંડ હતો તેમાં ફેંકી દીધા. એ ઋષિએ અશ્વિની-કુમારોની સ્તુતિ કરી અને એમણે એમને ઉગારી લીધા.

'**સપ્ત્રિ** નામના એ બીજા અત્રિ હતા. અશ્વમેધ રાજાને પુત્ર નહિ. એમણે એ ઋષિને બોલાવ્યા અને પુત્રકામના સિદ્ધ કરવા માટે યજ્ઞ કરાવ્યો. તેથી કોઈ કામના સફળ થઈ નહી, તેથી ઋષિએ બીજો યજ્ઞ કર્યો, પણ એ ય નિષ્ફળ ગયો. રાજા એમને વારંવાર આગ્રહ કરવા લાગ્યો. ઋષિ લાચાર બનતા જતા હતા ને એમની સંકલ્પની સિદ્ધિ નબળી પડતી જતી હતી.

'ના રાજન્, હવે હું યજ્ઞ નહિ કરુ'' એવું કહેવાની સાહસ શક્તિ એ ઋષિ ગુમાવી બેઠા હતા. સાત સાત વખત યજ્ઞ કર્યા ને બધા નિષ્ફળ ગયા. રાજાએ ક્રોધમાં આવી ઋષિને બાંધ્યા અને જંગલના મોટા એક ખાડામાં એમને નાંખી દીધા.

'ત્યાં એ ઋષિએ અશ્વિનીકુમારોની સ્તુતિ કરી. એ દેવોએ ઋષિને ઊંડા

ગર્તમાંથી ઉગારી લીધા અને એમની પ્રાર્થનાથી રાજાની કામના પણ સફળ થઈ.'

**સપ્તવધ્રિ** ઋષિએ પોતાને નજરકેદમાંથી છોડાવવા પ્રાર્થના કરી ને એ અશ્વિનીકુમારોએ એમને સ્નેહનાં કપરાં બંધનોમાંથી મુક્ત કર્યા. આશ્રમથી દૂર નાનીશી પર્ણકુટીમાં સપ્તવધ્રિએ પોતાની ધર્મપત્નીની સાથે નિવાસ કર્યો. એ દેવોની કૃપાથી ઋષિપત્નીના મનોરથ પૂરા થયા. પૂરા માસ થતાં પુત્રના પ્રસવનો કાળ આવ્યો, પણ એની વેદના વધી રહી હતી.

એ ઋષિને તરત જ દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર યાદ આવ્યા. પત્નીની વેદના શમી જાય અને સુખેથી પુત્રનો પ્રસવ થાય એવી ભાવનાથી એઓ મંત્ર ભણવા લાગ્યા અને પત્ની વેદનામાંથી મુક્ત થઈ. એનો પ્રસવ સુખપૂર્વક થયો.

સપ્તવધ્રિ ઋષિ પોતે બંધનમાંથી મુક્ત થયા હતા, પોતાની ધર્મપત્ની પણ વેદનામાંથી મુક્ત થઈ હતી. એ ઘટનાને વર્ણી લેતું સૂક્ત ઋષિએ ગાયું છે :

'હે અશ્વિનીકુમારો, તમે અહીં આવી પહોંચો. અસત્યને દૂર કરનારા દેવો તમે મારે માટે બેદરકાર બનતા નહિ. જેમ હંસની જુગલ જોડી મોતીનો ચારો ચરવા આવી પહોંચે તેમ જ તમે સોમપાન માટે મારી પાસે આવી પહોંચો.

'હે અશ્વિનીકુમારો, જેમ બે હરણાં અને બે ગૌર મૃગ લીલાં જવઘાસ ચરવા માટે દોડી જાય ને હંસની જોડી ઊડી જાય તેમ જ તમો આવી પહોંચો.

'હે અશ્વિનીકુમારો, અમારા યજ્ઞમાં ઇષ્ટ કામના સિદ્ધ થાય એટલા માટે આવી પહોંચો. તમારા રથમાં અન્ન ને ધન–સાધન ભરેલાં છે.

'આ અત્રિ ઋષિ તો ઊંડા અગ્નિકુંડ–ઋબીસમાં પડ્યા છે ને જેમ વિરહ તાપે પીડાતી નારી પોતાના પ્રિયતમની કામના સેવે તેમ જ એ તમને બોલાવી રહ્યા છે. જેમ ગરુડ મહારાજ શીઘ્ર ગતિએ ભક્તજન પાસે પહોંચી જાય તેમ જ તમો એ ઋષિ પાસે પહોંચી જાઓ.'

આ સંસારનાં સ્નેહી જનોનાં બંધન લાકડાની પેટીમાં પુરાયા હોય એવાં લાગે ને એ પેટીમાં અત્રિ પુરાયા હતા. ત્યાંથી એ છૂટતાં સ્તુતિ કરી રહ્યા છે :

'અરે ઓ વનસ્પતિ, લાકડાની પેટી, તારાં દ્વાર ખોલી નાખ. જેમ ગર્ભ માતાના ઉદરમાં પુરાયો હોય અને ગર્ભના દરવાજા ખૂલી જાય તો પુત્રનો પ્રસવ સુખેથી થાય, તેમ જ મારો આર્તનાદ સાંભળીને, હે અશ્વિનીકુમારો, તમે જલદી આવી પહોંચો અને આ **સપ્તવધ્રિને** બંધનમાંથી છોડાવો.

'આ **સપ્તવધ્રિ** તો ભયભીત થઈ ગયા છે. આ બંધનમાંથી કેમ છુટાય એ એમને સૂઝતું નથી. એમને બધા પ્રકારનાં બંધનમાંથી છૂટી જવું છે. અરે, આ સંસારમાં એવી એવી માયાઓ છે કે જે બધાને પેટીમાં પૂરી રાખે છે. કૃપા કરીને મારી પેટીના દરવાજા ખોલી નાખો, જેથી હું મુક્ત રીતે વિહાર કરું.'

ગર્ભ સુખેથી છૂટે—એ ભાવનું **ગર્ભસ્રાવણિ ઉપનિષદ** ઋષિએ છેલ્લી ત્રણ ઋચાઓમાં ગાયું છે :

'જેમ વાયુ સરોવરને ડોલાવે તેમ જ દસ માસ પૂરા થતાં આ ગર્ભ સુખેથી બહાર આવે.

'જેવી રીતે વાયુ સરળ ગતિએ છૂટીને વનવૃક્ષને કંપાવે છે અને જેવી રીતે સમુદ્ર સરખી રીતે ગતિ કરે છે, તેવી જ રીતે, હે ગર્ભ, દસ માસ પૂરા થાય છે તો તું એ માતાના ઉદરમાંથી ઓળની સાથે જ સરળ રીતે આવી પહોંચજે.

'આ કુમાર દસ માસ સુધી માતાના ઉદરમાં સૂતો છે, હવે એ માતાના ઉદરમાંથી સુખે બહાર આવે. એ જીવને કાંઈ આંચ આવે નહિ અને એની માતા પણ જીવી જાય.'

સપ્તવધ્રિ ઋષિએ મંત્રની દિવ્ય શક્તિથી પોતાને અને પોતાની પત્નીને બંધનમાંથી છોડાવ્યાં હતાં તેજ રીતે એ ઋષિએ સંસારનાં બંધનમાંથી છૂટવાનો ઉપાય શોધી કાઢ્યો હતો અને એ મંત્રવિદ્યા સૌ શિષ્યજનોને ભણાવી હતી.

□

# ૨૩

# સૂર્ય અને નક્ષત્રમાળા

હા, પ્રજાપતિનું એ સર્જન વિવિધ રૂપે થયું છે, જે સર્જન ઋષિઓનું ગણાય છે. એ 'ઋષિ' શબ્દ ઋક્ષ—નક્ષત્ર માટે વપરાય છે, એ શબ્દ પ્રાણ માટે વપરાય છે, અને એ જ શબ્દ મંત્રદ્રષ્ટા માટે વપરાય છે.

પ્રજાપતિએ સર્જેલું તેજનું મંડળ શાંત થવા લાગ્યું. તેમાંનું પ્રથમ આદિત્ય-મંડળ, બીજું ભૃગુમંડળ અને ત્રીજું અંગિરામંડળ થયુ. અંગિરાના મંડળમાંથી બૃહસ્પતિ અને બૃહસ્પતિમાંથી ભરદ્વાજ ઋષિ થયા.

જે સપ્ત ઋષિ આકાશમાં ઉત્તર દિશાએ દેખાય છે, તે મંડળને 'ઋક્ષ' 'નક્ષત્ર' કે 'ઋષિ' કહે છે. ત્યાં સાત કૃત્તિકાઓનો ઉદય થાય છે. તેઓને સાત માતાઓ અને સપ્તર્ષિની પત્નીઓ કહે છે.

જે સાત ઋષિઓ છે તે સાત પ્રાણ છે. આ સાત પ્રાણ શરીરમાં રહે છે. જે બે કાન છે તે ગોતમ અને ભરદ્વાજ, બે આંખ તે વિશ્વામિત્ર અને જમદગ્નિ, બે નાક તે વસિષ્ઠ અને કશ્યપ, વાણી એ અત્રિ છે.

પ્રાણ વસિષ્ઠ, મન ભરદ્વાજ, આંખ જમદગ્નિ, કાન વિશ્વામિત્ર, વાણી વિશ્વ-કર્મા, એ રીતે પ્રાણોની રચના જોવાને મળે છે.

અંગિરા વસિષ્ઠ અગસ્ત્ય ભૃગુ અત્રિ વગેરે ઋષિઓ સૃષ્ટિના પ્રવર્તક પ્રજા-પતિઓ છે. એમનાથી પ્રાણસૃષ્ટિ થઈ તેને આધ્યાત્મિક કહે છે, અગ્નિ વગેરે ભૂત પદાર્થોની સૃષ્ટિ થઈ તેને આધિભૌતિક કહે છે, અને જે સૂર્ય ચંદ્ર તારા નક્ષત્ર વગેરે જ્યોતિની સૃષ્ટિ થઈ તેને આધિદૈવિક કહે છે.

વેદના ઋષિઓને પ્રજાપતિનાં સર્જનોનાં વિવિધ રૂપે દર્શન થાય છે. જેવાં જેનાં દર્શન તેવાં તે ઋષિઓનાં ગુણ—લક્ષણ બને છે અને એ રીતે ઋષિઓને નામ મળે છે. આ રીતે અંગિરા અને અત્રિ પ્રજાપતિઓ ગણાય છે, સાથે એઓ ઋષિઓ પણ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે અંગિરાના પુત્ર બૃહસ્પતિ અને એ બૃહસ્પતિના પુત્ર ભરદ્વાજ મંત્રદ્રષ્ટા ઋષિઓ છે. એમને જે મંત્રોનાં દર્શન થયાં તેમાં અધ્યાત્મ પ્રાણ, આધિદૈવિક જ્યોતિર્મંડળ અને આધિભૌતિક અગ્નિ વગેરેના ભાવ રહ્યા છે.

બૃહસ્પતિ દેવની પ્રાર્થના કરતાં ભરદ્વાજ ઋષિ જણાવે છે કે 'સૂર્યના વિશાળ માર્ગમાં જે અંતરાયો અદ્રિ–પર્વતોની જેમ રહેલા છે તે બધાને ભેદી નાખનાર આ બૃહસ્પતિ ગુરુ છે, જે સત્ય વ્રતના પાલક છે, જેનાં સર્જન પ્રજાપતિની પહેલી સૃષ્ટિમાં થયાં છે. આમાં પહેલા અંગિરા છે અને એમના પછી આ બૃહસ્પતિનાં સર્જન થયાં છે. એમને ટકાવી રાખવા માટે સોમરસનાં હવિ આપવામાં આવે છે. એઓ બંને લોકોમાં બૃહત્–વિશેષ ગતિ કરે છે અને સૂર્યના જ્યોતિર્માર્ગમાં રહે છે માટે એઓ બૃહસ્પતિ કહેવાય છે. એ અમારા પાલક પિતા છે; તે શ્રેષ્ઠ વૃષભ–ઋષભ–નક્ષત્રના રૂપે રહી લોકોને ગર્જનાથી ભરી દે છે.

દેવોએ આકાશમાં જે મહાયાગ આદર્યો છે તેનું નામ 'દેવહૂતિ–યાગ' છે. એમાં આ બૃહસ્પતિ ગુરુ સ્તોત્ર ગાનાર ઋષિ તરીકે સ્થાન લે છે. હા, અંધકારનાં આવરણ જેમણે કર્યાં છે તે વૃત્ર શત્રુઓને આ ગુરુએ મારી હટાવ્યા છે; અંધકારની નગરીઓ એમણે વિદારી નાખી છે.

'આ મહાન પ્રકાશમાન દેવ બૃહસ્પતિએ પ્રકાશનાં ધન–વસુ મેળવી લીધાં છે. એમણે મોટા ગતિમાન માર્ગ અને વ્રજ–ગતિનાં સ્થાન મેળવી લીધાં છે. એ બૃહસ્પતિને કોઈ નરી આંખે જોઈ શકતું નથી, પરંતુ એઓ પોતાનાં પ્રખર કિરણોથી શત્રુને મારી હટાવે છે ને પોતાના વિશાળ માર્ગ મેળવી લે છે. એમનો મહિમા સૌ કોઈ જાણે છે.'

આ સૂક્તમાં બૃહસ્પતિ–ગુરુનું વર્ણન એક વિશાળ તેજસ્વી ગ્રહ–નક્ષત્ર તરીકે છે, જે સૌર જગતમાં સૂર્ય પછીનો મોટામાં મોટો ગ્રહ છે. સત્તાવીશ નક્ષત્રોમાં જે પુષ્ય નક્ષત્ર છે તેનો અધિષ્ઠાતા દેવ આ બૃહસ્પતિ છે, એને આકાશનો પિતા દ્યાવાપિતૃ-દ્યૌસ્પિતર્ (જ્યુપિટર) કહેલ છે અને એને જ સૌ દેવોના ગુરુ કહ્યા છે.

ખગોળવિદ્યામાં જણાવ્યું છે કે સૂર્ય આકાશમાં જે પંથે વિચરણ કરે છે તે અવકાશી માર્ગને 'રવિમાર્ગ' કહે છે. એ માર્ગને સત્તાવીશ સરખા ભાગમાં વહેંચીને 'નક્ષત્ર' નામ આપવામાં આવ્યું છે, જ્યારે બાર સરખા ભાગમાં વહેંચીને 'રાશિ' નામ આપ્યું છે. એ વિશાળ અવકાશી સ્થાનને 'સૌર જગત' કહે છે. એમાં સૌથી મોટામાં મોટો ગ્રહ 'ગુરુ' છે. આ સૂર્યના ભ્રમણમાર્ગની આજુબાજુ નવ ગ્રહ છે, તેઓમાં પૃથ્વીનો પણ સમાવેશ છે.

આ સત્તાવીશ નક્ષત્રોના અધિષ્ઠાતા દેવ એક સૂર્ય છે. પરંતુ બાર માસ અને બાર રાશિઓની ગણના કરતાં એ સૂર્યનાં બાર નામ છે તેમજ સત્તાવીશ દેવો સૂર્યનાં જ વિવિધ સ્વરૂપ છે.

દાખલા તરીકે વર્ષમાં સૂર્યની બે ગતિ–અયન થાય તેને ઉત્તરાયણ અને દક્ષિણાયન કહે છે. ઉત્તરાયણ તરફ જતાં દિવસ લાંબો થાય અને સૂર્યનાં તેજ–બલ વધે, દક્ષિણાયન તરફ જતાં રાત લાંબી થાય અને તેજ–બળ ઘટવા લાગે.

હવે ચિત્રા નક્ષત્રના અધિષ્ઠાતા ત્વષ્ટા વિશ્વકર્મા છે, જેનું કાર્ય ઘડવાનું છે; અર્થાત્ સૂર્યમંડળને જ્યોતિશ્ચક્ર પર ચડાવીને એનાં તેજ ઓછાં કરવામાં આવે છે.

એ જ રીતે, રેવતી નક્ષત્રના અધિષ્ઠાતા પૂષા દેવ છે, જેનું કાર્ય પોષણ આપવાનું છે; અર્થાત્ શરદઋતુ ગયા પછી હેમંત અને શિશિરમાં પ્રજા પશુ અને વૃક્ષ વનસ્પતિઓનાં બળ વધે છે. એ પૂષાનાં બળ રેવતી પછીના અશ્વિની અને ભરણીમાં પણ ટકી રહે છે. એ પૂષા દેવ પ્રજાજનો અને પશુઓના પોષક અને માર્ગદર્શક ગણાયા છે. પૂષા દેવનો મહિમા ગાનાર ઋષિ ભરદ્વાજ પણ પ્રજા અને પશુ માટે વાજ–અન્નબળનાં ભરણપોષણ કરનાર ગણાય છે. આ રીતે ભરદ્–વાજ એક સામાન્ય ઋષિ નથી, પરંતુ અગ્નિ ઇંદ્ર માતરિશ્વા વિશ્વેદેવા પૂષા બૃહસ્પતિ વગેરે દેવોનો મહિમા વધારનાર ઋક્ષ–નક્ષત્ર આધિદૈવિક પદાર્થ છે, જેનો મહિમા ગાતાં ગાતાં એ ભરદ્વાજ ઋષિ તરીકે પ્રસિદ્ધ થયા છે.

આ ઋષિ બૃહસ્પતિના પુત્ર છે. બૃહસ્પતિ મીન રાશિના અધિષ્ઠાતા ગણાય છે અને એ મીનરાશિમાં રેવતી નક્ષત્ર આવી જાય છે, જેના દેવ પૂષા છે. એ સંબંધે ભરદ્વાજ ઋષિએ જે જે દેવનાં સ્તુતિસૂક્ત ગાયાં છે તે દેવો કેવળ આરાધ્ય દેવો નથી રહેતા, પરંતુ સત્તાવીશ નક્ષત્રો, બાર રાશિઓ, બાર માસ, છ ઋતુઓ, બે અયનો, બે સંપાત અને રાશિચક્રના તેમજ નક્ષત્રચક્રના દેવો ગણાય છે, જેમાં મુખ્યત્વે તો એક જ સૂર્ય સવિતાનારાયણ છે, જે આધિદૈવિક જગતના આદિ સ્રષ્ટા છે. એ સૂર્ય પોતે જ અગ્નિ ઇંદ્ર સોમ પૂષા વગેરે રૂપો ધારણ કરે છે. ઋષિ ભરદ્વાજ ઇંદ્રની સૂર્યરૂપે સ્તુતિ કરતાં જણાવે છે:

'આ દેવરાજ ઇંદ્ર સૂર્યરૂપે ઘણી સારી રીતે દીપી રહેલ છે તેમજ અંધકારમાં ઘેરાયેલ લોકોને પ્રકાશ આપે છે. આ સૂર્યરૂપ ઇંદ્રે તો પહેલાં ઘણીય ઉષાઓને પોતાના તેજથી પ્રકાશિત કરી છે. આ તો એ ઇંદ્રનાં ઋત–વ્રત છે, જેનાથી એ સર્વ લોકોને પ્રકાશ આપે છે. આ ઇંદ્ર તો એ વ્રતને અધીન રહેલા તેજસ્વી ઘોડા–

-ઓની સાથે આકાશમાં ગમન કરે છે, જે આકાશની ગતિને એ સારી રીતે જાણે છે.'

'હે ઇંદ્ર, હે સૂર્યરૂપ, પ્રકાશ આપવાનું વ્રત તો તમારું છે, પરંતુ તમારી પ્રેરણા મેળવીને આ સોમરાજ ચંદ્ર પણ પ્રકાશે છે. ચંદ્રના પ્રકાશની વધઘટ પ્રમાણે તો રાત દિવસની તિથિઓ પક્ષ માસ અને ઋતુઓ તેમજ સંવત્સરની ગતિઓનાં નિયમન થાય છે.'

એ જ ઋષિ વૈશ્વાનર અગ્નિરૂપે સૂર્યની સ્તુતિ કરે છે :

'જુઓ તો ખરા, આ તો વૈશ્વાનર–વિશ્વભરમાં ગતિ કરનાર અગ્નિ સૂર્યના રૂપે જન્મ લે છે ને જન્મ લેતાંની સાથે જ વધવા લાગે છે. એ પોતાના પ્રકાશથી અંધારાં દૂર કરે છે એ કારણે તો દિવસ થાય છે અને એ કારણે તો રાત થાય છે, જે દિવસ શુક્લવર્ણને કારણે લોકવ્યવહારના કામમાં આવે છે અને રાતનો સમય કૃષ્ણવર્ણનો બની લોકોની નિદ્રાના વ્યવહારમાં આવે છે.

'અરે જુઓ તો ખરા, આકાશના વિશાળ સૂર્યમંડળમાં આ પટનો વિસ્તાર થયો છે. તેના આડા અને ઊભા, તાણા અને વાણા કોણે કોણે તૈયાર કર્યા હશે એ તો ખરેખર હું જાણતો નથી. ભલા, કયા વિશાળ આકાશમાં આ આકાશગંગા જેવા પટની રચના થઈ હશે? એ આકાશપટના મધ્યમાં રહેલ સૂર્યમંડળ તો સર્વના પાલક પિતા છે; એના તો આ લોકમાં રહેલા ઋષિઓ પુત્રો છે. તેઓમાંનો કોઈ પુત્ર, ભલા, કહી શકશે ખરો કે આ વિસ્તૃત સૂર્યમંડળને હું જાણું છું ?

'હા, એક એ વૈશ્વાનર અગ્નિ છે, જે પોતાનાં ઋત–વ્રતના પ્રભાવે કહી શકે છે : 'આ તાણા અને વાણા, આ આડા અને ઊભા સૌર જગતના પ્રકાશ છે. તેઓમાંથી જ સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ પદાર્થ થયેલા છે.' એ વૈશ્વાનર અગ્નિ તો સર્વ જગતોના પાલક પિતા છે, એ પોતે જ સૂર્ય છે અને અગ્નિ છે.'

ભરદ્વાજ ઋષિએ મંડળની શરૂઆતમાં જ અગ્નિને મનોતા–વ્યાપક મનના વ્યાસમંડળના રૂપે રહેલ સૂર્યનાં ત્રિવિધ સ્વરૂપોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે

'હે સૂર્યરૂપ અગ્નિ, સર્વ પ્રકાશમય જ્યોતિઓમાં તમે તો સર્વશ્રેષ્ઠ પ્રથમ મનોતા છો; એ રીતે તમે સર્વ પ્રકારની ગતિઓના પ્રેરક–હોતા છો; તમે સર્વ પ્રકારનાં દુર્ધર્ષ બળને ધારણ કરો છો, જેને કારણે જ્યોતિર્માર્ગનાં અવરોધક બળ દૂર થાય છે.'

અહીં 'મનોતા' શબ્દ ત્રણ પદાર્થોનો નિર્દેશ કરે છે : સૌર જગતમાં સૌ પ્રથમ મનોતા સર્વ શ્રેષ્ઠ જ્યોતિ સૂર્ય છે; એ મનોતા સૌર જગતના વ્યાપક

માર્ગ ગો–ગવ્યૂતિનો વિસ્તાર કરે છે; એ જ મનોતા સર્વ પ્રકારના જીવનને પ્રેરણા આપનાર આયુરૂપ છે. એ સૂર્ય કહો કે અગ્નિ કહો, એ જ્યોતિ ગો અને આયુ ત્રિવિધ મનોતા છે. જ્યોતિ તો સૂર્ય, ગો તો રવિમાર્ગ, અને આયુ તો જીવન વધારનાર ભરદ્વાજ ગણાય છે.

'આ તે અગ્નિ છે, જે સૂર્યરૂપે પ્રકાશે છે; જે દીપતી જવાળાઓની જેમ જ્યોતિર્માળાની અંદર ઢંકાયેલ છે, જેનાં તેજ બીજાં સર્વ તેજોને અનુકૂળ બની પ્રેરણા આપે છે, જે અજર અમર દિવ્ય જ્યોત રાતે પ્રકાશે છે અને દિવસે પણ પોતાનાં ગતિશીલ કિરણોને પ્રેરણા આપે છે.'

અહીં સૂર્ય મંડળની ચારે બાજુ રહેલ નક્ષત્ર-જ્યોતિર્માલાના બંને ગતિ-માર્ગોનો અને નક્ષત્રોનો નિર્દેશ છે.

'હે અગ્નિ, જેવી રીતે તેજસ્વી જ્યોતિઓ વડે સૂર્ય વીંટાઈને રહે છે અને જે પોતાના તેજથી બંને લોકોને પ્રકાશ આપે છે તે જ રીતે તમે પણ જ્યોતિ-જ્વાળાઓથી વીંટાઈને બંને લોકોને પ્રકાશ આપો છો; અર્થાત્ તમે એ સૂર્ય છો. તમારો જે રવિમાર્ગ છે તે તો સ્તુતિ કરનાર દિવ્ય ઋત્વિજોથી વીંટાયેલો છે; અર્થાત્ જેમ પ્રદીપ્ત અગ્નિની અંદર ઋત્વિજો સમિધાઓ અને હવિઓ આપે, તે જ રીતે સૂર્યની ચારે બાજુ રહેલાં સત્તાવીશ નક્ષત્રોના અધિષ્ઠાતા દેવો તો સૂર્યની જ્યોતિઓને વિશેષ દીપાવે છે, જેથી બધા પ્રકારના અંધકાર દૂર થાય છે.

'આ તે વૈશ્વાનર અગ્નિ છે, જેણે પોતાનાં મહાવ્રતનાં પાલન કર્યાં છે. એ કારણે તો એ પરમ આકાશમાં સૂર્યરૂપે પ્રગટ થાય છે અને એ સૂર્યને અનુસરી સર્વ લોક પોતપોતાનાં વ્રતોનાં પાલન કરે છે. સર્વના સુંદર સંકલ્પ પૂરા કરનાર વૈશ્વાનર અગ્નિ પોતાના મહિમ–તેજથી આકાશનો સ્પર્શ કરે છે.'

એ ભરદ્વાજ ઋષિના છ પુત્રો ઋજિશ્વ પાયુ વસુ સુહોત્ર શુનહોત્ર અને નર ભારદ્વાજ છે. પોતાના પિતાએ ગાયેલ ઇંદ્રની સ્તુતિ–પ્રાર્થના સાથે સુહોત્ર શુનહોત્ર અને નરની સ્તુતિ–પ્રાર્થનાઓ પણ ઇંદ્રનાં સૂર્યરૂપ લક્ષણ ગાવામાં અનુરૂપ બને છે. વિશ્વેદેવોની સ્તુતિ ગાનાર ઋજિશ્વે તો સત્તાવીશ નક્ષત્રોના અધિષ્ઠાતા દેવો અને બાર માસના અધિષ્ઠાતા સૂર્યનાં વિવિધ સ્વરૂપોનાં વર્ણન કર્યાં છે, ગર્ગ ભારદ્વાજ તો ઇંદ્ર સોમ દેવભૂમિ બૃહસ્પતિ વગેરેની સ્તુતિ ગાતાં ગાતાં જીવનના શ્રેષ્ઠ માર્ગનાં દર્શન કરવા માટે ઇંદ્ર અને બૃહસ્પતિને પ્રાર્થના કરે છે :

'હે દેવો, હે ઇંદ્ર, હે બૃહસ્પતિ, અમે બધા ઋષિ માર્ગમાં ભૂલા પડયા

છીએ અને એવા પ્રદેશમાં આવી પહોંચ્યા છીએ કે જ્યાંથી આગળ જવા માટેનો માર્ગ સૂઝતો નથી; એ માટે અમારું રક્ષણ કરો. આ વિશાળ ભૂમિ પર કોઈ માર્ગ તો સૂઝતો નથી.

'હે બૃહસ્પતિ, માર્ગને શોધવામાં તમે અમને મદદ કરો. હે દેવરાજ ઇંદ્ર, માર્ગ ભૂલવાને કારણે અમે શોક સંતાપમાં પડેલા છીએ માટે હવે અમને માર્ગનાં દર્શન કરાવો.

'આ તે દેવરાજ ઇંદ્ર છે જેણે વિશાળ અવકાશના એક સ્થાનમાંથી સૂર્યરૂપે જન્મ લીધો છે; એ કારણે આકાશમાં બે જુદા માર્ગ પડી ગયા છે. એ માર્ગોના પણ જુદા જુદા વિભાગ જોવાને મળે છે; એ કારણે રાત દિવસ–અહોરાત્રનો એક સમય બંધાયો છે, જેની મર્યાદા પક્ષ માસ ઋતુ અયન અને સંવત્સર સુધી લંબાય છે.'

આ ગર્ગ ઋષિ નિર્જન પ્રદેશમાં ભૂલા પડ્યા હતા ને એમણે દેવોની સહાય લઈ માર્ગ શોધી કાઢ્યો હતો. આ કોઈ જંગલની વાત નથી, પણ વિશાળ આકાશના પટ પર સત્તાવીશ નક્ષત્રોની જ્યોતિર્માળા અને રાશિચક્રમાં રહેલા સૂર્ય ચંદ્ર બુધ ગુરુ શુક્ર શનિ જેવા ગ્રહો અને સપ્તર્ષિ પ્રજાપતિ અત્રિ અંગિરા બ્રહ્મહૃદય લુબ્ધક રુદ્ર વગેરે તારકમંડળોનાં માર્ગદર્શન થાય એ પ્રકારના સૌરજગતને જાણવાની આ ઋષિને ઇચ્છા છે. એને માર્ગદર્શન આપનાર ઇંદ્ર પ્રત્યક્ષ સૂર્ય છે. પરંતુ રાત્રિના સમયે વિશેષ પ્રકાશથી ચમકતો બૃહસ્પતિ–ગુરુ બીજા ગ્રહોને ઓળખવામાં મદદ કરે છે.

ભારદ્વાજ ઋજિશ્વા ઋષિ વિશ્વેદેવોની સ્તુતિ કરતાં આખાય નક્ષત્રચક્રમાં રહેલા દેવોનો મહિમા ગાય છે :

'જુઓને, દેવસંઘમાં મુખ્ય ગણાતા મિત્ર અને વરુણ એ સૂર્યનાં જ બે સ્વરૂપ છે. આકાશ અને પૃથ્વી–દ્યાવાપૃથિવી અને એ બંનેનો પુત્ર અગ્નિ; એ જ રીતે અહોરાત્રનું યુગલ; એ બંને સૂર્યને અધીન છે, એમ છતાં બંનેનાં સ્વરૂપો જુદાં છે. રાત્રિ નક્ષત્રોથી દીપી ઊઠે છે ને દિવસ સૂર્યના પ્રકાશથી ઝળહળે છે. એ જ રીતે વાયુ અને અશ્વિનીકુમારો, મરુત દેવો અને પર્જન્ય આકાશમાં સત્તા ધરાવે છે. અદિતિ અને ચિત્રવિચિત્ર રૂપ ધારણ કરી આકાશમાં ફેલાયેલી સરસ્વતી અમને સુખ આપે છે, તે જ રીતે પૂષાદેવ અમારો માર્ગદર્શક બને છે.

'આ ધાતા ઋભુઓ ત્વષ્ટા રુદ્ર ને વિષ્ણુ પોતાનાં વિશેષ પરાક્રમોથી ઝળહળી ઊઠે છે. દેવ અહિર્બુધ્ન્ય ઓળખી લેવા જેવો છે: વિશાળ આકાશનું તલ–અંત-

રિક્ષ તે બુધ્ન; ત્યાં લાંબા ચક્રની જેમ પુચ્છ ફેલાવી અહિ–ગતિ કરનાર શિશુમાર ચક્ર જ જોઈ લોને; લાંબી પ્રકાશમયી કિરણાવલિ એની શોભા બની છે. એ જ રીતે સવિતા ભગ વગેરે દેવો વિશાળ પટ પર ફેલાયેલા છે.'

અહીં વર્ણવેલા વિશ્વેદેવોનો સંબંધ સત્તાવીશ નક્ષત્રોની સાથે જોડતાં સૂર્યની ગતિનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે: આમાં જે એક અપ્રસિદ્ધ દેવ અહિર્બુધ્ન્ય છે તેની સાથે એવી જ રીતે અપરિચિત દેવ અજ એકપાત્ છે. એ બંને દેવ પ્રોષ્ઠપદા નક્ષત્રોના અધિષ્ઠાતા છે. પ્રોષ્ઠપદામાં પૂર્વા ભાદ્રપદાના દેવ અજ એકપાત્ અને ઉત્તરા ભાદ્રપદાના દેવ અહિર્બુધ્ન્ય છે. એ જ રીતે શતભિષાના વરુણ, અનુરાધાના મિત્ર, જયેષ્ઠાના ઇંદ્ર, સ્વાતિના વાયુ, હસ્તના સવિતા, અને આપોદેવી અને વિશ્વેદેવ એ બંને પૂર્વાષાઢા–ઉત્તરાષાઢાના દેવ છે.

આ સત્તાવીશ નક્ષત્રો અને બાર રાશિઓ સૂર્યનાં વિવિધ સ્વરૂપોના ગતિ-માર્ગનાં વિશ્રામસ્થાન અને ધામ છે, તેથી વેદોમાં રાશિને 'ધામ' 'સદન' વગેરેથી ઓળખવામાં આવે છે.

ભારદ્વાજ ઋજિશ્વ વિશ્વેદેવોનાં વર્ણન કરતાં સૂર્યનાં વિવિધ રૂપોનો મહિમા ગાય છે એ જોતાં બાર માસના બાર અધિષ્ઠાતા સૂર્યોનો સમાવેશ થઈ જાય છે: (૧) ધાતા, (૨) મિત્ર, (૩) અર્યમા, (૪) રુદ્ર, (૫) વરુણ, (૬) સૂર્ય, (૭) ભગ, (૮) સૂર્ય (૯) પૂષા, (૧૦) સવિતા, (૧૧) ત્વષ્ટા અને (૧૨) વિષ્ણુ.

એ ઋજિશ્વ પોતાના મહાયાગમાં દેવોને નિમંત્રણ આપતાં જણાવે છે કે 'હે દેવો, એક અખંડ પ્રકાશસ્વરૂપે પહેલાં તમારાં માતા અદિતિને અમે સ્તુતિ-વચન ભણીને બોલાવીએ છીએ. એ જ રીતે આદિત્ય વરુણ મિત્ર અગ્નિ અર્યમા સવિતા ભગ વગેરે પાલક દેવોને સ્તુતિ કરીને બોલાવીએ છીએ.

'આ આદિત્ય દેવોના પિતા દક્ષ અને માતા અદિતિ છે માટે, હે પ્રકાશક સૂર્ય, એ બધા દેવ અમને અનુકૂળ રહે એવી પ્રેરણા તમે આપજો. આ બધા દેવ કાર્યરૂપે અને કારણરૂપે, સ્થાનરૂપે અને અધિષ્ઠાનરૂપે, ભૌતિક રીતે અને આધિ-દૈવિકરૂપે બે બે જન્મ ધારણ કરે છે. ઋત–પરોપકાર કરવા એ એમનાં વ્રત છે અને અગ્નિની લાંબી જીભની જેમ સ્વર્ગના જ્યોતિર્મંડળમાં એ રહે છે.

'આકાશ અને પૃથ્વી એ બે લોક અને પ્રકાશના બે માર્ગ આ દેવોની ગતિઓ અને સ્થાનો છે. જે રુદ્ર આકાશમાં ગતિ કરે છે તે રુદ્રની પત્ની રોદસી ઉપરના લોક છે અને ત્યાં જન્મ લેતા મરુતો રુદ્રના પુત્રો છે, તેમને અમે બોલાવીએ છીએ.

એ મરુતોના માર્ગને સેવનાર પૂષાદેવ દિવ્ય રવિમાર્ગનો પ્રદર્શક છે, જે ઋષિઓને દિવ્ય માર્ગનાં દર્શન કરાવે છે.

'એ સૂર્યરૂપ ઈંદ્રની અને પ્રકાશમાર્ગે પ્રકાશરેખાઓરૂપે રહેલાં આપોદેવીઓની અમે સ્તુતિ કરીએ છીએ.

'અમારા આ દેવહૂતિ નામના મહાયાગમાં એ સવિતાદેવ આવી પહોંચો. જેમનાં હાથ–કિરણો સોનાની રેખાઓ જેવાં ચમકતાં રહેલાં છે તેવા અત્યંત જ્ઞાની અને સત્યરૂપ અશ્વિનીકુમારો આ યાગમાં પધારો.

'હે દેવો, અમારા આ યાગમાં રુદ્ર, આકાશની દિવ્ય સરસ્વતી, વિષ્ણુ, વાયુ, ઋભુ, પર્જન્ય, સવિતા, ભગ, અપાંનપાત્--અગ્નિ, દ્યૌ, પૃથ્વી, સમુદ્ર, અહિર્બુધ્ન્ય, અજ એકપાત્ વગેરે દેવો આવી પહોંચો.

'ભરદ્વાજકુળમાં ઉત્પન્ન થયેલા અમે ઋષિઓ ઉપર જણાવેલા વિશ્વેદેવોની સ્તુતિ કરીએ છીએ. કારણ કે એ દેવો વાજ–અન્ન વગેરેને ભરત્ સારી રીતે ભરે છે એ કારણે એ દેવો પણ ભરદ્વાજ છે. એ ભરદ્વાજ દેવોથી અમારા ભરણ-પોષણ થયેલાં છે અને અમે ઉત્તમ પ્રકારનાં સ્તુતિવચનોથી એ દેવોના તેજમાં વૃદ્ધિ કરીએ છીએ.

'આકાશના વિસ્તૃત નક્ષત્રપટલમાં રહેલા બે રવિમાર્ગ છે, તેઓમાં આ બાજુ મિત્ર છે અને પેલી બાજુ વરુણ છે. પણ એ બંનેનો જ્યારે યોગ થાય છે ત્યારે આદિત્યમંડળના સ્થિર ચક્ષુરૂપે સૂર્યનો ઉદય થાય છે અને એ સૂર્યના ઉદયથી આકાશ શોભી ઊઠે છે.

'એ સૂર્ય ત્રણ ધામ, ત્રણ લોક, ત્રણ દેવગણ અને ત્રણ ત્રણ માર્ગોનાં અનુ-સંધાન કરીને સર્વના સ્વામીરૂપે પ્રકાશિત બની સર્વની મધ્યમાં રહે છે.

'એ સૂર્યમંડળની માર્ગરેખામાં રહેલા આદિત્ય દેવો તે તે સુક્ષ્મ–નક્ષત્રોના અધિષ્ઠાતા છે. આકાશમંડળમાં ચમકતા જ્યોતિઓના સ્વામી છે. નિત્ય જુવાન અને તરુણ એ દેવો અદિતિના પુત્રો છે. એ બધાં સ્વરૂપોને અમે સૂર્ય દ્વારા પ્રાપ્ત કરીએ છીએ.

'હે અદિતિ અને હે આદિત્યદેવો, દ્યૌષ્પિતા બૃહસ્પતિ અમારા પિતા છે. મમતા પૃથ્વી અમારી માતા છે, વસુઓ અમારા ભાઈઓ છે. અને અમે ભરદ્વાજ-કુળના ઋષિઓ છીએ. અમને સર્વરીતે સુખ થાય એ માટે અમે તમારી સ્તુતિ–પ્રાર્થના કરીએ છીએ.

'શ્રેષ્ઠ અને દિવ્ય પ્રકાશ આપનાર આ દેવો અમારાં અનેક દુરિત પાપ અને અંધારાં દૂર કરે છે. આકાશના વિશાળ પટમાં પથરાયેલ આ સુક્ષત્ર-નક્ષત્રના અધિષ્ઠાતા દેવો વરુણ મિત્ર અગ્નિ વગેરે છે, જેમની ધારણાઓ ઋતને અને જેમની વાણી સત્યને પ્રેરણા આપીને ઋષિઓને સારે માર્ગે દોરી જાય છે.

'સૂર્યના વિશાળ માર્ગે રહેલાં આ રાશિચક્ર દેવોનાં સ્થાન છે; જેમ કે વૃષભ જળનું સ્થાન, મિથુન નૃષદન, મીન અહિર્બુધ્ન્યનું સ્થાન. આ રીતે અમારાં રાશિસ્થાનોમાં રહેલા દેવો અમારાં સ્થાનોની વૃદ્ધિ કરો. ઇંદ્ર પૂષા ભગ અદિતિ પૃથ્વી પંચજન વગેરે રાશિચક્રનાં વિવિધ સ્થાનોમાં રહેનાર દેવો સુખકર પુષ્ટિકર અને માર્ગદર્શક સુરક્ષક બની રહો.

'વાજ—અન્નને ભરનાર ભરદ્વાજની પ્રેરણા મેળવનાર હું ભારદ્વાજ દેવોનો હોતા છું માટે, હે દેવો, મારાં આ દિવ્ય રાશિસ્થાનોમાં આપ સૌ નિવાસ કરો. અમે આપની પાસે સુમતિ માગીએ છીએ. જે દેવો જુદી જુદી રાશિઓમાં નિવાસ કરે છે અને તે તે સ્થાનની વૃદ્ધિ કરે છે તે દેવોનાં જ્યોતિર્મંડળને હું વંદન કરું છું. આ ઋષિ વસુ અને વાસની પુષ્ટિ કરે છે.

'હે દેવો, અમારો દેવહૂતિ નામનો મહાયાગ નિત્ય નિરંતર ચાલી રહ્યો છે તેમાં નિત્ય નવલાં રૂપે જન્મ લેતી ઉષાઓ અમારાં રક્ષણ કરો. આકાશમાં પ્રકાશનાં કિરણ રેલાવતી સરિતાઓ નિત્ય વૃદ્ધિ પામતી અમારાં રક્ષણ કરો. અવકાશમાં ધ્રુવ-સ્થિર રહેલા ને પર્વ—પર્વનાં ઝૂમખાં બાંધીને રહેલા પર્વત તેમજ નક્ષત્રમાલામાં રહેલા પિતૃઓ અમારાં રક્ષણ કરો,

'હે દેવો, અમારાં મન સદા સુમનસ—ફૂલ જેવાં પ્રફુલ્લ રહો. અમે નિત્ય-નિરંતર આકાશમાં ઊંચે ગતિ કરનાર સૂર્ય નારાયણનાં દર્શન કરીએ. જુદી જુદી રાશિઓમાં રહેલા પદાર્થ વસુઓ અને એઓના સ્વામીઓ અમારાં આવતાં ભાગ્ય સ્થાન વધારતા રહો.'

ભારદ્વાજ ઋજિશ્વ નામના ઋષિએ ગાયેલાં એ વિશ્વેદેવોનાં સૂક્ત સૂર્યમંડળનાં નક્ષત્રોની જ્યોતિર્માળા અને રાશિઓનાં સ્થાનોના સ્વામીઓની સ્તુતિપ્રાર્થના કરે છે તેમાં ધ્રુવ અને ચલ ગ્રહો નક્ષત્રો રાશિઓ વગેરેની સૂક્ષ્મ ગતિઓ અને હિતકારી પ્રવૃત્તિઓનો નિર્દેશ હોય છે.

એ જ રીતે બાર્હસ્પત્ય ભરદ્વાજ બે બે દેવોનાં યુગલોની સ્તુતિ કરે છે. આ

યુગલ દેવો આકાશના વિશાળ પટ પર સાથે ગતિ કરનાર અને પરસ્પર યુતિ-યોગમાં આવનાર નક્ષત્રોનો સંબંધ જોડનાર અધિષ્ઠાતા દેવો છે; જેમકે ઇંદ્ર જ્યેષ્ઠા નક્ષત્રનો સ્વામી છે, પણ ઇંદ્ર અને અગ્નિ વિશાખાના સ્વામીઓ છે; એ જ રીતે ઇંદ્ર અને પૂષા, ઇંદ્ર અને વરુણ, ઇંદ્ર અને વિષ્ણુ, ઇંદ્ર અને સોમ વિશાળ માર્ગમાં ગતિ કરતા નક્ષત્રોના સુયોગમાં રહે છે, એ જ રીતે મિત્ર અને વરુણ સોમ અને રુદ્ર, બે અશ્વિનકુમાર, દ્યાવા અને પૃથિવીનાં યુગલોનો મહિમા ગાતાં ગાતાં ઋષિને વિસ્તૃત રવિમાર્ગનું અદ્‌ભુત દર્શન થાય છે. એ ઉપરાંત મરુતોના ગણો કે આકાશમાં રહેલી સરસ્વતી અને સવિતા વિશાળ આકાશમાર્ગના અનેરા જે પ્રકાશ છે તેમનો મહિમા આ ભરદ્વાજ ઋષિનાં વિવિધ સૂક્તોમાં જોવાને મળે છે.

ઇંદ્ર અને અગ્નિ એ બે દેવ જુદા છે, પરંતુ રવિમાર્ગના વિશાળ પટમાં ગતિ કરતાં કરતાં સૂર્યરૂપે કે નક્ષત્રોના સ્વામી તરીકે એક જ રાશિમાં આવી જાય ત્યારે એ બંને એક બની જાય છેઃ આ રહસ્યને ઉકેલતાં ઋષિ જણાવે છે કે

'પ્રકાશનાં ઝળહળતાં દિવ્ય મંડળોમાં વાસ કરતા હે ઇંદ્ર અને અગ્નિ, તમારા એ રહસ્યભર્યા ગમનકાર્યને, ભલા, કયો માનવી જાણી શકે એમ છે ? ખરી રીતે તમે બંને જુદી જુદી ગતિ કરતા અશ્વ–ઘોડાઓને જોડીને રથમાં ગતિ કરો છો, પરંતુ તમે એક–સમાન રથમાં બેસી જાઓ છો અને પોતાનાં રૂપ લક્ષણ સૂર્યના જેવાં બનાવી દો છો; એ તમારું રહસ્યભર્યું ગમન છે.'

અહીં વર્ણવેલ રથ એ સૂર્યની વર્ષપરક ગતિની સૂચના કરે છે. અમુક એક રાશિમાં બે નક્ષત્રોના સ્વામીઓની યુતિ થતાં ઇંદ્ર અને અગ્નિ એક જ ભુવનના સ્વામી બની જાય ને સાથે ગતિ કરે એનું સૂચન પણ મળી જાય છે.

'આ બે મિત્ર અને વરુણ જુદાં જુદાં સ્થાન–નક્ષત્રોમાં ગતિ કરે છે, પરંતુ આકાશના વિશાળ પટમાં એમની ગતિ પ્રમાણે દિવસ–રાતની શક્તિ વધતી રહે છે. આકાશના સૌર મંડળના વિસ્તૃત ઊંચા પ્રદેશમાં એ બંને અધિષ્ઠાતા દેવ સૂર્યની ગતિને દૃઢ કરે છે. તમારા બંનેથી દૃઢ–સ્થિર ગતિને ધારણ કરનાર સૂર્ય, વિસ્તૃત નક્ષત્ર–મંડળના માર્ગમાં થઈને રાશિઓનાં ભુવનોમાં દૃઢ–સ્થિર બને છે. ત્યારે એ સૂર્ય વિશ્વેદેવ બનીને માનવના આયુની વૃદ્ધિમાં અન્નનાં પોષણ આપે છે.

'હે ઇંદ્ર અને વરુણ, તમે અમારા સુરક્ષક બનો. તમારી વિશેષ પ્રકારની ગતિઓ પ્રકાશ કરતા દેવોની વૃદ્ધિ માટે છે. અમારાં રક્ષણ તમારા જેવા દિવ્ય પ્રકાશ આપતા દેવો કરે છે. જ્યારે વિશાળ આકાશપટમાં સંગ્રામો ખેલાય છે

ત્યારે તમે બંને સાથે આવીને શત્રુઓનો પરાભવ કરો છો અને તેથી તમે અમારાં બળ વધારો છો. ઇંદ્ર અને વિષ્ણુ, તમારાં આ વિશેષ કર્મ સ્તુતિ કરવાને માટે બધી રીતે યોગ્ય છે. તમે બંને સોમપાન કરીને વિશાળ સૌર મંડળમાં વિશેષ પ્રકારનાં પ્રકાશનાં પગલાં ભરી રહ્યા છો એ કારણે એ સૌર મંડળમાં આવરણ દૂર થાય છે અને રાશિચક્રમાં રહેલાં ભુવનોનો વિસ્તાર થાય છે. તમારી પ્રેરણાથી પ્રકાશિત થયેલાં ભુવન–લોક અમને નવાં નવાં જીવન આપે છે.

'હે ઇંદ્ર અને સોમ, તમારો બંનેનો મહિમા વિશેષ મહાન છે, કારણ કે તમે એવાં દિવ્ય મહિમાવાળાં કાર્ય કર્યાં છે કે જે કાર્યો બીજા દેવો કરી શકે એમ નથી. તમારાં કાર્યોમાં પહેલું કાર્ય તમે આકાશમંડળનો વિસ્તાર કર્યો; બીજું કાર્ય અંધકારમાં અટવાતા જનોને સૂર્યનો લાભ કરી આપ્યો, વિસ્તૃત આકાશમાં ઘેરાયેલા અંધકારને દૂર કર્યા, અને નિંદા કરનાર અસુરોને હણી નાખ્યા.

'હે સોમ અને રુદ્ર, વિરોધી જનો–અસુરોનાં બળ એકઠાં કરી, એનાં અમારા લાભમાં અપકર્ષણ કરો. અમારાં નક્ષત્રો અને રાશિઓના ચક્રમાં રહેલા સ્થાને સ્થાને નિવાસ કરતા દેવો અમને લાભદાયી થાઓ. જે શુભ ગ્રહો છે તે સાત રત્નોની જેમ દરેક ભુવનની અંદર વાસ કરો, અમને પ્રજાસંતતિ અને પશુધન વગેરેનો લાભ આપો.'

ઋષિ ભરદ્વાજે વિશાળ આકાશપટ પર રવિમાર્ગે ગમન કરતા બે બે દેવોની સ્તુતિ થતાં જે વિશેષતા સર્જાય છે તેનું વર્ણન કર્યું છે તે જ રીતે આ ઋષિએ સરસ્વતી અને સવિતાની સ્તુતિ કરી છે.

'આકાશના વિશાળ આંગણમાં વહેતી આ સરસ્વતી નદી છે. પ્રકાશની રેખાઓમાં રહેલાં વિવિધ આવરણોને જે સરસ્વતી પોતાના બળવાન અને વેગવાન પ્રકાશોના પ્રભાવથી તોડી નાખે છે, જે સરસ્વતીએ આકાશના એ રવિમાર્ગોમાં જામેલાં પર્વત જેવાં દૃઢ આવરણોને ભેદી નાખ્યાં છે, દૂર–દૂરના આકાશના આરપાર–મહાપથને ભેદી નાખનાર તે મહાન સરસ્વતીની અમે વિવિધ પ્રકારનાં વચનોથી ભરેલ સ્તુતિઓ કરીએ છીએ તેમજ અમારી પ્રેરણાઓની ધારણા સાચવવા માટે એ સરસ્વતીનો મહિમા ગાઈએ છીએ.

'હે સવિતા નારાયણ, બાર રાશિઓના ચક્રમાં રહેલાં બાર સ્થાનોના સ્વામીઓ પોતાનો પ્રભાવ ટકાવી શકે છે તે જ રીતે તમે પણ પોતાના સ્થાનમાં રહીને અદમ્ય કલ્યાણકારી શક્તિઓ વડે સર્વ જનોનાં કલ્યાણ કરો છો. તમારા

પ્રકાશનો એ વિસ્તૃત માર્ગ સોનાની જીભની જેમ લાંબે સુધી ફેલાયેલ છે. એ પ્રકાશ–માર્ગે ગતિ કરતાં તમે અમારી રક્ષા કરતા રહો અને પાપ ગ્રહો અમારા પર પ્રભાવ ન જમાવે એવી રીતે તમારો પ્રભાવ રહે એવી અમારી સ્તુતિ છે.

'આ તે સવિતા છે, જે પ્રકાશના વિસ્તૃત માર્ગમાં અધિકારીની જેમ પોતાનો કાબૂ ધરાવે છે. એ સવિતાના બે પથરાયેલ માર્ગ એમના બે વિશાળ બાહુઓની જેમ વિશેષ પ્રભાવશાળી છે. એ સવિતા પૃથ્વી સુધી ફેલાયેલા અને આકાશના વિસ્તૃત પ્રદેશ સુધી ઊંચાઈમાં આવેલા માર્ગ પર ચઢીને ગતિ કરે છે. જેમ વેગથી ઊડતા કોક મહાન પક્ષીએ વિશાળ માર્ગ પર પ્રભાવ જમાવ્યો હોય તેમ જ આ સવિતા નારાયણ ઊંચે આકાશમાં ઊડતાં ઊડતાં માર્ગમાં આવેલા અંધકારોને દૂર કરે છે અને લીલા કરતાં કરતાં આગળ વધે છે.'

આમ ઋષિ ભરદ્વાજ પોતાની સ્તુતિ–પ્રાર્થનાઓ દ્વારા સૌર જગતમાં રહેલા મહાન સૂર્ય અને એના વર્ષ–સંવત્સરમાં મપાયેલ નક્ષત્ર–જ્યોતિઓનું અદ્ભુત વર્ણન કરે છે. સત્તાવીશ નક્ષત્રોના અધિષ્ઠાતા દેવોની સ્તુતિ પ્રાર્થના કરતાં પણ ભરદ્વાજ ઋષિ ખગોળ–વિદ્યાના સિદ્ધાંતોનું સુંદર નિરૂપણ કરે છે. એ સાથે બાર રાશિઓ અને નવ ગ્રહોની ગતિવિધિની અસર એક એક માનવ પર કેવી થાય છે એનું રહસ્ય પણ આ ઋષિ ઉકલે છે.

અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, બૃહસ્પતિ, પૂષા વગેરે દેવો તે તે નક્ષત્રના સ્વામીઓ છે, એ ઉપરાંત, અગસ્ત્ય, પુલહ, ક્રતુ, બ્રહ્મહૃદય, સપ્તર્ષિ વગેરે ગ્રહનક્ષત્રોના સ્વામીઓનાં સૌર જગતમાં સ્થાન છે; એ રીતે ઋષિને જે દર્શન થયાં તેનો મહિમા પણ એમણે ગાયો છે.

જેમ આદિ પ્રજાપતિ ઋષિસૃષ્ટિનાં સર્જન થયાં છે તેમ જ આદિ પ્રજાપતિ સૂર્યની પ્રેરણાથી ઋષિસૃષ્ટિના રૂપે ઋક્ષ–નક્ષત્રનાં સ્થાનો અને એઓના અધિષ્ઠાતા દેવોનાં સર્જન થયાં છે એનાં રહસ્ય ઉકેલતાં ઋષિ ભરદ્વાજની રચેલી સ્તુતિઓ એક દિવ્ય રહસ્ય ઉકેલે છે.

□

# ૨૪

# દૈવત જગાડો

એ હરિયૂપીયા નદી પૂરા વેગથી વહી રહી હતી. એના પૂર્વ કિનારે **પ્રસ્તોક** અને પશ્ચિમ કિનારે **ચાયમન** એ બે રાજાઓની રાજધાનીઓ વસી હતી. રાજા **ચાયમન** અભ્યાવર્તી—અંદરની શક્તિઓનો જાણકાર હતો. એ **પ્રસ્તોક સંજય** રાજાનો પુત્ર હોઈ બહારની શક્તિઓનો જાણકાર હતો.

એ ભૂમિ તો એક સરખી, પણ નદી વચમાં વહેવા લાગી એટલે નદીના બે કિનારા થઈ ગયા ને પરસ્પરના વ્યવહાર શરૂ થઈ ગયા; પણ નદીની જેમ સ્નેહના પ્રવાહો વહે તો બંને કિનારાઓની સમૃદ્ધિ વધે.

આ બંને રાજા મિત્રો હતા અને તેથી બંનેનાં પ્રજાજન સુખી સંતોષી હતાં. નદીના પ્રવાહ દિનરાત એક સરખા વહ્યે જાય છે, પણ એનો લાભ એક-સરખો લેવાતો નથી તેથી પ્રવાહની ગતિમાં ફેરફાર થતો નથી. પ્રજાજનોના લાભ માટે રાજ્યની વૃત્તિ અને પ્રવૃત્તિ પણ એકસરખી હોય છે.

'વહેવું'' એ નદીનું વ્રત છે, પણ એને વહેતી રોકે એ વૃત્ર છે, શત્રુ છે. આ નદીના ઉપર—કાંઠે જંગલોમાં **વારશિખ** નામના અસુરો રહેતા હતા. એ હતા તો અસુરો, પ્રાણબળથી શૂરાપૂરા, પણ એમનાં કાર્ય અવરોધ ઊભાં કરવાનાં. વહેતાં જળોને વાળી લે ને અડચણનાં શિખર ઊભાં કરે તેવા આ વારશિખ અસુર હતા.

વહેતાં પાણીના પ્રવાહોને એમણે રોકી રાખ્યા. નદીના પ્રવાહે સર્જેલી સમૃદ્ધિમાં અવરોધ ઊભા કર્યાને એટલેથી જ અટક્યા નહિ, એમણે તો લૂંટ શરૂ કરી અને પ્રજાજનોના પ્રાણ પણ હરી લેવા માંડ્યા.

**ચાયમન** અને **પ્રસ્તોક** બંને રાજા પરોપકારી અને દાની હતા. એ સાથી પ્રજાજનોની સાથે સાથ—સહકાર આપીને ખેતીનાં અને ઉદ્યોગોનાં કાર્ય કરતા હતા. એમની સેના પણ તૈયાર રહેતી હતી.

વારશિખ અસુરોનાં આક્રમણ રોકવા બંને રાજા પોતાની સેનાઓને સાથે લઈ યુદ્ધે ચડ્યા, પરંતુ વન–જંગલના આડા અવળા માર્ગોમાં વારશિખ અસુરોએ એ સેનાનો સંહાર કરી નાખ્યો. હારેલા બંને રાજા પાછા ફર્યા, એમના ઉત્સાહ ઓસરી ગયા, પ્રજાજનોમાં પણ ભારે નિરાશા વ્યાપી ગઈ.

પ્રાચી સરસ્વતીને કિનારે ઋષિ ભરદ્વાજનો આશ્રમ હતો ત્યાં બંને રાજા મુનિવરને શરણે ગયા અને એમણે પ્રાર્થના કરી કે

'ભગવન્, અમારાં રાજ્ય નીતિ અને સદાચારને માર્ગે ચાલે છે પ્રજાજનો પરસ્પર સહકારથી કાર્ય કરે છે, રાજ્યમાં કોઈ ખલ નથી, ચોર નથી કે કોઈ કંજૂસ નથી, છતાં દૂર જંગલમાં વસતા અસુરોએ અમારાં ધનમાલ લૂંટી લીધાં, અમારી સેનાઓનો સંહાર કરી નાખ્યો; હવે અમારે શું કરવું એ આપ જણાવો.'

મુનિવરે એમને આશ્વાસન આપતાં જણાવ્યું કે 'રાજન્, તમે સદાચારી છો અને તમારાં પ્રજાજનો નીતિને માર્ગે ચાલે છે એ તો ઘણું સારું છે. જે અસુરો દુરાચારી છે તેમની પાસે ભૌતિક બળ વધારે હોય છે અને એ લોકો કાવાદાવા કરીને પણ વિજય મેળવી લે છે. સદાચારનો માર્ગ સરળ છે તેથી વિજય મેળવવામાં વિલંબ થાય ને શરૂઆતમાં હારી જવાય !

'આવા અસુરો પર વિજય મેળવવા માટે તમારે દૈવી બળની સહાય લેવી જોઈએ. અસુરોની સામે ટકી રહેવા અને વિજય મેળવવા માટે મંત્રશક્તિ એક અનેરો ઉપાય છે. તમે બંને તમારા રાજ્યમાં પાછા જાઓ, બધી સેનાને ભેગી કરો અને યુદ્ધમાં વપરાતાં આયુધો, વાહનો, સાધનો વગેરે તૈયાર કરો.

'મારા આશ્રમમાં ભારદ્વાજ **પાયુ** છે તેને હું તમારી પાસે મોકલીશ. એ મંત્રશક્તિનો પ્રયોગ કરી યુદ્ધનાં આયુધોમાં દૈવત જગાડશે, બુઠાં થયેલાં આયુધોને તીક્ષ્ણ બનાવશે, સેનામાં નવા પ્રાણનો સંચાર કરશે. તમે દૈવી સહાય મેળવી વિજય પ્રાપ્ત કરશો.'

એ ઋષિનાં ચરણોમાં વંદન કરી બંને રાજાઓએ વિદાય લીધી. ભરદ્વાજે પોતાના પુત્ર પાયુને બોલાવીને જણાવ્યું કે

'પુત્ર, આપણી સાધના શાંત એકાંત અરણ્યમાં ચાલે છે, પણ એનો ઉપયોગ તો લોકનાં કલ્યાણ માટે કરવાનો છે. જ્યાં બે પક્ષ લડતા–ઝઘડતા હોય ત્યાં પણ આપણે તો ન્યાયનો પક્ષ લેવાનો છે.

'આપણે જે મંત્રનાં દર્શન કર્યાં છે તે એક દૈવી બળ છે એટલે એકાદ સ્વાર્થ સાધવા ઉપયોગ થાય નહિ કે કોઇક લૌકિક ફળ મેળવવા માટે પણ વ્યવહારમાં મુકાય નહિ. જ્યારે લોકશક્તિ હારી જાય ત્યારે દૈવી શક્તિ જગાડવી પડે છે. આજે આપણી સહાય માગતા બે રાજા આવ્યા છે તે હારેલા છે અને નિરાશ થયેલા છે. એમને આપણી દૈવી બળમાં શ્રદ્ધા અને વિશ્વાસ છે. અહીં આપણે પણ જોવાનું છે કે આ દૈવી બળ વિશે આપણને શ્રદ્ધા છે. આપણું તો સાચું ધન શ્રદ્ધા અને તપ છે. એના બળ પર આપણે ટકી રહ્યા છીએ, પણ આજે એની કપરી કસોટી થવાની છે. તારી તૈયારી છે ?'

ભારદ્વાજ પાયુ પિતાની વાણી આદરથી સાંભળી રહ્યો. એમની એ રહસ્ય-વાણી સમજવા જેટલી મેધા એને જાગી હતી. એણે પણ મંત્રોનાં દર્શન કર્યાં હતાં, પરંતુ એનો પ્રયોગ કરવાની અને એ દૈવી શક્તિનો ચમત્કાર અનુભવવાની તક એને મળી નહોતી. એણે સાવધાન થઈ જણાવ્યું :

'ભગવન્, આપની પ્રેરણાથી મને દૈવી શક્તિ મળી છે. આપની આજ્ઞાથી એનો પ્રયોગ કરવાની આ અનેરી તક સાંપડી છે. મને પૂરેપૂરી શ્રદ્ધા છે કે રાજા અને પ્રજાજનો પોતાનાં લૌતિક સાધનોનો ઉપયોગ કરતા પહેલાં એમાં રહેલા દૈવતને જગાડશે તો એમનો વિજય થશે. આપની શુભાશિષ સાથે હું એમની પાસે જાઉં છું.'

ભારદ્વાજ પાયુ પિતાની શુભાશિષ લઈ હરિયૂપીયા નદીને કિનારે જઈ પહોંચ્યો. બંને દેશના રાજાઓ અને પ્રજાજનોએ એ ઋષિનાં ભાવભીનાં સ્વાગત કર્યાં. એમને જોઈને રાજા અને પ્રજાજનોમાં નવો ઉત્સાહ જાગ્યો. રાજ્યમાં ખેતી અને ઉદ્યોગ સારી રીતે ચાલતા હતા તેથી યુદ્ધમાં વપરાતાં અસ્ત્ર–શસ્ત્ર તો રાજ્યના મોટા મોટા ભંડારોમાં ભરી રાખ્યાં હતાં. શત્રુઓ પર આક્રમણ કરવાની હાકલ થઇ ત્યારે એ જૂના રથો અને વાહનો, બુઠ્ઠાં શસ્ત્રો અને સાધનો, નકામાં પડી ગયેલાં કવચો અને બાણોનાં ભાથાં બહાર કાઢવામાં આવ્યાં, પરંતુ અસુરોની સાથે સંગ્રામ ખેલતાં એ બધાં સાધનો નકામાં ગયાં અને એમને જબરી હાર ખાવી પડી. તેથી રાજા અને પ્રજાજનો ખૂબ જ નિરાશ થઈ ગયા હતા.

ઋષિ પાયુએ બધાં શસ્ત્ર, સાધનો, રથો, વાહનો, કવચો, ઢાલ અને બાણોનાં ભાથાં વગેરે ભંડારોમાંથી બહાર કઢાવ્યાં, જર્જરિત થયેલાં સાધનોનો નાશ કરાવ્યો, દૃઢ સાધનોને સજધજ કરી નવાં જેવાં બનાવી દીધાં.

બંને રાજ્યોનાં પ્રજાજનોને ભેગાં કરી એક મોટો ઉત્સવ રચવામાં આવ્યો.

સેનાપતિઓ, સેનાનાયકો અને વીર યોદ્ધાઓને એકત્ર કરી રાજાએ અને પ્રજાજનોએ એમનાં પૂજન–અર્ચન કરી વિશેષ આદર–માન કર્યાં તેથી એમનાં હૈયાંમાં નવાં સાહસ કરવાની પ્રેરણા જાગી. સેનાઓ અને યોદ્ધાઓનો ઉત્સાહ વધારવા માટે નવાં અસ્ત્ર–શસ્ત્રો અને યુદ્ધનાં સાધન–સામગ્રીઓનું એક મોટું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.

ભારદ્વાજ પાયુએ એકે એક વીર સૈનિક અને એના ઉપયોગમાં આવતાં કવચ, ભાલા, વાહન, સાધન, વગેરેનાં નામનિર્દેશ કરી જણાવ્યું કે 'હે રાજન્, હે પ્રજાજનો, હે વીર સૈનિકો, જે રાષ્ટ્ર–પ્રદેશમાં તમે નિવાસ કરો છો તે માતા ભૂમિ આપણું સાચું દૈવત છે. જેમ વિશાળ આકાશપટલમાં સૂર્ય નક્ષત્ર–મંડળ અને રાશિચક્રમાં ઘૂમી ઘૂમીને પોતાનાં વિવિધ સ્વરૂપે પ્રકાશે છે તેમ જ આ માતા ભૂમિ આપણાં પાલન અને પોષણ કરે છે. એ ભૂમિને માટે આપણે સમર્પણ કરવાનું છે. એ માતૃભૂમિની સેવા આપણે કરવાની છે અને તેથી હતાશા અને નિરાશા દૂર કરી આપણે તૈયાર થવાનું છે. આ માતૃભૂમિની સેવા કરવા માટે જે શસ્ત્ર–અસ્ત્ર, સાધન વાહન વગેરે ઉપયોગમાં લેવાનાં છે તે સાધનો પણ કેવળ સ્થૂલ કે જડ નથી, એમાં પણ દૈવતશક્તિ જગાડવાની છે. એમાં પણ જુદા જુદા દેવો વસેલા છે, તે દેવોનો મહિમા વધારી જડતામાં ચેતન લાવવાનાં કાર્ય આપણાં છે.

'મારા પિતા ભરદ્વાજ ઋષિએ મને જે દિવ્ય મંત્રશક્તિ આપી છે તેનાથી એક એક મંત્ર ભણીને આપણે આ સ્થૂલ સાધનોમાં દિવ્યતા જગાડવાની છે, નવાં ચેતન લાવવાનાં છે. એમાં સૌ જનો સાથ સહકાર આપે તો આપણે દિવ્યતા જગાડીશું. આવો, આપણે દેવોને આમંત્રણ પાઠવીએ અને એમની સ્તુતિ–પ્રાર્થના કરી યુદ્ધનાં સાધનોમાં મંત્રના ભાવ જગાડીએ.

'સૌથી પહેલાં આ કવચ–બખ્તરનો મહિમા ગાઈએ. જે વીર યોદ્ધાજન આ દિવ્ય કવચ ધારણ કરીને યુદ્ધમાં હાજર થાય છે તે વીર મેઘના જેવો શ્યામ-સુંદર બની રહે છે. હે કવચધારી વીરજન, તારા શરીરને એક પણ ઘા લાગશે નહિ અને તેથી તું વિજય મેળવીશ આ કવચનો મહિમા–દૈવત જાગતાં એ તારું રક્ષણ કરે છે.

'હે વીરજન, આ ધનુષની સ્તુતિ કરો. એ ધનુષથી દૂરના પ્રદેશ પાસે આવે છે અને તેથી વીરજનો સંગ્રામમાં વિજય મેળવે છે. ગમે તેવા વિકટ સંગ્રામ ખેલાતા હોય, પરંતુ જેના હાથમાં ધનુષ છે, તે યોદ્ધો વિજય મેળવે છે. એ ધનુષ તો શત્રુનો પરાભવ કરે છે. આ ધનુષમાં દૈવત–તેજનો સંચાર કરો ને તમે યુદ્ધમાં વિજય મેળવી લો.

'આ જ્યા–ધનુષની દોરીનો મહિમા ગાઓ. જેમ કોઈ પ્રિય નારી કાન પાસે મુખ રાખીને પતિની સાથે મંત્રણા કરે છે તેમ જ વીરજનના કાન સુધી ખેંચાઈ ને આવેલી આ ધનુષની દોરી વિજયનું રહસ્ય જાણે કહેવા માગતી હોય એમ લાગે છે. જ્યારે એ દોરીને ધનુષની પણછ પર ચઢાવીને ખેંચવામાં આવે છે, ત્યારે એ દોરી પ્રિયભાષિણી નારીની જેમ મધુર શબ્દ કરે છે. મંત્ર દ્વારા જેમાં દૈવત જાગ્યું છે તેની આ દોરી યુદ્ધમાં આવી પડેલાં સંકટોની પારે વીરજનને લઈ જાય છે.

"ધનુષના બંને છેડાઓની અણીઓની સ્તુતિ કરો. હે વીરજનો, જેમ ઘર-સંસાર ચલાવતી બે નારી એક મન જોડીને ઘરનાં કાર્ય સારી રીતે કરી લે છે તેમ જ બંને છેડાઓ પર રહેલી આ અણીઓ પણ બાણ ખેંચવાના કાર્યમાં સંમત થાય છે. જેમ માતા પુત્રને ગોદમાં લે તેમ જ બંને અણી બાણને ધનુષની ગોદમાં લે છે. એકમેકના સ્વભાવમાં સરખાપણું લાવનાર આ બંને અણી દૈવત જગાડીને શત્રુઓનાં હૈયાં કંપાવી નાખે છે અને શત્રુઓનો નાશ કરી નાખે છે.

"બાણ ભરવાના આ ભાથાના દેવનો મહિમા ગાઓ. એ ભાથાના અધિષ્ઠાતા દેવ ઘણા બધા પુત્રોના પિતા છે; અર્થાત્ ભાથામાં ઘણાં બાણ રહે છે તેઓનાં પાલન આ દેવ કરે છે. સમર ભૂમિના આંગણે આવીને આ બાણો ઘણા પ્રકારના વિચિત્ર અવાજ કરે છે. યુદ્ધમાં લડતો વીરજન આ ભાથું પોતાની પીઠ પર બાંધે છે અને એ ભાથામાં દૈવત જાગે તો ભાથાંમાંથી નીકળેલાં બાણો દ્વારા એ ભાથાના દેવ સંગઠિત થયેલા શત્રુઓની સેનાઓને પણ જીતી લે છે.

"હે વીરજનો, આ સારથિ અને એના હાથમાં રહેલી ઘોડાની લગામની સ્તુતિ કરો. રથની આગળ બેઠેલા સારથિ પોતાની અંદરનું દૈવત જાગતાંની સાથે જ બેઠેલા યોદ્ધાની ઈચ્છા પ્રમાણે ઘોડાઓને યુદ્ધભૂમિમાં દોરી જાય છે. એ સાથે ઘોડાઓની લગામોમાં દૈવત જાગે એનો મહિમા જુઓ કે જ્યાં યોદ્ધાનો મનોરથ પહોંચે ત્યાં આ લગામે દોરેલા ઘોડા પહોંચી જાય છે.

"હવે એ ઘોડાઓની સ્તુતિ કરો. હે વીરજનો, રથોની સાથે જોડાયેલ આ ઘોડા વેગથી દોડી રહ્યા છે. રણસંગ્રામમાં એ ઘોડા ઊંચા સ્વરે હણહણાટ કરી રહ્યા છે. જ્યારે મંત્રો ભણીને એમનામાં દૈવત જગાડવામાં આવે છે ત્યારે એ ઘોડા શત્રુઓને પોતાના પગ નીચે કચડી નાખે છે. એ ઘોડા પોતાની શક્તિ ખર્ચી નાખ્યા વિના જ શત્રુઓનો નાશ કરી નાખે છે.

'જે રથમાં આયુધો, ખાનપાનનાં સાધનો, બખ્તર, ભાથાં વગેરે રાખવામાં

આવે છે તે રથવાહન—ગાડાની સ્તુતિ કરીએ. હે વીરજનો, આ રથવાહન છે, જેમાં ખાનપાનનાં હવિ—સાધન રાખવામાં આવે છે, જેમાં વિવિધ આયુધો મૂકેલાં છે તેમજ જેમાં બખ્તર અને ભાથાં રહેલાં છે. એ રથવાહનમાં દૈવત જગાડવામાં આવે તો એ યોદ્ધાઓને બધી રીતે સુખ—સગવડ આપી શકે છે.

'હવે આપણે રથના રક્ષકોનો મહિમા ગાઈએ. હે વીરજનો, તમારા રથોનાં રક્ષણ કરનારા આ ગોપ—પુરુષો તો સારાં અન્નપાન ભેગાં કરનારા છે અને વીરજનોને પોષક અન્ન આપનારા છે. રણસંગ્રામમાં અન્ન—જળ ખૂટી પડે તો એ અન્નજળ ગમે ત્યાંથી ભેગાં કરી લાવે તેવી શક્તિઓ એઓ ધારણ કરે છે. આ ગોપજનો તો ઘણા જ ગંભીર છે. અનેક પ્રકારના ચિત્ર—વિચિત્ર સ્વભાવ ધારણ કરનારા સૈનિકોને સંતોષ આપવો અને બાણ વગેરે સાધનો તૈયાર કરવાં એ બંને પ્રકારની કલા કારીગીરી આ ગોપજનો ધરાવે છે. એમની અંદરનાં દૈવત જગાડવામાં આવે તો એ રક્ષકો દૃઢતાથી ટકી રહેનાર, વીર્ય સામર્થ્ય વધારનાર, અત્યંત ઉદાર અને શત્રુઓના સમૂહોના પરાજય કરે તેવા બળવાન બને.

'જેમ સૌર મંડળની વિવિધ રાશિઓનાં નવ ગ્રહ નિવાસ કરીને તે તે સ્થાનના બળની વૃદ્ધિ કરે છે તેમ જ રાજા પ્રજા સેનાઓ વગેરેનાં ભાગ્યસ્થાનોમાં રહેલ સ્વામીઓની સ્તુતિ અર્થાત્ સંગ્રામના દેવોની સ્તુતિ કરે છે. હે વીરજનો, જુઓ આ બ્રહ્મસ્થાનના અધિપતિ સૌમ્ય પિતૃઓ છે. જુદાં જુદાં સ્થાનોના દેવો તરીકે આ નિષ્પાપ શુદ્ધ દ્યાવાપૃથિવી છે તેમને મંત્રો ભણીને રાજી કર્યાં હોય તો એ આપણાં કલ્યાણ કરે છે. રેવતી નક્ષત્રમાં રહેલ આ પૂષા દેવ તેમજ ઋતુ ઋતુના અધિષ્ઠાતા વિવિધ સૂર્યો આપણી સ્તુતિ સાંભળીને પ્રસન્ન થાઓ અને આપણાં પાપ જોનારા શત્રુઓનો રણમાં પરાભવ કરો.

'આ બાણોનો મહિમા સાંભળો. હે વીરજનો, એક બાણ એવા પ્રકારનાં છે, જે સુંદર પાંખ ધારણ કરે છે, તો બીજાં બાણ એવાં છે કે જેની ટોચ મૃગચર્મની બનેલી છે અને દાંત જેની તીક્ષ્ણ છે. જ્યારે મંત્ર ભણીને બાણોમાં દૈવત જગાડવામાં આવે છે અને આ બાણો ધનુષની દોરી પર ચડાવવામાં આવે છે ત્યારે એઓ સીધાં જ શત્રુઓ પર પડે છે. એ બાણોની એકધારી વર્ષા થતાં શત્રુસેનાના સૈનિક આમ તેમ ચારે બાજુ વેરવિખેર થઈ જાય છે. એવા ભીષણ રણ સંગ્રામમાં આ બાણો અમારાં સુખ વધારો.'

શત્રુઓનાં બાણ નિષ્ફળ જાય એ માટે સોમ અને અદિતિ માતાની સ્તુતિ કરતાં જણાવે છે કે "હે વીરજનો, શત્રુઓએ આપણી પર છોડેલાં બાણ અત્યંત

ઋજુ અને સરળ બની રહો એ સાથે અમારાં બાણ પથ્થરની જેમ મજબૂત બની રહો. સર્વને કોમળ બનાવનાર રાજા સોમ અમારી તરફ કૃપા રાખી સારાં કાર્ય કરવાની પ્રેરણા આપો અને માતા અદિતિ અમારાં કલ્યાણ કરો.'

સારથિના હાથમાં રહેલી ચાબૂકની પ્રશંસા કરે છે : 'હે વીરજનો, ઘોડાઓને સીધે માર્ગે ચલાવનારી આ ચાબૂક ઘોડાઓની પીઠ પર અને નીચેના ભાગ પર ફટકારવામાં આવે છે. જ્યારે મંત્રો ભણીને એ ચાબૂકમાં દૈવત જગાડવામાં આવે છે ત્યારે તો એની પ્રેરણાથી સારથિઓમાં પણ નવાં ચેતન આવે છે અને એ ઘોડાઓને વિકટ રણસંગ્રામમાં નવી પ્રેરણા આપે છે.'

હાથ પર બાંધેલ હસ્તબંધ—હસ્તઘ્નની સ્તુતિ કરે છે : 'હે વીરજનો, બાણાવળી યોદ્ધાના હાથ પર જે હસ્તબંધ બાંધવામાં આવેલ છે તે ફણાધારી સાપની જેમ હાથ પર વીંટાઇ ને રહે છે. એ હસ્તબંધ યોદ્ધાને પ્રત્યંચા—દોરીના આઘાતથી બચાવી લે છે. એ હસ્તઘ્ન શર સંધાન કરવાનાં બધાં જ કાર્યોને સારી રીતે જાણે છે. એમાં મંત્ર ભણીને દૈવત જગાડવામાં આવે તો એ જ્ઞાની પુરુષની જેમ યુદ્ધમાં રહેલ એક એક પુરુષનાં રક્ષણ કરતા રહે છે.'

ક્રૂર—ઘાતકી શત્રુઓનો નાશ કરવા માટે ઝેર પાયેલ બાણોનો પ્રયોગ કરવામાં આવે છે તે વિષાક્ત બાણોની સ્તુતિ કરે છે : 'હે વીરજનો, જે બાણોને ઝેરથી ભરેલાં પાણી પાવામાં આવે છે, જે બાણોના ભાથા રુરુમૃગનાં ચામડાંથી મઢવામાં આવે છે અને જેનાં મુખ તીક્ષ્ણ ધારદાર લોખંડના પાનાથી ચમકદાર છે, તે બાણોનાં મંત્રથી અભિમંત્રણ કરવામાં આવે તો એ બાણોની દૈવી શક્તિ જાગે અને મેઘની પરાક્રમી વર્ષા થાય તે રીતે શત્રુઓ પર એ બાણોની વર્ષા થાય.

'હે હિંસાકુશળ બાણ, જ્યારે મંત્ર ભણીને તમારામાં દૈવત જગાડવામાં આવે છે, ત્યારે તમે ધનુષથી છૂટતાંની સાથે જ દૂર સુધી પહોંચી જાઓ છો. અમારા એ શત્રુઓ સુધી તમે પહોંચી જાઓ અને એમનામાંના એક પણ શત્રુને બાકી રાખશો નહિ.'

યુદ્ધભુમિની સ્તુતિ કરે છે : 'હે વીરજનો, જેવી રીતે મુંડન કરેલા કુમારો આશ્રમભૂમિ પર ખેલતા—કૂદતા હોય છે તેવી જ રીતે યુદ્ધની ભૂમિ પર જ્યાં ત્યાં બાણો ઊડી રહેલાં છે તેઓથી યુદ્ધભૂમિ અમારાં રક્ષણ કરો. અમે જે વિશાળ મંત્રોના પાઠ કરીએ છીએ તેના સ્વામી બ્રહ્મણસ્પતિ અમને બધી રીતે આનંદ આપો.'

કવચ બાંધનાર કારીગરની સ્તુતિ કરે છેઃ 'હે રાજન્, આ કવચ બાંધીને તમારા શરીરનાં કોમળ અંગોને હું ઢાંકી દઉં છું. અસ્ત્ર–શસ્ત્રના ઘા રૂઝવનાર રાજા સોમ તમારી પાસે મૃતસંજીવની બનીને નિવાસ કરે; વીરજનનાં વ્રતને પોષનાર રાજા વરુણ તમને શ્રેષ્ઠજનોમાં પણ વિશેષ શ્રેષ્ઠ બનાવે; તમને વિજય પ્રાપ્ત થાય તેનો આનંદ બધા દેવો મનાવે.'

કવચ વગેરે યુદ્ધના સાધનોમા દૈવત જગાડનાર આ મંત્રશક્તિ દૈવી કવચ છે અને દેવો સહાય કરે છે એ ભાવે સ્તુતિ કરે છે: 'હે વીરજનો, જે યોદ્ધા શત્રુ બનીને આપણી પાસે હોય કે પછી ઘણે દૂર રહેતા હોય, જે નીચ સ્વભાવના હોય અને આપણને મારી નાખવા તૈયાર થયા હોય, તે બધા પ્રકારના શત્રુઓનો નાશ ભણેલા મંત્રોથી નવા દૈવતને પ્રાપ્ત કરનાર દેવો કરી નાખે. જે બ્રહ્મકવચ છે, એ તમારા દૈવતને જગાડો અને વિજય પ્રાપ્ત થાઓ.'

ભારદ્વાજ પાયુ ઋષિએ બંને રાજાઓને દિવ્ય પ્રેરણા આપીને યુદ્ધ માટે તૈયાર કર્યા. અસુરો પોતાના રાજ્ય પર આક્રમણ કરે એ પહેલાં બંને રાજા પોતાની સેનાઓની સાથે દૂર જંગલના પ્રદેશોમાં પહોંચી ગયા, જ્યાં વારશિખ અસુરો રહેતા હતા.

અસુરો અચાનક આવી પડેલ આક્રમણથી ગભરાઈ ગયા. એમણે આ રાજાઓને હરાવીને ધનમાલ લૂંટી લીધાં હતાં એટલે નિર્ભય થઈ ને એ અસુરો ખાનપાન અને ખેલ–કૂદમાં આનંદ માણી રહ્યા હતા. એ બધા એકઠા થઈ આક્રમણ કરે એવો અવકાશ પણ રહ્યો નહોતો.

આ બાજુ રાજાઓના સૈનિકોમાં નવું દૈવત જાગ્યું હતું. એમનાં શસ્ત્ર અને યુદ્ધનાં સાધન પણ દિવ્ય બળની પ્રેરણાથી ચમકતાં હતાં. દૂર--દૂરના જંગલપ્રદેશોમાં આ બંને રાજા પોતાની સેનાઓની સાથે આગળ વધતા હતા. એ વિકટ પ્રદેશોમાં નદીઓની બનેલી ખીણો અને કોતરોમાં તેમજ નાના નાના ડુંગરાઓમાં અસુરો ભરાઇ ગયા હતા.

અજાણ્યા પ્રદેશોમાં એ અસુરોએ રાજાઓને ચારે બાજુથી ઘેરી લીધા અને એઓ છૂપી રીતે આક્રમણ કરવા લાગ્યા. વિકટ પરિસ્થિતિમાંથી બચવું ઘણું મુશ્કેલ હતું. એમણે ભારદ્વાજ પાયુ અને ભરદ્વાજ ઋષિને યાદ કર્યા. એમની પ્રાર્થના સાંભળી બંને ઋષિ એ વિકટ પ્રદેશમાં આવી પહોંચ્યા. ઋષિ ભરદ્વાજે દૈવી સહાય કરવા દેવરાજ ઇંદ્રને યાદ કર્યા, પણ જાણે કે એમની સ્તુતિ ઇંદ્ર સુધી પહોંચી ન હોય એવું બન્યું. આ બાજુ બંને રાજા અસુરોથી પૂરેપૂરા ઘેરાઈ

ગયા હતા, એમના સૈનિકો હારી રહ્યા હતા, એમનાં અસ્ત્ર--શસ્ત્ર વગેરે સાધનો નિષ્ફળ જતાં હતાં.

ભરદ્વાજ ઋષિ પણ અકળાવા લાગ્યા. એમણે સ્તુતિ કરવાને બદલે દેવરાજ ઇંદ્રને ઠપકો આપતાં જણાવ્યું કે

'અરે ભાઈ, આપણે જેને સોમરસ આપીને રાજી કર્યા તે ઇંદ્રે મદ-ઉત્સાહમાં આવ્યા પછી આપણે માટે કર્યું શું ? આપણે એ દેવરાજને સારી રીતે સોમ--પાન કરાવ્યાં, પણ તેથી આપણને શું લાભ થયો ? ભલા, એ ઇંદ્રની સાથેનો સંગ કરીને આપણે એની મિત્રતા સાચવી, પણ એણે આપણને શી મદદ કરી ? નવા નવા સંબંધ કરવાથી પણ તમને લાભ શો થયો ?'

ઋષિનો એ ઠપકો ચમત્કારની જેમ અસર કરી ગયો. ભલા, ઇંદ્ર શૂરવીરોને પ્રેરણા આપનાર યુદ્ધનો દેવ ! ઋષિની વાણી સાંભળીને એ દેવરાજ જાતે હાજર થયા અને રાજાઓના સૈનિકોમાં દૈવી બળનો સંચાર થયો. અંધારાં ઓસરી જાય અને પ્રકાશ ફેલાય તેમ જ એ અસુરોની માયા ઓસરી જવા લાગી. ખીણો અને કોતરમાં ઘેરાયેલા રાજાઓ પોતાની સેનાઓ સાથે આગળ વધ્યા અને વારશિખ અસુરોનો પૂરેપૂરો સંહાર કરી નાખ્યો.

દેવરાજ ઇંદ્રની એ દિવ્ય સહાયથી પ્રસન્ન થયેલ ઋષિ સ્તુતિ કરવા લાગ્યા.

'સાચે જ, દેવરાજ ઇંદ્રે મદ–ઉત્સાહમાં આવીને આપણે માટે ઉત્તમ કાર્યો કર્યાં છે. એમણે સોમપાન કરીને આપણને મોટો લાભ કરી આપ્યો છે. એમની સાથે સંગ કરીને અને મૈત્રીનો સંબંધ બાંધીને આપણે ઘણા મોટા વિજય મેળવી લીધા છે. ભલા, જે સભામાં અને સમરાંગણમાં દેવરાજ ઇંદ્ર હાજર હોય ત્યાં નવા નવા વિજય પ્રાપ્ત થાય છે.

'ખરેખર, હે દેવરાજ ઇંદ્ર ! તમારા સમસ્ત મહિમા અમે જાણી શકતા નથી. તમે અમને જે સિદ્ધિઓ અને લાભ આપી રહ્યા છો તે બધાં પણ અમે પૂરેપૂરા જાણી શકતા નથી, તમારા દિવ્ય સામર્થ્યને પણ અમે જાણતા નથી.

'હે દેવરાજ ઇંદ્ર, તમારાં આ પરાક્રમ જાણીતાં છે. આ વારશિખ જાતિના અસુરોનો તમે સંહાર કરી નાખ્યો. આ હરિયૂપીયા નદીને કિનારે રહેલા વિકટ પ્રદેશોમાં વારશિખના એક સો ત્રીસ પુત્રો કવચ ધારણ કરીને પૂરેપૂરા બળથી સંનદ્ધ થઈ આવી પહોંચ્યા અને એમણે ચાયમાન અને પ્રસ્તોકના સૈનિકોને ઘેરી લીધા હતા. એ બધા અસુરોનો સંહાર કરી નાખ્યો."

વિકટ જંગલોમાં વસતા એ વારશિખ અસુરોનો સંહાર કરી રાજા ચાયમાન અને પ્રસ્તોક પોતાની વિજયી સેના સાથે પાછા ફર્યા ત્યારે રાજધાનીનાં પ્રજાજનોએ એમને ખૂબ જ હર્ષથી વધાવી લીધા. પ્રજાજનોએ એક મોટો ઉત્સવ રચ્યો. ભરદ્વાજ અને ભારદ્વાજ પાયુએ જે દૈવી પ્રેરણા આપીને નવાં દૈવત જગાડયાં હતાં તેઓને જ કારણે આ મહાન વિજયના ઉત્સવનો પ્રસંગ આવ્યો હતો એ રાજા અને પ્રજાજનો સારી રીતે જાણતાં હતાં તેથી એ બંને ઋષિઓનાં બહુમાન કરવામાં આવ્યાં અને એમને દાનદક્ષિણામાં વિપુલ ધન આપીને ભાવભરી વિદાય આપી.

☆

# ૨૫

# દિવ્ય જન્મ અને કર્મ

સવારે સૂર્ય ઊગે છે ને ઋષિનું હૃદય નાચે છે. એ સૂર્યમાં એને એક દિવ્ય દર્શન થાય છે અને એને કાવ્યની વાણીમાં ઉતારે છે:

'સાચે જ, મને એક ચિત્રવિચિત્ર દૃશ્ય દેખાય છે. આ સૂર્ય એકલો પ્રકાશનો ગોળો નથી, એ તો એક સ્થિર ચક્ષુ છે, દેવ મિત્ર અને દેવ વરુણનું ચક્ષુ છે.'

આ મિત્ર અને વરુણ કોણ છે? અંધકારથી ભરેલી રાતમાં વરુણ રક્ષણ કરે છે માટે એ રાતના દેવ ગણાય છે. સવાર થતાં પ્રકાશ ફેલાય ત્યારે મિત્ર પ્રજાજનોને પ્રેરણા આપે છે માટે એ દિવસના દેવ ગણાય છે. દિવસ અને રાતની સંધ્યા તેમજ રાત અને દિવસની સંધ્યા એ બંને તો મિત્ર અને વરુણનાં મિલનસ્થાન. એ સંધ્યા તો ઉર્વશી અપ્સરા, ચમકતી વીજળી ને ત્યાં આ બંને દેવોનાં સામર્થ્ય પ્રગટે છે. એમાંથી જે બે ઋષિઓનો જન્મ થાય છે તે અગસ્ત્ય અને વસિષ્ઠ.'

રાત તો ઘેરી અંધારી કુંભ જેવી માટે અગસ્ત્ય પણ ગંભીર સ્થિર, તેથી એ કુંભમાં જન્મ્યા. પ્રકાશ ફેલાવતી ઉષા તો પુષ્કર કમળ જેવી માટે વશિષ્ઠ વિકાસ પામતા અને ખીલી ઊઠતા કમળમાં જન્મ્યા.

આ તો વશિષ્ઠનો બીજો જન્મ છે. પહેલો જન્મ પ્રજાપતિના પ્રાણથી થયેલો માટે વશિષ્ઠ પ્રાણ ગણાય, ઋષિ ગણાય; પત્ની અરુંધતી—વાણીની મૂર્તિ. આ પ્રાણ અને વાણીના સુયોગથી સો સો પુત્ર થયા તે બધા જ વશિષ્ઠ કે વાશિષ્ઠ ગણાયા અને એ ઋષિઓ. એમને હૈયે જે ભાવ જાગ્યા તેને કાવ્યની વાણીમાં ઉતાર્યા. આ વાણીમાં પ્રાણનું બળ તો ખરું જ અને પ્રાણના દેવ ઇંદ્ર. વશિષ્ઠના પુત્રોએ ઇંદ્ર-પ્રાણ દ્વારા એ કાવ્ય ગાયું છે અને એ કાવ્યમાં વશિષ્ઠના

કુળનો મહિમા ગાયો છે માટે એના દ્રષ્ટા ઋષિ દેવરાજ ઇંદ્ર છે ને દેવ પણ ઇંદ્ર છે. સંવાદની શરૂઆત કરતાં ઇંદ્ર જણાવે છે :

'આ વશિષ્ઠ ગોત્રના પુરુષો ગૌરવર્ણના છે. એમણે માથાની જમણી બાજુએ શિખાઓ બાંધી છે. એ પુરુષો અત્યંત બુદ્ધિશાળી છે અને તેથી એમનાં આનંદ કાર્ય યોજનાપૂર્વક થાય છે. આ પુરુષો મને ખૂબ જ મદભર આનંદ કરાવે છે. હું જ્યારે યજ્ઞમાં રચેલા આસન પરથી ઊઠીને વિદાય લઉં છું ત્યારે એક વાત ખાસ યાદ રાખું છું અને કહું છું કે વસિષ્ઠ કુલના પુરુષો મારાથી દૂર ન થાઓ.'

એ દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરતાં વશિષ્ઠ જણાવે છે :

'વયત્ રાજાના પુત્ર પાશદ્યુમ્નના યજ્ઞમાં સોમરસ તૈયાર થયો હતો અને એ તાજો સોમરસ ચમસ–પાત્રમાં ઇંદ્રને માટે ભર્યો હતો. આ બાજુ વશિષ્ઠ–કુળના પુરુષોએ એવો દિવ્ય સોમરસ તૈયાર કર્યો કે વીર દેવરાજ ઇંદ્રે પહેલા યજ્ઞના સોમરસને પડતો મૂકયો ને વશિષ્ઠના સોમયાગમાં આવીને સોમરસનાં પાન કર્યાં. સાચે જ, વશિષ્ઠો એ રીતે દૂરથી ઇંદ્રને બોલાવી લાવ્યા હતા ત્યારે ઈંદ્રે પણ વસિષ્ઠોને વરદાન આપ્યાં હતાં.

એમની સ્તુતિથી પ્રસન્ન થતાં ઇંદ્ર જણાવે છે :

'હે વસિષ્ઠ–પુરુષો, તમારા બ્રહ્મ–મંત્રોથી પિતૃઓ પ્રસન્ન થાય છે. તમારા યજ્ઞમાં આવવા માટે હું પોતે મારા રથનાં અક્ષ–ધરી ચલાવું છું. માટે તમે કદી રિસાતા નહિ. તમે શકવરી છંદમાં રચેલાં બૃહત્ સામનાં ગાન ગાઓ છો ત્યારે ઇંદ્રની અંદર રહેલાં બળનો વધારો કરો છો.'

તૃત્સુ ભરત વગેરે પાંચ પ્રકારના રાજાઓ–પંચજનોએ વસિષ્ઠને પોતાના પુરોહિતપદે પસંદ કર્યા હતા. એ પંચજન રાજાઓ દાશરાજ્ઞ યુદ્ધમાં વિજયી બન્યા હતા, જેમાં દશ બળવાન રાજાઓનો સંઘ હતો. વસિષ્ઠ કુળના પુરુષોએ દેવરાજ ઇંદ્રની સ્તુતિ કરી હતી. એ દેવરાજ પોતે યુદ્ધમાં હાજર થયા હતા. એ પ્રસંગને યાદ કરતાં, વસિષ્ઠ ઋષિ જણાવે છે :

'વસિષ્ઠની પ્રેરણાથી તૃત્સુ રાજાઓ દાશરાજ્ઞ નામના પ્રસિદ્ધ યુદ્ધમાં લડવા ગયા ત્યારે એ શત્રુઓથી ચારે બાજુ ઘેરાઈ ગયા હતા અને ભૂખ–તરસથી પીડાતા હતા; એમને છૂટા કરવા માટે વસિષ્ઠ ઋષિઓએ ઇંદ્રની સ્તુતિ કરી હતી. એ સ્તુતિ સાંભળતાંની સાથે જ ઇંદ્ર યુદ્ધમાં હાજર થયા. ચારે બાજુથી ઘેરાયેલા તૃત્સુ રાજાઓને માટે એમણે વિશાળ પ્રદેશ બનાવી દીધો ને એમને મુક્ત કર્યા.

'ભલા, આ તૃત્સુઓ અને ભરત રાજાઓ બળ–સંખ્યામાં ઘણા ઓછા ગણાય. ગાયોને હાંકવાની લાકડીઓ જેવાં એમનાં આયુધ હતાં. અમારા કુલપતિ વસિષ્ઠ મહારાજ રાજપુરોહિત બનીને એ ભરતોની સહાયે આવીને ઊભા રહ્યા. ત્યારથી એ તૃત્સુ અને ભરતોની પ્રજાઓ વિશાળ પ્રદેશોમાં ફેલાવા લાગી.

'સાચે જ, એ ત્રણ દેવો વીર્ય–સામર્થ્ય ધરાવે છે; અગ્નિથી જલ, વાયુથી બલ અને સૂર્યથી તેજ. પ્રકાશના પ્રગતિશીલ માર્ગે ત્રણ શ્રેષ્ઠ આર્ય–પ્રજાજનો અગ્રેસર બને છે, જેમાં બુદ્ધિ અને ધનનો સંયોગ છે. ત્રણ પ્રકારની તાજગી સવારે ઉષા થતાંની સાથે જ જાગે છે. વશિષ્ઠ–કુળના પુરુષો સમાજ રાષ્ટ્ર અને વિશ્વની પ્રગતિ સારી રીતે જાણે છે.

'વસિષ્ઠ–પુરુષો, તમારો મહિમા સૂર્યની જ્યોતિની જેમ વધતો રહે છે અને એ સમુદ્રના ગંભીર જલની જેમ ગહન છે. તમે ગાયેલાં વિશાળ સ્તોત્ર–સામ વાયુના વેગની જેમ આગળ વધે છે; તમારા સામર્થ્યને કોઈ અનુસરી શકે એમ નથી.

'આ વિશ્વ હજારો તાણાવાણાથી વણાયેલ અને ગુપ્ત રહસ્યથી ઢાંકેલ વિશાળ પટ–વસ્ત્ર જેવું છે; એના ઊંડા રહસ્યને આ વશિષ્ઠ પુરુષો પોતાનાં હૃદયની પ્રેરક જ્ઞાનશક્તિઓથી જાણી લે છે. ખરેખર, સર્વને સંયમ–નિયમમાં રાખનાર પરમેશ્વર સાક્ષાત્ યમરાજ છે, જેણે વિશ્વની મર્યાદાઓને વણી લીધી છે. એ યમરાજની મર્યાદાઓમાં રહીને વિશ્વનો વિશાળ પટ તૈયાર કરનાર આ વશિષ્ઠ પુરુષો વીજળીના જેવા ચમકાર કરતી અપ્સરાઓની નિકટ બેઠેલા છે, જે અપ્સરાઓ પ્રેરક પરમેશ્વરની દિવ્ય શક્તિઓ છે.'

અહીં વિશ્વપટને ફેલાવનાર પરમેશ્વરને યમરાજ કહ્યા છે: એમની પ્રેરક શક્તિઓ રૂપે અપ્સરાઓ છે, જેની દિવ્ય જ્ઞાનશક્તિ આ વસિષ્ઠ પુરુષો ધારણ કરે છે. સામાન્ય ઘટના રજૂ કરીને વસિષ્ઠ–મૂલ પુરુષના દિવ્ય જન્મની ઘટના રજૂ કરે છે:

'હે વસિષ્ઠ, એ મિત્ર અને વરુણ દિવ્ય દૃષ્ટિ ધારણ કરે છે. એમને જાણ્યું કે ઋષિ વસિષ્ઠ પોતાની અંદર રહેલ વીજળી જેવી ચમકતી બુદ્ધિની જ્યોતિનો ત્યાગ કરે છે, અર્થાત્ વસિષ્ઠ કાયાનો કલ્પ કરી નવીન દિવ્ય દેહને ધારણ કરે છે, એ જાણીને બંને દેવોએ એમના એ નવા જન્મને પ્રેરણા આપી. ઋષિ અગસ્ત્યે વસિષ્ઠના જન્મને વધાવી લીધો અને વસિષ્ઠે કલ્યાણને માટે એ દેહ ધારણ કર્યો.

'હે વસિષ્ઠ મુનિ, તમારા એ દિવ્ય જન્મને પ્રેરણા આપનાર મિત્ર અને વરુણ છે તેમજ વીજળીની જેમ ચમકતી જ્ઞાનજ્યોતિ ઉર્વશી છે. આ રીતે તમે મિત્ર અને વરુણના પુત્ર છો અને ઉર્વશીના મનથી જન્મ લીધો છે; માનો ને કે એ મિત્ર અને વરુણનું વીર્ય બહાર આવ્યું અને વિશ્વના દેવોએ એને પુષ્કર-કમલ પર લઈ લીધું હતું.

'આ રીતે એ દિવ્ય જન્મ લેનાર વસિષ્ઠ આ લોક અને પરલોકના રહસ્ય જ્ઞાનને સારી રીતે જાણે છે. પોતાની પાસે રહેલા પ્રેરક જ્ઞાનનાં દાન એ વસિષ્ઠ હજાર રીતે અને સમાન સરખી રીતે કરી રહ્યા છે. સાચે જ, વિશ્વના યમનિયંતા પરમેશ્વરે વિશ્વપટને ફેલાવ્યું છે, તેને વણનાર આ વસિષ્ઠ છે, જેનો દિવ્ય દેહ અપ્સરાથી ઉત્પન્ન થયો છે.

'એમ જ કહોને કે આ વિશ્વરચના માટે વિશ્વનિયંતા પ્રજાપતિએ એક મોટા યજ્ઞનો પ્રારંભ કર્યો હતો. તે યજ્ઞના કાર્યમાં બધા દેવો જોડાયા હતા. એ રીતે યજ્ઞની દીક્ષા લઈ ને મિત્ર અને વરુણ પણ બેઠા હતા. એ સત્ર–મહા યાગમાં ઉદ્‌ગાતાઓ સામગાન ગાઇ રહ્યા હતા ત્યારે એ દિવ્ય મંત્રની પ્રેરણાથી મિત્ર અને વરુણ એ બંને દેવોએ પોતાના દિવ્ય સામર્થ્ય–વીર્યનું સિંચન એકસરખી રીતે કુંભ–ઘડામાં કર્યું હતું. આ કુંભની અંદરના માપથી અગસ્ત્ય ઋષિ પ્રગટ થયા માટે એમનું એક નામ **'માન'** ગણાયું, જે 'કુંભજ કે કુંભયોનિ' કહેવાય છે. ત્યારબાદ વસિષ્ઠ ઋષિનો જન્મ થયો હતો.

'હે પ્રતૃદ, તૃત્સ, ભરતજનો, આ પ્રમાણે દિવ્ય જન્મ લેનાર વસિષ્ઠ ઋષિ તમારી પાસે આવી રહ્યા છે. ઊંચા પ્રકારના મનના ભાવ ધારણ કરીને તમે તે ઋષિનો આદરસત્કાર કરો. સારા પ્રકારનાં ઉકથ–સ્તુતિવચનો અને સામનાં ગાન એ ઋષિ ધારણ કરે છે તેમજ તાજા સોમરસ પીસવા માટેના ખલ–દસ્તા પણ એમની પાસે છે; અર્થાત્ યજ્ઞને સફલ બનાવી ઇદ્રને પ્રસન્ન કરવામાં બધાં સાધન એ ઋષિ પાસે છે માટે એમનાં માન સ્ન્માન કરો.'

આ સૂક્તમાં વસિષ્ઠનાં દિવ્ય જન્મ ગુણ અને કર્મનું નિરૂપણ ઘણી સારી રીતે કરવામાં આવેલ છે. દશ રાજાઓના યુદ્ધમાં ઊતરેલા ભરતજનોને વસિષ્ઠ ઋષિએ વિજય અપાવ્યો છે એનું વર્ણન પણ આવે છે. એ રીતે આ 'આખ્યાન સૂક્ત' કથાનક રૂપે અનોખી ભેટ આપે છે.

વસિષ્ઠ ઋષિએ સુદાસ તુર્વસુ દ્રુહ્યુ અનુ વગેરે ભરતજનો તરીકે અથવા તો પંચજનો તરીકે ઓળખાતા લોકોને વિજય અપાવ્યો અને દુષ્ટ સ્વભાવના

તેમજ યજ્ઞયાગાદિ ક્રિયાઓનો નિષેધ કરતા વૃત્ર વગેરેના પ્રતિનિધિ જેવા દશ રાજાઓનો પરાજય કર્યો છે, એ પ્રસંગનું નિરૂપણ કરતાં વસિષ્ઠ મુનિએ ઇંદ્ર અને વરુણની સ્તુતિ કરી છે:

'હે ઇંદ્ર અને વરુણ, તમે બંને અમારા નેતા છો. અમે યજ્ઞ કરનારા યજમાનો તમારી સાથે નિકટનો બંધુભાવ જાગે એવી ઈચ્છા ધરાવીએ છીએ. અમે ઋત્વિજો વિશાળ પરશુ—કુહાડી હાથમાં લઈ ને પૂર્વ દિશા તરફ દર્ભ સમિધ વગેરે યજ્ઞનાં સાધન લેવા જઈએ છીએ. જે લોકો દાસ અને વૃત્ર છે તેમજ જે આર્ય શ્રેષ્ઠ હોવા છતાં યજ્ઞ કરતા નથી તે શત્રુઓનો તમે નાશ કરી નાખો અને આ સુદાસ રાજાના રક્ષણ માટે આવી પહોંચો.

'હે ઇંદ્ર અને વરુણ, જે સંગ્રામમાં યોદ્ધા વિજયની પતાકાઓ ધારણ કરીને ભેગા થાય છે, જે ભયંકર યુદ્ધમાં કશું પણ પ્રિય કે હિતકારી લાગતું નથી, જેમાં વીર યોદ્ધા પણ 'મરણ પામીને સ્વર્ગમાં જવું છે' એવી ઊંચી ભાવના રાખવા છતાં પણ ભય પામતા હોય છે, તે રણસંગ્રામમાં તમે આવીને અમને અનુકૂળ વાણી જણાવો.

'હે ઇંદ્ર અને વરુણ, અમારા રાજા સુદાસનો શત્રુ ભેદ રણસંગ્રામમાં આવી પહોંચ્યો છે તેનો તમે સંહારક આયુધોથી નાશ કરો અને સુદાસનું રક્ષણ કરો. આ તૃત્સુઓ અમારા યજમાનો છે અને મેં એમનું પુરોહિત—પદ સ્વીકાર્યું છે. એમના હિત માટે અમે જે બ્રહ્મ—મંત્રો ભણીએ છીએ તે તમે સાંભળો અને અમારી ભાવના સફળ કરો.

'હે ઇંદ્ર અને વરુણ આ વિકટ રણસંગ્રામમાં રાજા સુદાસના સેવકો અને એના સહાયક તૃત્સુ નામના ભરતજનો તમારાં બંનેના આવાહન કરે છે. આ સંગ્રામમાં દશ જાતિના રાજાઓએ ભેગા થઈ ને રાજા સુદાસને ઘેરી લીધા છે માટે તમે તૃત્સુઓની સાથે રહેલા એ રાજાનાં રક્ષણ કરો.

'આ રણ સંગ્રામમાં જે દશ રાજા એકઠા થયા છે તે યજ્ઞયાગ વગેરે પરોપકાર અને હિતનાં કાર્ય કરતા નથી. રાજા સુદાસ પરોપકારી અને યજ્ઞ કરનાર રાજા છે. તમારી કૃપા એની પર છે એ કારણે શત્રુઓ એની સાથે યુદ્ધ કરી શકશે નહિ. રાજાએ શરુ કરેલા યજ્ઞોમાં દેવોને બોલાવવામાં આવે છે અને ઋત્વિજો હવિ વગેરે સાધનો લઈને દેવોની સ્તુતિ સારી રીતે કરે છે. એ સ્તુતિ વચનો સાચાં હો અને દેવો એ રાજા પર કૃપા કરો. એવી પ્રાર્થના અમે કરીએ છીએ.

'હે ઇંદ્ર અને વરુણ, આ રણસંગ્રામમાં ભેગા થયેલા દશ દશ શત્રુ રાજાઓથી સુદાસ ચારે તરફથી ઘેરાઈ ગયો છે માટે તમે એને બળ આપો. એ રાજાને યુદ્ધમાં વિજય મળે એ કારણે તૃત્સુ નામના વસિષ્ઠના શિષ્યોએ તમારા બંનેની સેવામાં સ્તુતિ–વચનો અને ભેટપૂજા ધરી દીધાં છે તે બધાંનો તમે સ્વીકાર કરો. આ વસિષ્ઠના શિષ્ય ઋત્વિજો અત્યંત શુદ્ધ કર્મ કરનારા, માથા પર શિખાજટા રાખીને ઉત્તમ વ્રત કરનારા તેમજ સારી વિવેકબુદ્ધિથી યોજના કરનારા બુદ્ધિશાળી તૃત્સુઓ છે.

'હે ઇંદ્ર અને વરુણ, તમારામાંના એક દેવરાજ ઇંદ્ર યુદ્ધમાં શત્રુઓ વૃત્રોનો નાશ કરવામાં પ્રેરણા આપે છે તેમજ બીજા દેવ વરુણ મિત્ર રાજાને સારાં કાર્યો કરવામાં રક્ષણ આપે છે. હે વર્ષણશીલ વીર દેવો, સારાં સ્તુતિવચનોથી અમે તમને બોલાવીએ છીએ; તમે અમને સુખ આપો.'

આ સૂક્તમાં દશ રાજાઓની ગણના કરતાં યજ્ઞ નહિ કરતા અને કેવળ સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા લોકોનો નિર્દેશ કરી, યજ્ઞ કરતા અને પવિત્ર બુદ્ધિથી પરોપકારનાં કાર્ય કરતા સુદાસ તૃત્સુ વગેરે પાંચજનોને વિજય આપવા માટે સ્તુતિ કરી છે, જેમાં સુદાસ રાજા પંચજનોનો પ્રતિનિધિ છે અને વસિષ્ઠ ઋષિની સહાય મેળવી એ વિજયી બને છે.

જે મિત્ર અને વરુણથી વસિષ્ઠનો દિવ્ય જન્મ થયો છે તે બંને દેવ ખરી રીતે સૂર્યનાં સ્વરૂપ છે. દેવ સૂર્ય બાર માસોને અનુસરીને જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરે છે તે બધાં સૂર્યનાં સ્વરૂપો પાસે દિવ્ય પ્રેરણા મેળવવા માટે વસિષ્ઠ સ્તુતિ–પ્રાર્થના કરે છે:

'હે સૂર્ય, આજે સવારે તમે ઉદય પામતાંની સાથે જ અમને નિષ્પાપ જાહેર કરો. હે માતા અદિતિ, અમે દેવોની વચમાં રહીને મિત્ર અને વરુણને માટે સાચા મિત્ર–રૂપે બનીએ. હે અર્યમા–સૂર્ય, અમે સ્તુતિ ગાતા ગાતા તમારા પ્રિયજન બનીએ.

'હે મિત્ર અને વરુણ, માનવોનાં આચરણ જોનાર આ સૂર્ય છે, જે આ લોક અને પરલોકની વચ્ચે રહેલ અંતરિક્ષના રવિમાર્ગે ઉદય પામે છે. એ સૂર્ય તો જડ ચેતન સર્વ પદાર્થોના રક્ષક છે અને માનવોનાં સારાં–ખૂરાં કર્મ જુએ છે.

'હે મિત્ર અને વરુણ, દેવસદન–સ્વર્ગમાંથી રવિમાર્ગે જવા માટે સૂર્યે પોતાના રથમાં સાત સાત હરિત–ઘોડીઓ જોડી છે, જે જલ જેવી ચપળ વેગીલી ઘોડીઓ ઘૃતાચી સૂર્યને લઈ જાય છે. જેમ ગોપાળ પોતાના ગોધણની એક એક ગાયને જાણે છે તેમ જ આ સૂર્ય તમને પ્રસન્ન કરવાથી દરેક પદાર્થનાં સ્થાન અને જન્મ જાણે છે.

'મિત્ર વરુણ અર્યમા વગેરે અદિતિના પુત્રો સૂર્યના ગમનને માટે વિશાળ રવિમાર્ગ ખુલ્લો કરી આપે છે. આદિત્ય દેવો તો ઉદ્યમી પુરુષોને પ્રગતિના માર્ગે આગળ લઈ જાય છે અને આળસુ પાપીજનોને પડતીના માર્ગે ધકેલી દે છે. આ આકાશ અને પૃથ્વી બંનેના માર્ગોને જાણનાર વીર આદિત્યો અજ્ઞાની જનને વિના વિલંબે જ્ઞાની બનાવે છે અને સંકટ સમયે સહાય કરે છે.

'હે મિત્ર અને વરુણ, આપ બંનેનાં ચક્ષુરૂપે આ સૂર્ય ઉત્તમ પ્રકાશ ફેલાવે છે. એ ઉદય પામે છે અને સર્વે લોકોને જુએ છે, એ સાથે માનવોના મનના ભાવોને પણ પારખી લે છે.

'હે ઋત્વિજો, આ મિત્ર અને વરુણના તેજસ્વી ધામનાં વર્ણન કરો. એ બંને દેવોએ પોતાના સામર્થ્યથી બંને લોકોની મર્યાદાઓ બાંધી રાખી છે. જે લોકો યજ્ઞયાગ જેવાં પરહિતનાં કાર્ય કરતા નથી તેમના બધા મહિના વીરપુરુષોનાં મિલન વિનાના નકામા ચાલ્યા જાય છે અને જે પરહિત કરનારા યજમાન પુરુષો છે તેમનાં બલ–સામર્થ્ય વધતાં રહે છે. આ તે દેવો મિત્ર અને વરુણ છે, જેમણે વિશ્વોની રચના અને પદાર્થોને ધારણ કરવાના મહાયજ્ઞો શરુ કર્યા છે. એમનાં પરોપકાર–પરહિતનાં કાર્યોની અમે સ્તુતિ કરીએ છીએ. હે દેવો, કલ્યાણનાં સાધન અમારી સાથે રહ્યા કરો.'

જેમ મિત્ર અને વરુણ સૂર્યનાં સ્વરૂપ છે તેમ જ એ બંને દેવોની અગ્નિ વૈશ્વાનર અગ્નિના રૂપે સ્તુતિ કરીને ઋષિ અગ્નિ અને સૂર્યની એકરૂપે સ્તુતિ કરે છે:

'હે દેવ અગ્નિ, તમે મિત્ર છો અને વરુણ પણ તમે છો. વસિષ્ઠ–કુળના ઋષિઓ પોતાની વિવિધ મતિઓ અને સ્તુતિઓથી તમારો મહિમા વધારે છે. તમારી પાસે તો બધા પ્રકારનાં વસુ–ધનસાધન છે, જેનાં સેવન કરવાથી માનવોનાં કલ્યાણ થાય છે માટે દેવો, તમે કલ્યાણનાં બધાં સાધનોથી અમારી રક્ષા કરો.'

વસિષ્ઠ ઋષિએ અગ્નિ ઇંદ્ર વાયુ વરુણ વિષ્ણુ સરસ્વતી અશ્વિનીકુમારો મરુતો રુદ્ર જલ–આપોદેવી ઉષા પર્જન્ય ઋભુઓ સૂર્ય સવિતા ભગ દધિકાવા વિશ્વેદેવો વગેરે અનેક દેવોની સ્તુતિ કરી છે, પરંતુ મિત્ર અને વરુણ વિશેની એમની ભાવના આગળ તરી આવે છે, એટલું જ નહિ, મિત્ર અને વરુણને પણ સૂર્યના સ્વરૂપે કે મિત્ર અને વરુણના ચક્ષુરૂપે સૂર્યને જાણી લેવાની એમની ભાવના અનેરી રીતે એક દેવની ઉપાસના તરફ દોરી જાય છે.

આ વસિષ્ઠનાં સ્તુતિ–સૂક્તોમાં વસિષ્ઠ ઋષિની સાથે વસિષ્ઠકુળના ઋષિઓનો નિર્દેશ પણ અગત્યનો છે તેમજ વસિષ્ઠના પુત્ર શક્તિ અને એના પુત્ર પરાશરનાં નામ સૂક્તોમાં મળી આવે છે.

# ૨૬

# અપરાધી કોણ !

હિમાલયનો એ રમણીય પ્રદેશ છે. પાંચ પાંચ નદીઓ એ પ્રદેશ પર વહી રહી હતી ને ત્યાં ભરત જાતિના પાંચ પાંચ જન નિવાસ કરતા હતા. એ પંચજનો પર દશ દશ રાજાઓ વારંવાર આક્રમણ કરતા હતા. તેમના નિવાસ દૂર સાત સિંધુઓના પ્રદેશોમાં હતા.

આ પંચજન ભરતોએ રાજા સુદાસને પોતાનો સમ્રાટ બનાવ્યો અને વસિષ્ઠ ઋષિને પોતાના પુરોહિત બનાવ્યા. ઐંદ્ર મહાભિષેક કરીને પુરોહિતે રાજાના શિર પર મંત્રનાં જલ સિંચ્યાં અને એની પાસે મોટો સોમયાગ કરાવ્યો. વસિષ્ઠ—કુળના ઋષિઓએ તાજા સોમરસ તૈયાર કર્યા. દેવરાજ ઇંદ્ર બીજાના યાગમાં ગયા હતા ત્યાંના સોમ રસ છોડીને એ વસિષ્ઠના સોમયાગમાં આવી પહોંચ્યા અને એમણે વસિષ્ઠનાં સ્તુતિવચનોની સાથે સાથે સોમરસનાં પાન કર્યાં.

ભરત જનોની સહાયે રાજા સુદાસ પોતાની સેના સાથે પહોંચી ગયો. માર્ગમાં પરુષ્ણી—રાવી નદી આવી. તેમાં મોટાં પૂર આવ્યાં હતાં, ને એના વેગમાં સેના-ઓની સેનાઓ તણાઈ જાય. વસિષ્ઠના મંત્રનાં શ્રવણ કરીને દેવરાજ ઇંદ્રે નદીના વેગ થંભાવી દીધા; રાજાએ સેનાઓ સાથે નદી પાર કરી.

એ જ નદી પાર કરવા દશ રાજાઓ આવી પહોંચ્યા, પણ નદીના મહાવેગને એ રોકી શક્યા નહિ. રાજા સુદાસે દશ રાજાઓને હરાવી પંચજનોને ભયથી મુક્ત કર્યા અને વસિષ્ઠે એમને જ્ઞાન અને ભક્તિના માર્ગ બતાવ્યા.

એ વસિષ્ઠ ઋષિએ દૈવી શક્તિ મેળવી હતી. એમના યાગમાં દેવરાજ ઇંદ્ર જાતે હાજર રહેતા. એ ઋષિએ અગ્નિમાં જ્ઞાનનાં અને સૂર્યમાં ભક્તિનાં દર્શન કર્યાં હતાં. એમણે બીજા દેવોમાં કુદરતની વિવિધ વિભૂતિઓનાં દર્શન કર્યાં હતાં. જે કોઈ પદાર્થમાં સારો ગુણ હોય તેને વસાવી લેવો અને એના ગુણ ગાવા એ વિશેષ ગુણ હતા. એ ગુણોએ વસિષ્ઠ સૌના હૃદયમાં વસી ગયા હતા. ઇંદ્ર અગ્નિ

વગેરે દેવોમાં જે ગુણો હતા તે ગુણોએ વસિષ્ઠમાં નિવાસ કર્યો હતો અને તેથી વસિષ્ઠને સૌ જનો પૃથ્વીના દેવ—રૂપે પૂજતા હતા.

ભૂદેવરૂપે વસિષ્ઠનો પહેલો જન્મ. એ સાથે મિત્ર અને વરુણની કૃપાથી એ ઋષિને બીજો જન્મ મળ્યો હતો. એ તો દિવ્ય દેહ હતો; કાયાનાં કલ્પ—પરિવર્તન. એ દિવ્ય દેહ તો મંત્રરૂપે હતો. એનો ઉપયોગ દિવ્ય લાભ માટે થવો જોઈએ.

એ ઋષિને પોતાના પિતા વરુણનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. હા, ઇંદ્ર અગ્નિ વગેરે દેવો યજ્ઞમાં હાજર થાય, પણ વરુણ પિતૃલોકના સમ્રાટ. એમના ગુપ્તચરો ચૌદલોકમાં ફર્યા કરે અને ઘડી ઘડી સમાચાર મોકલતા રહે. એમની એ દિવ્ય નજરથી જલ થલ આકાશ વગેરેમાં કોઈ અજાણ્યું રહી શકતું નથી.

એ રાજા વરુણ પાપીઓને દંડ આપે છે. એ વરુણના વિકટ પાશથી કોઈ બચી શકતું નથી. પાપી પસ્તાવો કરે છે તેની પર વરુણ કૃપા કરે છે અને એને પાપથી બચાવી લે છે.

એ વરુણ રાજા એક વિશાળ ભવનમાં બિરાજે છે. જલમાં એમનો નિવાસ છે. એમની કૃપાથી વરસાદ આવે છે. જલ—આપોદેવી એમનાં પત્ની છે. અંતરિક્ષ આકાશમાં વહેતા પ્રકાશના પ્રવાહ પણ વરુણની મર્યાદામાં આવી જાય છે.

એ સમ્રાટ પ્રતાપી વરુણ દેવનાં દર્શન દિવસે થાય નહિ, એટલે ઋષિએ રાત્રિએ એમનાં દર્શન કરવાની ઈચ્છા કરી. ભલા, વરુણનાં દિવ્ય દર્શન અને મિલન કાંઈ આ સ્થૂલ દેહથી થાય ખરાં કે? ઋષિએ પોતાના મનથી સંકલ્પ કર્યો અને એમણે કાયાકલ્પ કર્યો. એમણે સ્થૂલ દેહ છોડીને દિવ્ય દેહ ધારણ કર્યો. સ્થૂલ રથ વાહન પણ એ માર્ગે કશા કામનાં નહિ એટલે એમણે મનોરથ તૈયાર કર્યો. જાગ્રત દશાનો વ્યવહાર પણ કશા કામમાં આવે નહિ તેથી એમણે સ્વપ્ન દશાના વ્યવહારનો આશ્રય કર્યો અને એ રીતે ઋષિએ હજાર હજાર દરવાજાઓથી વીંટાયેલ વરુણના ભવનમાં પ્રવેશ કર્યો.

એ ઋષિએ દિવ્ય દેહ ધારણ કર્યો હતો અને રાત્રિનો સમય હતો એટલે સામાન્ય જન એમને જોઈ શકે નહિ, પણ આ તો વરુણનો દરબાર : ત્યાંના ગુપ્ત-ચરો તો ઝીણામાં ઝીણી વાત જાણી લે અને પાપ પુણ્યને પિછાણી લે. એમને આંગણે એક અજાણી મૂર્તિ આવીને ઊભી રહે તેને પિછાણતાં વાર લાગે ખરી કે?

એ વરુણને દરવાજે કોઈ સામાન્ય જન હતો નહિ, એ હતો **સારમેય અર્જુન,** જેની માતા સરમા ઇંદ્રની પાળેલી કૂતરી હતી અને આ હતો વરુણનો

કુતરો. એણે તો ભસવાનું શરૂ કરી દીધું. એ અર્જુન સારમેય પાસે ધસી આવ્યો અને વસિષ્ઠના માર્ગમાં ઊભો રહ્યો. એ ઋષિને ભય લાગ્યો નહિ. એમણે શાંતિથી સારમેયને પંપાળવા માંડયો અને એની સ્તુતિ કરતાં ઋષિએ જણાવ્યું :

'હે સારમેય, અર્જુન તારો વર્ણ પિશંગ—પીળો છે, તું જ્યારે ભસતાં ભસતાં દાંત દેખાડે છે, ત્યારે એ દાંત તીક્ષ્ણ આયુધની જેમ ચમકતા હોય છે, બીડેલા હોઠમાં તારા દાંત રહેલા છે ને ખોરાક લેતી વખતે સારી રીતે ચમકે છે. હે સારમેય, મારા આવવાથી તારે ગભરાવાની જરૂર નથી તું સુખેથી સુઈ જા.'

'હે સારમેય, જે ઠેકાણું તેં એક વખત જોયું હોય છે તે જ ઠેકાણે તું ફરીથી જઈ પહોંચે છે, કારણ કે તું માર્ગ ભૂલતો નથી. અહીં ચોર કે લૂંટારા આવે તો એમની પર ધસી જઈને તું એમનો માર્ગ રોકી દેજે. અમે તો દેવરાજ ઈંદ્રના ભક્તજનો છીએ. તેઓની પર તું શા માટે ધસી આવે છે ? અમારા માર્ગમાં શા માટે અડચણ ઊભી કરે છે ? તું તારે સુખથી સૂઈ જા.

'હા, જંગલમાં વાઘ કે વરુ જેવાં પ્રાણી હોય તેના પર તું તો આક્રમણ કરી શકે છે, પણ એ વખતે જરા સાવધાન રહેજે, કારણ કે એ હિંસક પ્રાણી તો તને પણ ફાડી ખાશે. ભલા, અમારા પર આક્રમણ કરતો નહિ ને સુખેથી સૂઈ જા.

'હે સારમેય, તમારાં માતા અને પિતા સુખેથી સૂઈ જાય; તમે જાતે સૂઈ જાઓ; આ દરવાજાના રખેવાળ સૂઈ જાઓ; અહીં રક્ષણ કરવા માટે જાગતાં બધાં કુટુંબીજનો સૂઈ જાઓ. કોઈએ મારો ભય રાખવાનો નથી; બધાં જ સૂઈ જાઓ.'

વસિષ્ઠની એ વાણી મધુર હતી; એમને હૈયે શાંતિ હતી; એમની રીતભાત સાદી સરળ હતી; એ જોઈ પારખીને અર્જુન સારમેય બાજુ પર હટી ગયો અને વસિષ્ઠે એ વિશાળ વરુણના રાજભવનમાં પ્રવેશ કર્યો, ત્યાં તો બીજા અનુચરો રખેવાળો અને અંતઃપુરની નારીઓ જાગતાં હતાં, તે બધાં જ આવી પહોંચ્યાં. સ્તુતિ કરતાં ઋષિએ નિદ્રાનાં આવાહન કરતાં જણાવ્યું કે :

'હે નિદ્રા દેવી, આ રાજભવનમાં જે કોઈ છે અને જે હારે છે, જે કોઈ વરુણના જન અમને જુએ છે, તે બધાની આંખો એક ઠેકાણે સ્થિર થઈ જાઓ. આ રાજભવન જાતે એક સાક્ષીરૂપે છે તે જ રીતે એ બધા જનોને સ્થિર બનાવી દો.

'જે સૂર્ય હજારો કિરણોરૂપી શૃંગને ધારણ કરનાર વર્ષણશીલ વૃષભ જેવો સમર્થ છે, જે સવાર થતાં અંતરિક્ષના મહાન સમુદ્રમાંથી ઉપર ઊગી આવે છે

ને અસ્ત થતાં જે સૂર્ય બધાને વિશ્રામ આપે છે તે સૂર્ય પોતાના પ્રભાવથી બધા લોકોને સુવાડી દ્યો.'

'આ વરુણના રાજભવનમાં જે નારીઓ નિવાસ કરે છે, જે નારીઓ બહાર રહેલાં વાહનોમાં રહે છે, જે નારીઓ બહારનાં આંગણમાં વિષ્ટર છોડીને સુતેલી છે અને જે નારીઓ પુણ્ય પવિત્ર સુગંધ સુવાસને ફેલાવે છે, તે બધી નારીઓ આ વખતે શયન કરી જાઓ.'

વસિષ્ઠ ઋષિએ ભણેલા એ પ્રસ્વાપિની–ઉપનિષદે ચમત્કાર બતાવ્યો. એ વરુણના રાજભવનમાં એક એક નર નારી નિદ્રાને વશ થઈ ગયાં ને ઋષિનો માર્ગ ખુલ્લો થઈ ગયો. જે વિશાળ ભવનમાં રાજા વરુણ રહેતા હતા ત્યાં પહોંચતાં એમને વાર લાગી નહિ.

રાત્રિનો સમય હતો ને ઘેરો અંધકાર હતો છતાં વરુણનો પોતાનો પ્રભાવ ત્યાં પ્રકાશતો હતો. એમની આંખો કદી બિડાતી નથી ને એઓ નિદ્રાને વશ થતા નથી. સદા જાગ્રત રહેનાર એ વરુણે દૂરથી એક છાયાને પાસે આવતી નીરખી અને સત્તાધારી અવાજથી એમણે પૂછ્યું :

'કોણ એ ?'

'ભગવન્, આપનો પુત્ર વસિષ્ઠ,' જરાક ડરતાં ને સંકોચમાં વિનયભાવે ઉત્તર મળ્યો.

'અરે, તું આમ અચાનક કેવી રીતે આવી પડચો ?' વરુણે ચકિત સ્વરે પૂછી લીધું.

'પિતાજી; દ્વારના રખેવાળ સારમેયને મેં નિરાંતે સૂવાને જણાવ્યું.'

'તે શું, બીજું કોઈ નહોતું ?' વરુણ એક અનેરા અચંબામાં પડી ગયા હતા.

'હતા ને, પિતાજી ! આપના રાજભવનમાં રખેવાળો હતા, સ્વજનો હતા, નર અને નારીઓ હતાં, સેવકો હતા, તે બધાંને પ્રસ્વાપિની વિદ્યા ભણી સુવાડી દીધાં.'

'એમ, ને તું આ તરફ ધસી આવ્યો !' વરુણને એક આઘાત લાગ્યો.

'પિતાજી, આપનો પુત્ર બે હાથ માથું જોડી પ્રણામ કરે છે.'

વરુણ ક્રોધમાં આવી ગયા, એ જોઈ વસિષ્ઠ ગભરાયા; એમની પાસે જવાની હિંમત રહી નહિ. એ સમયે શું કરવું, એ સૂઝતું નહોતું, એ ઊભા જ રહ્યા.

'મારી આજ્ઞા વિના તેં અહીં પ્રવેશ કર્યો છે, વસિષ્ઠ ! તારે એનો દંડ ભોગવવો પડશે.'

વરુણે પોતાના અદૃશ્ય પાશથી વસિષ્ઠને બાંધી દીધા. ઘડીભર તો ઋષિને ભારે મૂંઝવણ થઈ, પરંતુ ક્રોધમાં આવેલ વરુણની આંખમાં એમણે કરુણા જોઈ. એમને હૈયે જાગ્યું કે 'જે અપરાધનો દંડ કરે છે તે અપરાધીને ક્ષમા પણ કરે છે.' પોતાના હૃદયમાં જાગેલા ભયને દૂર કરી એમણે નમ્રતાથી સ્તુતિ કરતાં જણાવ્યું :

'મહારાજ વરુણનાં દિવ્ય જન્મ અને કર્મ જાણીને ડાહ્યા જનો ધીરજ અનુભવે છે. આકાશ અને પૃથ્વી ડોલતાં હતાં તે બંનેને સ્થિર કરી વરુણે એઓને સ્થાન પર ગોઠવી દીધાં છે. આકાશમાં પ્રકાશતા વિશાળ સૂર્યમંડળને એ વરુણે પોતપોતાના માર્ગે ગતિ કરવા પ્રેરણા આપી છે.

'શું', એવા અદ્ભુત પ્રભાવશાળી વરુણ મહારાજની સાથે હું જાતે વાતચીત કરી શકીશ ? મહારાજ વરુણનો આત્મીયજન બનીને એમની સેવા કરું એવો સમય મને ક્યારે મળશે ? મહારાજ વરુણ ક્રોધ દૂર કરીને મારી સાથે શાંત મનથી મળે ને મને સુખ આપે એવો પ્રસંગ ક્યારે ઊભો થશે ?'

વસિષ્ઠ જાણે કે મનોમન બોલી રહ્યા હતા, પણ અંતર્યામી વરુણ એની મૌન વાણી સાંભળી રહ્યા હતા. એમનો ક્રોધ શમતો હતો. એમણે ઋષિની સામે જોયું અને એ કરુણાભીની નજરમાં પ્રસન્નતા જોતાં ઋષિએ જણાવ્યું :

'મહારાજ વરુણ, મેં ક્યાં પાપ કર્યાં છે એ હું આપને પૂછું છું. હું આપનાં દર્શન કરવા આવ્યો હતો અને આપે તો મને પાશથી બાંધી દીધો, આ પ્રકારનો પ્રશ્ન તો મેં ઘણા ડાહ્યા જનો અને કવિજનોને પૂછ્યો હતો; એ બધાએ મને તો એક જ પ્રકારનો ઉત્તર આપ્યો.'

'ડાહ્યા કવિજનોની વાત, ભલા, કોણ ન સાંભળે' ? વરુણે ધીરેથી પ્રશ્ન પૂછી લીધો; 'પુત્ર, તારા એ કવિજનોએ શો ઉત્તર આપ્યો હતો, ભલા ?'

'મહારાજ, એ બધાએ એક જ વાત કહી; તારા પર વરુણ મહારાજ રુઠ્યા છે.' એનો એ સ્પષ્ટ ઉત્તર સાંભળી વરુણ વિસ્મય પામ્યા ને સામે જોઈ રહ્યા. વસિષ્ઠે હવે તો નિર્ભય બનીને જણાવ્યું :

'મહારાજ, મારો એવો તે કયો મોટો અપરાધ થયો છે કે તમે મને પાશથી બાંધી દીધો ? શું, ભલા, આપની સ્તુતિ કરનાર અને સેવા કરનાર ભક્તજનને

મારી નાખવા ઇચ્છો છો ? હું જાણું છું કે આપનાં દર્શન બીજાને દુર્લભ છે. અને આપની પોતાની પ્રભાવશક્તિ પણ તેજસ્વી છે તોપણ એક મિત્રતાના ભાવે આપની પાસે આવવાનું સાહસ મેં કર્યું છે. એ જો અપરાધ ગણાતો હોય તો મને જણાવો, એ સાથે સાથે એનું પ્રાયશ્ચિત્ત પણ જણાવો. હું તો ભેટપૂજામાં આ સ્તુતિ વચનો લઇને તમારી પાસે દોડતો આવી પહોંચ્યો છું.

'ભગવન્, ધારો કે હું આપનાં દર્શન કરવા આવ્યો તેને અપરાધ ન ગણતા હો, પણ મારા બીજા અપરાધ આપના ધ્યાનમાં હોય; જેમકે કેટલાક અપરાધ તો મને વંશ-વારસામાં પિતા તરફથી મળેલા હોય. મારા નબળાં શરીરના અંગોથી કેટલાક દોષ થઈ ગયા હોય. આવા અપરાધ આપે માફ કરવા જોઈએ. ભલા, ચોર ને લૂંટારા પણ પશુઓને ચોરી જાય છે અને બાંધી રાખે છે, પણ એમને ઘાસચારો તો આપે છે; એટલી દયા પણ આપ નહિ દેખાડો? હું તો આપનો પ્રિય પુત્ર છું.

'મહારાજ વરુણ, માણસ કોઈ જાતનું પાપ કરે એમાં એ પોતે કારણ બનતો નથી, પરંતુ એને જન્મની સાથે સાથે જે સંજોગો મળી ગયા હોય છે તે દૈવ-નસીબને આધીન થઈને એ પાપ-અપરાધ કરવા ખેંચાય છે. ધારો કે એક માણસ સાવ ભલો ને નિર્દોષ છે; એણે સુરાપાન કરી તોફાન કર્યું, એણે ક્રોધના આવેશમાં કાંઈ ન કરવાનું કરી નાખ્યું, અથવા તો જૂગટું ખેલતાં અવિચારી પગલું ભર્યું, તેથી શું એ ભલો માણસ સાવ દુષ્ટ થઈ ગયો ? ખરૂં પૂછો તો માણસ હાથથી રમાડવાનું એક રમકડું છે. હૃદયમાં બેઠેલો કોઈક દેવ એને જેવી પ્રેરણા કરે છે તે પ્રમાણે એ સારાં કે નરસાં કામ કરે છેઃ એ પ્રેરક દેવ જ સર્વ રીતે સમર્થ છે, પણ એ કાંઈ પાપી ગણાશે ? અરે માણસ સ્વપ્નામાં કેટકેટલાં પાપ કરી નાખે છે ! એ ગણતાં તો કોઈ આરો જ ન આવે, પણ એ ખરેખરાં પાપ ગણાશે ?

'હે વરુણ મહારાજ, આપ તો ભક્તજનોની કામનાઓ પ્રમાણે ફળ આપનાર અને દાન વગેરે પરહિતનાં કાર્યો કરીને જગતનાં જનોનાં ભરણપોષણ કરનાર ભર્તા સ્વામી છો. હે પ્રભો, હું નિરપરાધ બનીને આપની સેવા ચાકરી સારી રીતે કરી શકું તેવાં બળ આપો. જેવી રીતે સેવક સ્વામીની સેવાઓ સારી રીતે કરે છે તેવી જ રીતે હું આપની સેવા કરું. આપ શ્રેષ્ઠ ગુણોથી યુક્ત દેવ છો એટલે અમે અજાણપણે જે કાંઈ કરતા હોઈએ તેમાંથી અમને સાચી દોરવણી આપો અને અમને અજ્ઞાનમાંથી જગાડો. જે કવિજન વિશેષે કરીને આપના ગુણોને જાણે છે તે પણ અમને પ્રેરણા આપે, જેથી આપની સમૃદ્ધિ અમને મળે.'

વરુણ દેવ સદા સચેત સાવધાન હોય છે, પરંતુ ભક્તજનની કરુણા ભરી એ આર્દ્ર વાણી સાંભળી હૈયે થોડી મૂંઝવણ અનુભવી રહ્યા હતા. વસિષ્ઠને પાશમાં જકડી રાખવાનું કારણ એ શોધી રહ્યા હતા, પરંતુ એવું કારણ એમને જડતું ન હતું. તો પછી એના પાશ ખોલી નાખવા જોઈએ, પરંતુ એ પ્રકારનો નિર્ણય એઓ કરી શકતા નહતા. 'પોતે ઘડેલા નિયમોથી પોતે પરવશ છે' એવી લાચારી એઓ જાણે કે અનુભવી રહ્યા હતા. વસિષ્ઠે એ જોયું અને એમના સામર્થ્યનો મહિમા ગાયો :

'આ તે સમર્થ દેવ વરુણ છે, જેમણે સૂર્યને વિશાળ માર્ગે જવા પ્રેરણા આપી, જેમણે નદીઓનાં જલને સમુદ્ર તરફ મોકલી આપ્યાં. રણ સંગ્રામમાં વેગથી થનગનાટ કરતી ઘોડીઓ જેમ આગળ વધે છે. તેમ જ આ સમર્થ વરુણે કાલની કલાઓના વેગોને ગતિ આપીને દિવસોનાં પરિવર્તન કરી, રાત્રિઓના વેગ આગળ વધારી આપ્યા.

'આ વરુણના ગુપ્તચરો બધા લોકોમાં ગતિ કરીને પુણ્ય અને પાપનાં કર્મ સારી રીતે જાણી લે છે. એ વરુણના શાસનમાં રહીને ડાહ્યા જનો પરહિતનાં યજ્ઞ વગેરે કર્મ કરે છે અને સ્તુતિ–પ્રાર્થનાઓ ગાય છે, જેથી એ વરુણના અપરાધોથી મુક્ત થાય છે. એ જ રીતે હું પણ અપરાધથી મુક્ત થવા માટે પ્રાર્થના કરું છું.'

વસિષ્ઠ વરુણદેવની સામે જ ઊભા રહીને એમનો મહિમા જાણે કે બીજા કોઈ ઋષિને સંભળાવતા હોય એમ બોલી રહ્યા હતા. એ મહિમા સાંભળીને વરુણને પોતાનાં શક્તિ અને સામર્થ્ય યાદ આવ્યાં. જે શાસન એમણે અપરાધી જનો માટે તૈયાર કર્યાં હતાં તે શાસન બદલવાની શક્તિ પણ એમની પાસે છે. એ પ્રકારની સ્વતંત્રતાનો એમણે અનુભવ કર્યો અને તેથી વિશેષ કરુણા હૃદયે જાગી હોય, એ ભાવે એ ઋષિ તરફ જોવા લાગ્યા. તેથી ધીરજ જાગતાં ઋષિએ મહારાજ વરુણની સામે જોઈ સ્તુતિ મહિમા ગાવા માંડ્યો :

'ભગવન્, આ પહેલાં પણ મને વરુણ મહારાજનાં દર્શન થયાં હતાં. હા, એ વખતે આપે મારી પરીક્ષા પણ લીધી હતી. આપે મને 'ગો' શબ્દનાં નામ સ્થાન અને લક્ષણ પૂછયાં હતાં; એના ઉત્તરમાં મેં વાણીને 'ગો' કહીને એનાં ત્રણ સ્થાન : છાતી કંઠ ને મસ્તક કહ્યાં હતાં ત્યારે આપે હસતાં હસતાં માથું ધુણાવી હા ભણી અને પછી ઉમેર્યું; 'ભાઈ, હું જે 'ગો' કહું છું. તે તો અઘ્ન્યા–પાપરહિત પૃથ્વી છે. તેની પર ઘણાં પાપ થાય છે, પણ એ પૃથ્વીને પાપ લાગતાં નથી. એ ગો પૃથ્વીનાં એકવીસ નામ છે.' આમ આપે ગુરુપદે રહીને મને શિષ્યભાવે

ગોપદનું રહસ્ય સમજાવ્યું હતું. હવે ભલા, એ પ્રસંગ મારાથી કેમ ભુલાય ?

'અને, ભગવન્, આપને યાદ આવે છે ?' વસિષ્ઠ ઋષિએ બીજો એક પ્રસંગ કહેવાની શરૂઆત કરી. વરુણે તો તાલ પર હાથ ફેરવવા માંડ્યો. એમને આ ઋષિ તરફ અનેરો આદર જાગતો હતો. જેની વાત સાંભળી એક એક પ્રાણી થરથર કંપવા લાગે ને જેના પ્રભાવથી સઘળા લોક સ્થિર થઈ જાય તે વરુણની સામે ઊભા રહીને બિલકુલ નીડર થઈ સ્પષ્ટ વાણી બોલનાર આ ઋષિને એઓ જોઈ જ રહ્યા.

'હા, મહારાજ, આજે તો આ દિવ્ય શરીરે હું આપનાં દર્શન કરવા આવ્યો છું અને પ્રકાશપુંજમાં આપની પ્રભાવશાળી મૂર્તિનાં દર્શન કરું છું, પરંતુ આ તો એક જૂનો પ્રસંગ છે. એ સમયે આપ જાતે મારી પર પ્રસન્ન થયા હતા ને આપે મને લાકડાની એક નૌકામાં લઈ લીધો હતો. એ વિશાળ સાગરમાં બીજી અનેક નૌકા હતી તેની સાથે આપણા બંનેની નૌકા પણ પાણીના પ્રવાહ પર ઝૂલાની જેમ ડોલતી હતી. આપણો એ નૌકાવિહાર મને કેટકેટલાં સુખ આપી રહ્યો હતો, ભલા !

'શું એ જ આપ વરુણ છો અને એ જ હું વસિષ્ઠ છું ? ના, રે ના, આજે તો લાગતું નથી. એ વરુણ મહારાજ કોઈ બીજા દેવ હોવા જોઈએ, જેમણે કોઈ એક વસિષ્ઠ નામના ઋષિને નૌકા પર ચડાવી સુખ આપ્યાં હતાં. એ દિવસો મારે યાદ કરવાના, જ્યારે મેં આપની સ્તુતિ ગાઇ હતી.'

રાજા વરુણને એ પ્રસંગો યાદ આવતા હતા ને એમની મૂંઝવણ વધતી હતી. વસિષ્ઠને પાશથી બાંધવામાં જાણે કે એમણે ઉતાવળ કરી નાખી હતી. 'ભલા, જ્યાં હજાર હજાર દરવાજા હોય ને ગુપ્તચરો ફરતા હોય ત્યાં કોઈ સામાન્ય જન આવે જ ક્યાંથી ? ત્યારે દિવ્ય દેહ ધારણ કરીને આવનાર એ મૂર્તિ ભક્તજન હોય તો જ સાહસ કરેને ?' આમ એ વરુણ વિચારી રહ્યા હતા ને વસિષ્ઠ એમની નિકટ આવી રહ્યા હતા. એમણે સ્તુતિ કરતાં જણાવ્યું :

'હે વરુણ મહારાજ, આપણા બેની એ જૂની મિત્રતા હતી તે મારે યાદ જ કરવાની રહી કે શું ? એકબીજાને આઘાત લાગે, તેવાં ક્રૂર વર્તન છોડી આપણી વચ્ચે કોમળ મિત્રભાવ જાગે એવી ભાવના હું સેવી રહ્યો છું. તમારાં આ રાજભવન ધન ધાન્યથી સમૃદ્ધ છે એ ભાવે હું આપની પાસે આવી પહોંચ્યો છું. તમારાં આ રાજભવન વિશાળ છે અને એને હજાર હજાર દરવાજા છે.

'ભગવન્, હું તો આપનો જ સ્વજન પ્રિય પુત્ર છું. પહેલાં પણ હું આપને વિશેષ પ્રિય હતો અને હવે પછી પણ આપનો પ્રિયજન બની રહું એવી મારી ભાવના છે. અમારાથી આપના કોઇક અપરાધ થઈ ગયા હશે તોપણ આપની કૃપા અમારા પર ઊતરે તો અમે પાપરહિત બનીને વિશેષ પ્રકારનાં સુખ મેળવીએ.

આપની સ્તુતિ કરીને હું એટલી જ માગણી કરું છું કે આપના ઘરમાં હું મુક્ત થઈને સુખે હરી ફરી શકું માટે મને બંધનથી મુક્ત કરો.'

વરુણ મહારાજે વસિષ્ઠને પાશમાંથી મુક્ત કરી દીધા. એક મિત્રને ભેટે તે રીતે એમણે વસિષ્ઠને આલિંગન આપ્યું અને પોતાના આસન પર બેસાડ્યા. પોતાના સર્વ મનોરથ પૂર્ણ થતાં એ ઋષિ રાજી થઈ ગયા. આનંદમાં આવીને એમણે જણાવ્યું કે :

'હે રાજન્, હે વરુણ, આજે તો હું આપને ઘેર આવી પહોંચ્યો છું. મારું આ ઘર ભલેને માટીનું હોય, પણ મારે મન તો એ સોનાનો રાજમહેલ છે. હે ક્ષત્ર ભાવને ધરાવતા વરુણ, તમે સુખી થાઓ અને અમને સુખી કરો.

'સારા દુર્ગમાં રહેનાર હે રાજન્, જેમ વાયુથી ભરેલી ધમણ નદીમાં તરે છે ને તારે છે તે જ રીતે અમે તમારો આશ્રય લઈએ. આપ સુખી થાઓ અને અમને સુખી કરો.

'નિર્મળ સ્વભાવના હે સમૃદ્ધ વરુણ, મારી શક્તિથી પ્રતિકૂળ વર્તીને હું તમારી પાસે આવ્યો તેથી તમે મને પાશથી બાંધ્યો. હવે તો અપરાધી કોણ એનો પણ ખુલાસો થઈ ગયો છે માટે આપ સુખી થાઓ ને મારી પર દયા કરો.

'હું, સાચે જ, ખારા સમુદ્રનાં જલ વચ્ચે ફસાઈ ગયો હતો તેથી તો ભરેલાં જલ હોવા છતાં હું ભૂખ–તરસથી પીડાતો હતો; એમાંથી તમે મને બચાવી લીધો.

'ભગવન્, સાચી વાત તો એ છે કે તમારી દિવ્ય પ્રેરણા સુધી અમે માનવો પહોંચી શકતા નથી. એટલે તો અમે તમારો અભિદ્રોહ–અપરાધ કરીએ છીએ. અજ્ઞાનને લીધે તો તમારાં કર્મોથી અમે મોહ પામીએ છીએ અને એ રીતે અપ-રાધ પણ કરી નાખીએ છીએ, પરંતુ આપ કૃપા કરીને રિસાતા નહિ.

'આપ સુખી થાઓ અને અમને સુખી કરો' એ ભાવ રટતાં રટતાં વસિષ્ઠ ઋષિ વિશેષ આનંદમાં આવી ગયા; ત્યાં તો એમની આંખ ખૂલી ગઈ.

ક્યાં, ભલા, વરુણલોક, ક્યાં વરુણનાં દર્શન અને ક્યાં પોતે યમુનાને કિનારે આવેલ માટીના ઘરમાં–પર્ણકુટીમાં સૂતા હતા તે સ્થાન ?

સ્વપ્નમાં પણ એમને જે વરુણનાં દર્શન થયાં તે તો અદ્દભુત હતાં; એનું જ્ઞાન તો જાગ્યા પછી પણ માર્ગદર્શન આપી રહ્યું હતું.

જાણ્યે અજાણ્યે પણ દરેક માનવ વરુણના પાશથી બંધાયેલો છે. દરેક માણસ કોઈ ને કોઈ અપરાધ કરે જ છે, પણ એ અપરાધને માટે પશ્ચાત્તાપ કરી લે, માફી માંગી લે તો ધર્મના વ્રતના ઋતના પાલક પરિપોષક વરુણ મહારાજ એને પાશના બંધનથી છોડાવે છે અને એને મુક્તિનો આનંદ આપે છે.

☐

# ૨૭

# મલિન તત્ત્વોનો નાશ

એ ઋષિ વસિષ્ઠે વિપાશા નદીને કિનારે રહી પરમ તપ આદર્યાં હતાં. તપ વ્રત કરીને એમણે પોતાની કાયાને વશ કરી હતી તેમજ શુદ્ધ કાંચન જેવી બનાવી હતી.

યમુનાને કિનારે વસતા ભરતજનો નબળા હતા, પરસ્પર રાગ અને દ્વેષ એમને વધારે નબળા બનાવતા હતા. વસિષ્ઠ એમના ગુરુ બન્યા, એમને સાથ–સહકારમાં રહેવાના બોધપાઠ આપ્યા, સેવા અને ભક્તિ શીખવ્યાં અને સમાજમાં સાથે રહેવાના નિયમ બતાવ્યા.

સરસ્વતીને કિનારે એ ઋષિએ મોટા મોટા યજ્ઞ રચ્યા અને એક રાજ-સમ્રાટ તરીકે રાજા સુદાસનો અભિષેક કર્યો. જુદી જુદી જાતિઓ અને એક રાષ્ટ્રની છત્રછાયામાં પંચજનોને એકઠા કર્યા.

સમાજ અને રાષ્ટ્રનાં કલ્યાણ કરવામાં એ ઋષિ પોતાની જાતને વીસરી ગયા હતા; એ એક વસિષ્ઠ અનેક વસિષ્ઠોમાં વહેંચાઈ ગયા હતા, એક આશ્રમ અનેક આશ્રમોમાં ફેરવાઈ ગયો હતો.

વસિષ્ઠની દિવ્ય મંત્ર–શક્તિએ દેવોને વશ કર્યા હતા, પરંતુ એ જ મંત્ર-શક્તિના પ્રભાવે અનેક રાક્ષસ નાશ પામ્યા હતા. એ નદીઓના નિર્જન પ્રદેશમાં અનેક સ્વાર્થી પ્રપંચી લોક રહેતા હતા. જેવા એમના ભાવો મલિન તેવા જ એમના દેવો પણ મલિન હતા. આ દેવો વૃક્ષની બખોલમાં કે ઓષધિના મૂલમાં વાસો કરતા હતા તેથી તે ‘મૂરદેવો’ કે ‘યાતુધાનો’ કહેવાતા હતા. ગીધ ઘૂવડ કે શિયાળ જેવાં જંગલી પ્રાણીઓના રૂપે પણ એઓ સંચાર કરતા હતા. રાત્રિના અંધકારમાં એમને હરવું ફરવું ગમતું માટે એ ‘નિશાચર’ ગણાતા હતા. એ મલિન દેવોને ભજનારા લોકો બીજાને મારી નાખીને પોતાનાં રક્ષણ કરતા માટે જ એ રાક્ષસો ગણાતા હતા. મલિન વિદ્યાની ઉપાસના કરવાથી એ પોતે પણ યાતુધાન ગણાતા.

આ રાક્ષસો અને યાતુધાનોની સાથે સાથે દસ્યુઓ અને ચોર લૂંટારા પણ ભરતજનોને વારંવાર હેરાન-પરેશાન કરતા હતા. સામાન્ય રીતે સેનાઓનાં બળ યુદ્ધ લડવાના કામમાં આવતાં હતાં, પણ એમની મલિન વિદ્યાઓનો નાશ કરવા માટે તો દિવ્ય મંત્રશક્તિ જ સમર્થ હતી.

વસિષ્ઠ ઋષિએ પોતાના કુલ-પુરુષોને અને શિષ્યોને એ મંત્રશક્તિ આપી હતી. વસિષ્ઠના જુદા જુદા આશ્રમોમાં વસનારા સો પુત્ર હતા તે સૌમાં શક્તિ ઋષિ શ્રેષ્ઠ હતા. પિતાની જેમ શક્તિએ પણ ઉગ્ર તપ આદર્યાં હતાં અને દિવ્ય મંત્રનાં દર્શન કર્યાં હતાં. એમના નામથી જ રાક્ષસો અને દસ્યુઓ ડરતા હતા.

એક સમયે શક્તિમુનિ જંગલમાં એકલા જ ફરવા નીકળેલા અને આજુબાજુ ફરતા રાક્ષસોની નજરે ચડી ગયા, પછી તો કહેવું જ શું ? મુનિ સાવધાન થાય એ પહેલાં તો એમને દોરડાથી બાંધી દીધા અને જંગલમાં દાવાનળ લાગતો હતો તેમાં ફેંકી દીધા. થોડી વારે ઋષિ સાવધાન થયા અને આગમાંથી બચવા માટે એમણે ઇંદ્રની સ્તુતિ કરી. એમના શરીરની શક્તિઓ તો હણાઈ ગઈ હતી, એમની મતિ પણ મૂંઝાઈ હતી, એ શી રીતે સ્તુતિ કરી શકે ? અર્ધોપર્ધો મંત્ર ભણતાં તો એ મૂર્ચ્છિત થઈ ગયા.

આ બાજુ શક્તિને આવતાં વિલંબ થયો એટલે વસિષ્ઠ ઋષિ શિષ્યોની સાથે શોધવા નીકળ્યા. એમણે દાવાનળમાં ઝડપાયેલ પુત્રને જોયો. પુત્રે જે મંત્ર બોલીને ઇંદ્રની સહાય માંગી હતી તે જ મંત્ર પૂરેપૂરો ભણીને પિતાએ ઇંદ્રને બોલાવ્યા.

એ સ્તુતિ સાંભળી ઇંદ્ર હાજર થયા અને એમણે વસિષ્ઠ-પુત્ર શક્તિને દાવાનળમાંથી બચાવી લીધો. ઇંદ્રના અમૃત-ભર્યા હાથનો સ્પર્શ થતાં શક્તિમુનિને નવું જીવન મળી ગયું.

વસિષ્ઠ ઋષિ તો ઉદાર-ચરિત હતા. પોતાનું અંગત સ્વજન જેવું એમને મન કોઈ નહતું. સૌ જનોનાં કલ્યાણ કરવાની એમને ભાવના હતી, સાથે સાથે જે લોકો સમાજ અને રાષ્ટ્રનો નાશ કરવા માંગતા હતા. તેમને વશ કરવાનાં પગલાં તો લેવાં જોઈએ. એ ઋષિની સાથે પંચજનોના પ્રતિનિધિઓ અને ઋષિઓ આવ્યા અને એમણે પ્રાર્થના કરી કે 'સમાજમાં ફેલાતાં મલિન તત્ત્વોને દૂર કરો. એઓના સંગે બીજા લોકો પણ દુષ્ટ બનતા હતા. એ પ્રકારનાં દૂષિત તત્ત્વોને દૂર કરવા માટે તો દૈવી મંત્રશક્તિ જ ઉપયોગમાં આવે. ઋષિએ એમને ધીરજ રાખવાનું આશ્વાસન આપ્યું.

થોડા દિવસ પછી તો એક ભયંકર બનાવ બની ગયો. સરસ્વતીને કિનારે એક મહાયાગનો ઉત્સવ રચાયો હતો ને વસિષ્ઠના સો એક પુત્ર એમાં ભાગ લેવા ગયા હતા. હજી તો યાગની શરૂઆત પણ થઈ નહોતી અને દૂર જંગલમાં ભરાયેલા રાક્ષસ ત્યાં આવી પહોંચ્યા અને એ વસિષ્ઠના સોએ સો પુત્રોનો સંહાર કરી નાખ્યો. પંચજનોમાં ભારે હાહાકાર મચી ગયો.

જ્યારે વસિષ્ઠ ઋષિને એ સમાચાર મળ્યા ત્યારે એમને ભારે આઘાત લાગ્યો. એમને શું કરવું એ કાંઈ સૂઝ્યું નહિ ને જ્યાં એ ભયંકર સંહાર થયો હતો ત્યાં જવા તૈયાર થયા. એમનાં પત્ની અરુંધતી અને પુત્રનાં પત્ની અદશ્યંતી પણ સાથે ચાલ્યાં. અદશ્યંતીને એ આઘાત એટલો તો કારમો લાગ્યો હતો કે પોતાના પતિની પાછળ મરવા એ તૈયાર થઈ ગઈ. પણ ઋષિએ જણાવ્યું કે :

'બેટા, મારો પુત્ર શક્તિ તો ગયો, પણ એનો પુત્ર તારા ઉદરમાં છે તે એક સમર્થ મંત્રદ્રષ્ટા ઋષિ થશે અને સૌ જનોનાં કલ્યાણ કરશે'.

અદૃશ્યંતીને તો એ મોટું આશ્વાસન હતું.

પંચજન–ભરતો ભેગા થયા અને ઋષિને પ્રાર્થના કરવા લાગ્યા. એમને પણ પુત્રોના વિનાશનો મોટો આઘાત લાગ્યો હતો. આ મલિન વિદ્યા જાણનાર અને ભયંકર પાપ કરનાર રાક્ષસોનો સંહાર ન થાય તો આ સમાજ કે રાષ્ટ્રનાં રક્ષણ શી રીતે થાય ?

એ ઘેરા શોકમાં સપડાયેલા ઋષિ સ્વસ્થ થયા, સરસ્વતીના પવિત્ર જળમાં એમણે સ્નાન કર્યાં અને પવિત્ર મંત્રનાં ધ્યાન ધર્યાં. એમની દિવ્ય નજરે ઇંદ્ર અને સોમ દેખાવા લાગ્યા. ઇંદ્ર તો ઉગ્ર અને સોમ તો કોમળ. એકલો ઉગ્રભાવ સર્વનો વિનાશ નોતરે છે ને એકલો કોમળ ભાવ ઘણાનાં અહિત કરે છે. એ બંને સાથ સહકાર સાધે તો મલિન વાસના દૂર થાય અને શુભ ભાવના જાગે. સમાજનાં અનર્થ કરનાર રાક્ષસોનો વિનાશ કરવા માટે ઋષિ સ્તુતિ કરે છે :

'હે ઇંદ્ર અને સોમ, જે રાક્ષસો છે તેમને હૈયે શોક–સંતાપ જગાડો અને એમનાં ખરાબ કાર્યોનો નાશ કરી નાખો. જે અજ્ઞાન–અંધકારના બળથી આગળ વધે છે, જેમને હૈયે કોઈ જાતના વિવેક વિચાર નથી અને જે લોકો મૂઢની જેમ બીજાનાં બૂરાં કરે છે, તેવા લોકો તો રાક્ષસો છે, એમને પાછા પાડી દો અને પરભક્ષી રાક્ષસોની શક્તિઓ ઘટાડી દો.

'હે ઇંદ્ર અને સોમ, જાણી બૂઝીને પાપ કરનારા, હુમલો કરનારા, બીજાઓને અગ્નિમાં ફેંકનારા અને જે ખાઉ ખાઉ કરનાર કાચાં ને કાચાં જંતુઓ વગર વિચાર્યે ખાઈ જનારા છે, તેવા રાક્ષસોનો સંહાર કરી નાખો.

'હે ઇંદ્ર અને સોમ, આ રાક્ષસો માયાવી છે અને જુદાં જુદાં રૂપ ધારણ કરી પ્રજાજનોને પીડે છે માટે એમનો મૂલ સહિત વિનાશ કરી નાખો કે ફરીથી એ દુષ્ટ સ્વભાવના રાક્ષસો વૃદ્ધિ પામે નહિ.

'હે ઇંદ્ર, આ રાક્ષસોમાં કેટલાંક માયાવી જોડકાં પણ સાથે ફરે છે; તેમનો તો ફક્ત એક જ કામધંધો છે, 'શું ખાવું શું પીવું', કોને મારવો અને કોનો કોળિયો કરી જવો'; એ કારણે એ જોડકાં 'કિમીદી'ના નામે ઓળખાય છે. એ ગમે તેવાં રૂપ ધારણ કરીને ફરતાં રહે છે અને ભોળાજનોને મોહમાયામાં ફસાવી એમનો કોળિયો કરી જાય છે. આવાં માયાવી જોડકાંને તમારા વિના કોઈ ઓળખતું નથી માટે એમને શોધી શોધીને દૂર કરજો, જેથી સમાજમાંથી મલિનતા દૂર થાય અને સમાજની શુદ્ધિ થાય.'

જ્યારે વસિષ્ઠ ઋષિ આ 'રક્ષોઘ્ન' સૂક્તનો જપ કરી રહ્યા હતા ત્યારે જ એક અદ્‌ભુત બનાવ બન્યો. એક રાક્ષસ વસિષ્ઠ ઋષિનું રૂપ ધારણ કરીને એ આશ્રમમાં આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે 'હે પંચજન, હે ભરતજનો, જે અંદર વસિષ્ઠ બેઠો છે તે સાચો નથી, પણ વેશધારી છે, એણે જે મંત્ર ભણવા માંડ્યા છે તે પણ ખોટા છે તેથી તમારા કુળનો નાશ થઈ જશે.'

એ રાક્ષસનો માયાવી વેશ જોઈને વસિષ્ઠ ઋષિ ઘડીભર વિચારમાં પડી ગયા. એ પંચજન પણ એકદમ આશ્ચર્યમાં પડી ગયા, એ રાક્ષસે તો આસન જમાવ્યું અને વસિષ્ઠને ચાલી જવા આજ્ઞા આપી. સાચજૂઠની પરીક્ષા કરવાની એ સુંદર તક હતી. ઋષિ સાવધાન થઈ ગયા અને એમણે દેવ સોમને યાદ કરતાં જણાવ્યું :

'સારાનરસાની કે સાચજૂઠની પરીક્ષા લેનાર વિદ્વાન માણસે તો આ બાબતનો નિર્ણય ઘણી સરળતાથી કરી લેવાનો છે કે જ્યારે પ્રસંગ આવીને ઊભો રહે ત્યારે શું સાચું છે અને શું ખોટું છે. ખરી રીતે સાચ ને જૂઠ સ્પર્ધામાં ઊતરી શકે જ નહિ, પરંતુ માયાવી રાક્ષસ જૂઠને સાચું ઠરાવવા સાચનો આશ્રય લેતા હોય ત્યારે તો સાચી વાણી અને જૂઠી વાણી સ્પર્ધામાં ઊતર્યાં હોય એમ લાગે છે. સર્વના કોમળ ભાવનાં રક્ષણ કરનાર મહારાજ સોમ સાચી અને સરળ વાણીનું રક્ષણ કરે છે ને ખોટી જૂઠ વાણીનો નાશ કરે છે. આમ સાચું શું કે જૂઠ શું એનો નિર્ણય વિદ્વાને કરી લેવાનો છે. આ પ્રસંગ કસોટીનો ગણાય.

'દેવ સોમ આ વખતે હાજર છે, જૂઠો વેશ ધારણ કરનાર અને પાપનાં આચરણ કરનાર રાક્ષસને તે કાંઈ છૂટો નહિ મૂકે, જેણે પોતાના જીવનમાં મિથ્યા વેશ ભજવ્યો છે અને જે જૂઠ પર જીવી રહ્યો છે તે આ રાક્ષસને સોમ દેવ જતો નહિ કરે. આ સોમ ભલે ને સૌમ્ય–ઋજુ–કોમળ ભાવ ધારણ કરે, પરંતુ જ્યારે પાપી જન જૂઠમાં ફાવી જતો હોય છે ત્યારે એ જ સોમ ઇંદ્રના ઉગ્રભાવને ધારણ કરે છે અને પાપી જનને સારી રીતે દંડ આપે છે.'

ઋષિની એ દિવ્ય વાણીમાં અનેરું તેજ હતું. મંત્રના પ્રભાવથી પેલો વેશધારી વસિષ્ઠ છોભીલો પડી ગયો હતો. એણે ત્યાં આવવાની હિમ્મત તો કરી, હવે પોતાનો વેશ ઉઘાડો પડી જશે એ જાણીને એને ક્ષોભ થયો, પરંતુ એણે હિમ્મત કરીને જણાવ્યું કે 'તમારી વાત સાચી હોય તો એની તમે ખાત્રી આપી શકો છો ?'

મુનિવર વસિષ્ઠે એનો કોલ ઉપાડી લીધો. એમણે પૂરી હિંમતથી જણાવ્યું કે 'જો હું અનૃતદેવ હોઉં, એટલે કે મેં જૂઠાં મલિન રૂપ ધારણ કરનાર દેવોને પૂજ્યા હોય તો મારું જીવન ફોગટ છે એમ હું માનું છું. હે અગ્નિદેવ, તમે અમારા કર્મના સાક્ષી છો માટે અમે ખરાબ કર્મ કર્યાં હોય તો તમે અમારી પર ક્રોધે ભરાઓ. આ રાક્ષસો તો જૂઠાબોલા છે અને એમને ખોટા વેશ લેતાં આવડે છે, માટે તમે એમને ઉઘાડા પાડો.

'જો હું વસિષ્ઠ ન હોઉં અને રાક્ષસ હોઉં તો આ ઘડીએ હું મરી જાઉં. મેં જો રાક્ષસ બનીને કોઈનું જીવન લઈ લીધું હોય ને કોઈના હૈયે સંતાપ જગાડ્યા હોય તો મારા એ પાપે મારો વિનાશ થાઓ. સાચેસાચ હું જ વસિષ્ઠ છું. અને આ બનાવટી વેશધારી રાક્ષસ છે એનું એક જ કારણ છે કે મારા સો સો પુત્ર મરણ પામ્યા છે એનો શોક મારે હૈયે છે અને મને જે રાક્ષસ કહે છે અને પોતે વસિષ્ઠ છે એમ જણાવે છે તે પોતે મિથ્યાભાષી છે એ પુરવાર થાય છે.

'આ બનાવટી વેશધારી પોતે યાતુધાન, મલિન વિદ્યા જાણનારો છે તેથી તો એ મારી ઉપર ખોટું આળ ચડાવે છે અને મને બધાની વચમાં યાતુધાન કહે છે. આના કહેવા પ્રમાણે તો અહીં બંને રાક્ષસ છે; એટલે તો એ પોતે રાક્ષસ છે, કારણ કે ખોટો વેશ ધારણ કરીને આવ્યો છે છતાં પણ એ પોતાનો બચાવ કરે છે અને મને રાક્ષસ કહે છે. આમાં જે ખરેખર રાક્ષસ હશે તેનો નાશ તો દેવરાજ ઇંદ્ર પોતે આવીને કરી નાખશે.'

વસિષ્ઠ મુનિએ દેવરાજ ઇંદ્રને યાદ કર્યા એની સાથે જ એ જાતે હાજર થયા. દેવની હાજરીમાં પેલો બનાવટી વસિષ્ઠ તો શી રીતે ઊભો રહી શકે ? એણે તો ઊભા થઈને ભાગવા માંડયું. ત્યાં તો ઇંદ્રના વજ્રથી એ રાક્ષસનો સંહાર થઈ ગયો. એનું નકલી રૂપ દૂર થયું અને એની વિશાળ કાયા પ્રાણ વિનાની થતાં બહાર ઢળી પડી. ભરતજનો એને દૂર જંગલમાં નાખી આવ્યા.

ઋષિને હૈયે એ પ્રસંગથી વિશેષ ક્ષોભ જાગ્યો હતો. ઇંદ્રની સહાય મળવાથી એમનો ઉત્સાહ વધી ગયો. સમાજમાં મલિન વિદ્યાનો પ્રભાવ વધી રહ્યો હતો. યાતુધાનો અને રાક્ષસો એ વિદ્યાની માયાના પ્રભાવે ભરતજનોને હેરાન કરી રહ્યા હતા. ફરીથી એમણે મંત્રનાં ધ્યાન ધર્યાં અને **'રક્ષોઘ્ન'** સૂક્તનો જપ શરૂ કર્યો. એ ઋષિએ સ્તુતિ કરતાં જણાવ્યું કે :

'આ મલિન વિદ્યા રાતમાં ઘૂમતાં ઘૂવડ જેવી ચપળ છે; એ તો પોતાની જાતને છુપાવીને બીજા પર આક્રમણ કરે છે. એ બનાવટી માયા ઇંદ્રના પ્રભાવે સો સો ટુકડામાં વહેંચાઈ નાશ પામો. એ માયાએ જે અડચણો ઊભી કરી છે તે અડચણોરૂપી પથરાઓથી રાક્ષસોનો સંહાર થાઓ.

'હે મરુદ્-ગુણો, તમે ઇંદ્રના દૂતો બનીને બધે સંચાર કરો. જે રાક્ષસો ગુપ્ત વેશે ફરતા રહે છે તે બધાનો નાશ કરી નાખો. આ રાક્ષસો પશુપક્ષી વગેરેનાં રૂપ લઈને ફરતા રહે છે ને ભલા ભોળા જનોનો નાશ કરી નાખે છે. એમને શોધી શોધીને તમે દૂર કરો. આ રાક્ષસો યજ્ઞનાં પવિત્ર સ્થાનોમાં આવીને અડચણો ઊભી કરે છે, તે અડચણો તમે દૂર કરો.

'હે દેવરાજ ઇંદ્ર, આપ અંતરિક્ષમાંથી વીજળીનો સંચાર કરી બધા રાક્ષસોનો સંહાર કરી નાખો. આપના હાથમાં જે પર્વ પર્વ ધારણ કરનાર વજ્ર છે તેને એવી રીતે ચલાવો કે પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ વગેરે દિશાઓમાં રહેલા રાક્ષસોનો નાશ થઈ જાય.

'હે ઇંદ્ર, તમે મલિન વિદ્યા જાણનાર યાતુધાનોનો નાશ કરવામાં તો પરાશર—પરમ હિંસક છો. જેમ કુહાડો વનનાં વૃક્ષોને છેદી નાખે છે તે જ રીતે તમે જુદાં જુદાં રૂપ ધારણ કરી રખડતા રઝળતા રાક્ષસોનો સંહાર કરી નાખો.

'એ રાક્ષસો અને યાતુધાનો એકલી મલિન વાસનાઓથી ભરેલા છે અને એમની એ વાસનાઓ પૂરી કરવા જુદાં જુદાં પક્ષીઓનાં રૂપોમાં રખડે છે. કામી રાક્ષસો ઘૂવડની ગતિએ, ક્રોધી વરુઓની ગતિએ, લોભી કૂતરાં જેવા, મૂઢ કોક પક્ષી જેવા, અભિમાની ગરુડ જેવા અને મદમસ્ત ગીધ જેવા રાક્ષસો પોતાની વાસનાઓ પૂરી કરવા ભટકતા હોય છે.

'એ રાક્ષસો એમની રીતે વિચરે એનો તો વાંધો નથી, પરંતુ એમનાં કાર્ય બીજાનાં નાશ કરવા માટે હોય છે. હવે જે બીજાઓનો નાશ કરવા તૈયાર થયા છે તેમનો જ નાશ થઈ જાઓ. આ રાક્ષસોમાં કેટલાંક મદભર નરનારીઓનાં જોડાં રખડતાં હોય છે. તેમનો કામધંધો તો ખાવા પીવા ને ખેલવા પૂરતો મર્યાદિત હોય છે. એમની ચર્ચા તો શું ખાવું, ને શું પીવું ને ક્યાં રખડવું એવી જ હોય છે. એ અંગત સ્વાર્થી રાક્ષસોનો સંહાર કરો.

'માતા પૃથ્વી આ ધરતી પર ઊભાં થતાં પાપથી, અંતરિક્ષના દેવ વચલા માર્ગનાં પાપથી અને સ્વર્ગના દેવ ઉપરનાં પાપોથી અમારાં રક્ષણ કરે.

'હે દેવરાજ ઇંદ્ર, જે રાક્ષસ માયાવી છે અને જે મલિન વિદ્યાથી બીજાને મારી નાખે છે તેનો નાશ કરો. જે રાક્ષસી માયા નારીના રૂપે કપટ કરીને બીજાને બંધનમાં નાખે છે, તેમનો નાશ કરો. વનસ્પતિના મૂળમાં રહેલાં મલિન તત્ત્વોને દેવ માનીને પૂજનાર તેમજ ઢંગધડા વિનાની આકૃતિઓને પૂજનાર રાક્ષસો આવતી કાલે સૂર્યનો ઉદય થાય એ પહેલાં નાશ પામો.

'હે દેવ સોમ અને હે દેવરાજ ઇંદ્ર, તમે બંને ઉઘાડી આંખે બધું જોઈ શકો છો તેમજ તમે બંને સદા જાગતા રહો છો એ કારણે અમારી ચિંતાઓ દૂર થાય. કૃપા કરીને આપ એવાં શસ્ત્રાસ્ત્ર ફેંકો કે જેથી રાક્ષસોની મલિન વિદ્યાઓનો નાશ થાય.'

આ ઋષિએ જોકે શોક–સંતાપને વશ થઈને આ રક્ષોઘ્ન સૂક્ત ગાયું છે તોપણ એમણે કોઈ એક વ્યક્તિ કે જાતિનો સંહાર કરવાની ઈચ્છા કરી નથી. ઇંદ્ર, વરુણ સોમ વગેરે દેવોની સ્તુતિ–પ્રાર્થના કરતાં એમણે એક જ વાત વારંવાર જણાવી છે કે 'કામ ક્રોધ વગેરે મલિન વાસનાઓને વશ થઈને જ લોકો પાપનાં આચરણ કરે છે, એ મલિન વાસનાઓ દૂર થાય તો લોકો પુણ્યશાળી બને.' એ ભાવનાને વશ થઈ ઋષિનું હૃદય દયા અને કરુણાથી ઊભરાઈ આવે છે. એ ઋષિ તો પરહિતને માટે મંત્રવિદ્યાનો પ્રયોગ કરે છે, પરંતુ મલિન વિદ્યાનો પ્રયોગ બીજાનાં અહિત કરે છે એ બાબત એમના ધ્યાનમાં છે. એમની મંત્રવિદ્યા પણ મલિન હોય, તો એ પોતે પણ માયાવી–યાતુધાન ગણાય. તેથી પોતે શપથ લઈને જણાવે છે કે 'જો હું મલિન વિદ્યાની ઉપાસના કરનાર યાતુધાન હોઉં તો હું મારા એ પાપે મરી જવા આજે જ તૈયાર છું.'

વરુણની સ્તુતિ–પ્રાર્થના કરતાં એ ઋષિ પોતાના અપરાધનો સ્વીકાર કરે છે, એ સાથે અપરાધ વિશેની યોગ્ય વિચારણા રજૂ કરે છે. આ પરથી ઋષિના સાદા સરળ ભક્તિભાવનું દર્શન થાય છે.

શક્તિ ઋષિનું મરણ થયું હતું. એનાં પત્ની અદૃશ્યંતીએ એક આર્ષદ્રષ્ટા પવિત્ર પુરુષને જન્મ આપ્યો હતો; તેનું નામ **પરાશર** રાખ્યું હતું. એની માતાએ શોકસંતાપને વશ થઇ રાક્ષસોનો સંહાર કરવા માટે એક યાગ કરવાનો નિશ્ચય કર્યો. એ યાગ શુદ્ધ સાત્ત્વિક તો હોય નહિં, કેટલાંક અશુદ્ધ અને મારક દ્રવ્યોનો એમાં ઉપયોગ કરવો પડે. મંત્રો પણ ઉલટી રીતે અને અભિચાર—બીજાના નાશ કરવાના હેતુથી ભણવા પડે. આવા આભિચારિક પ્રયોગો મલિન વિદ્યા ગણાય અને તેથી સમાજને ઘણું જ નુકસાન થાય.

પરાશર ઋષિ આભિચારિક યાગ કરવા માગે છે એ વાત જ્યારે ઋષિ વસિષ્ઠે જાણી ત્યારે એમણે પરાશરને બોલાવીને સરળ ભાવે જણાવ્યું કે :

'વત્સ, આપણને જે દિવ્ય મંત્રનાં દર્શન થયાં છે તે તો દેવોની કૃપા ગણાય. આપણાં જીવન પણ શુદ્ધ સરળ છે. પરહિત અને કલ્યાણ કરવાની ભાવના છોડીને મલિન અને અભિચાર—પ્રયોગને ઉત્તેજન આપીએ તો આપણે આપણો ધર્મ ભૂલીને બીજાનો ધર્મ સ્વીકાર્યો ગણાય. એ આપણે માટે બરાબર નથી.

'હે પુત્ર, આપણે આંગણે જે અગ્નિશાળા છે તે શુદ્ધ અને પવિત્ર છે. એમાં જે અગ્નિ પ્રગટ થાય છે તે પણ આપણને પવિત્ર કાર્ય કરવાની પ્રેરણા આપે છે. આપણે ભલે અજ્ઞાની જનો હોઈએ અને અંગત સ્વાર્થ માટે પાપનાં આચ-રણ કરીએ, પરંતુ તેથી કાંઈ અગ્નિ અશુદ્ધ કે મલિન થાય ખરો કે ?

'અભિચાર—પ્રયોગ માટે તો બીજા અશુદ્ધ મલિન સ્થાનમાં રહેલા અગ્નિનો ઉપયોગ કરવો પડે; એ પાપ કર્મ આપણે ન કરીએ; એ માટે અગ્નિની સ્તુતિ કરો.

'હે અગ્નિદેવ, અમને હિંસા કરનાર રાક્ષસોથી બચાવો. હે બળવાન અગ્નિ અમને પાપ કર્મોથી બચાવો. અમે તમને પવિત્ર અને શુદ્ધ પદાર્થ અર્પણ કરીએ કે જેથી અમારાં ધન સાધન પણ શુદ્ધ રહે.'

એ ઋષિનાં પવિત્ર વચન સાંભળી પરાશરે આભિચારિક પ્રયોગ કરીને રાક્ષસો-નો સંહાર કરવાના નિર્ણયને પડતો મૂકયો, પરંતુ એનાં હૃદયને સમાધાન થતું ન હતું. એની માતા અદ્રશ્યંતીની કરુણાભરી મૂર્તિ એની સામે આવીને ઊભી રહેતી અને જાણે કે, એને કહી રહી હતી, 'પુત્ર, તારા પિતાની શાંતિ માટે તેં શું કર્યું ? એમનો શી રીતે ઉદ્ધાર થશે ?'

જો કે પરાશરે કશો ઉત્તર આપ્યો નહિ, પરંતુ વસિષ્ઠ ઋષિ ઘણા જ અનુભવી હતા. પોતાનાં પુત્રવધૂ અદૃશ્યંતીની હૃદયવેદના એમનાથી અજાણી નહોતી. પોતાનો

એ પવિત્ર સમર્થ પુત્ર એક રાક્ષસના હાથે મરણ પામ્યો હતો એની વેદના એ પોતે અનુભવી રહ્યા હતા; પરંતુ વૈરનો બદલો લેવાની વૃત્તિ તો અંધપરંપરા જેવી છે તેથી વૈર શમે નહિ, પણ વધે.

જીવનના વિશાળ અનુભવથી એમને મૃત્યુ વિશે પણ સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હતો. મૃત્યુ તો અનિવાર્ય છે. એ ક્યારે આવી પડે તેની કોઈને ખબર પણ પડે નહિ. એ સમજણ આપતાં એમણે જણાવ્યું કે :

'હે વસિષ્ઠ, હે પુત્ર, જે કુળમાં તારો જન્મ થયો છે, તે બધા વસિષ્ઠ–ઇંદ્રિયોને વશમાં રાખી પ્રાણને પ્રેરણા આપનાર ગણાય છે. હું વસિષ્ઠ છું, તારા પિતા વસિષ્ઠ હતા અને તું પણ વસિષ્ઠ છે. આપણા આ યશને વધારવા માટે તું એવા ઉત્તમ બ્રહ્મ-મંત્રના જપ કર, જેનાથી આપણા પ્રાણના દેવ ઇંદ્ર પ્રસન્ન થાય. શુદ્ધ અને પવિત્ર યજ્ઞની રચના કર, જેમાં ઇંદ્રનો મહિમા ગવાય, જે ઇંદ્રનાં પરાક્રમ બધા લોકોમાં વિસ્તાર પામે છે અને જે ભક્તજનોની સ્તુતિને સારી રીતે સાંભળે છે.

'હે દેવરાજ ઇંદ્ર, જ્યારે શોક–સંવેદનના વેગ વધી જાય ને લોકો અકળવિકળ બની ગમે તેવાં અવિચારી કર્મ કરવા તૈયાર થાય ત્યારે તમારી સ્તુતિઓના ઘોષ જાગે કે જેથી શોક સંતાપ શમી જાય. ભલા, લોકોને આ વાતની ખબર પડતી નથી કે 'પોતાનું જીવન ક્યારે પૂરું થઇ જશે અને કઈ ઘડીએ મૃત્યુ આવીને ઉભું રહેશે.' હા, જે અધમ અને હલકાં જીવન ટૂંકાં થઈ જાય છે તે કાર્યો કરતાં અમને બચાવી લો. અમારાં બધાં પાપોથી અમે પાર જઈએ એવી પ્રેરણા તમે અમને આપો.

'હે દેવરાજ ઇંદ્ર, જેમ જલના પ્રવાહ વેગથી આગળ ધપે છે અને જેમ ગાયો પોતાના વાછરડાને મળવા દોડી જાય છે, તેમ જ તમારી સ્તુતિ કરનાર ભક્તજનો પવિત્ર કાર્યોના પ્રવાહોને આગળ વધારે. અમે શુદ્ધ યજ્ઞયાગ કરીએ કે જેમાં વેગીલા ઘોડાઓ તમને લાવીને હાજર કરે અને અમે તમારી સ્તુતિ કરીએ.

'હે વસિષ્ઠ કુલમાં ઉત્પન્ન થયેલા પુરુષો, દેવરાજ ઇંદ્રની ભક્તિ કરો, જે ઇંદ્ર હાથમાં વજ્ર લઈ અને હૃદયમાં શુભ કામના લઈ ભક્તજનોનાં કલ્યાણ કરે છે. એ ઇંદ્રની સ્તુતિ કરવાથી આપણે વીરજનો અને પશુઓની સહાયથી સમૃદ્ધ બનીને છીએ અને આપણા શોક–સંતાપ દૂર થાય છે.'

ઋષિની એ દિવ્ય વાણી સાંભળી પરાશરના હૃદયને શાંતિ થઈ. એના હૃદયને જે શોક–સંતાપ જાગ્યા હતા અને જે ઉદ્વેગને વશ થઈ પિતાનું વૈર લેવા માટે

તૈયાર થયો હતો તે વેગ શાંત થયા. એણે જીવન અને મૃત્યુના રહસ્યને પણ જાણી લીધું. એ મૃત્યુને જીતવા માટેનો ઉપાય પણ હોવો જોઈએ; એ જિજ્ઞાસાથી એણે નમ્રભાવે પૂછ્યું કે :

'ભગવન્, આપના જણાવ્યા પ્રમાણે બધા જ મૃત્યુને વશ થાય છે. એ મૃત્યુથી કોઈ બચતું નથી, ત્યારે શું એ મૃત્યુ પર વિજય મેળવવાનો કોઈ ઉપાય નથી?'

'પુત્ર, સાચી રીતે તો જીવન અને મૃત્યુ એક જ દશાના બે પ્રકાર છે. જે જન્મે, તે મરણ પામે અને જે મરે, તે ફરી જન્મે. એ જન્મમરણના ચક્રમાં નહિ ફસાતાં અજર અમર બનવા માટે મૃત્યુંજય મહાદેવની ઉપાસના કરવી જોઈએ.

'હે પુત્ર, એ મૃત્યુંજય મહાદેવ રુદ્રનું સ્વરૂપ છે. એ રુદ્રની સાથે સાથે ત્રણ અંબા માતાઓ સૌનાં કલ્યાણ કરે છે, માટે એમનું નામ ત્ર્યંબક છે. આ માતા અંબા મહાદેવની સાથે રહીને વિશ્વનાં સર્જન પાલન અને સંહારનાં કાર્ય કરે છે. જેણે પ્રમાદ શોક અને ચિંતા સેવ્યાં નથી તેનાં રક્ષણ પાલન ત્ર્યંબક મહાદેવ કરે છે. ભક્તિ અને સદાચારની સુવાસ ભક્તજનને ભયથી બચાવે છે, માટે આ ત્ર્યંબક સુગંધિરૂપ છે અને પુષ્ટિવર્ધન છે. જેમ ફળ પૂરેપૂરું પાકી જાય ત્યારે એ વૃક્ષના બંધનથી છૂટી જાય છે અને ખરી પડે છે તે જ રીતે માનવ પણ પોતાનાં કાર્ય પરિપૂર્ણ કરી દે ત્યારે એ મૃત્યુના બંધનથી છૂટી જાય છે. આ રીતે મૃત્યુ તો માનવને બંધનથી છોડાવે છે. માનવની અંદર રહેલ પ્રેરક દેવ આત્મા છે તે તો અજર અમર છે. એ આત્માથી સંબંધ છૂટી જાય તો માણસ જીવતો છતાં પણ મરેલો છે. જીવનને સદા ચેતન આપનાર તો એ મૃત્યુંજય મહાદેવ છે, જે આપણને મૃત્યુથી છોડાવે પણ અમરતા આપનાર અમૃતભાવથી છોડાવે નહિ. એ ત્ર્યંબક દેવનાં આપણે યજન પૂજન કરીએ.'

એ મૃત્યુંજય મહાદેવના દિવ્ય મંત્ર સાંભળી પરાશર ઋષિને નવી પ્રેરણા મળી. વસિષ્ઠ પાસેથી એ મૃત્યુંજય વિદ્યાનું રહસ્ય સાંભળી એ ઋષિએ પોતાની માતા અદૃશ્યંતીને પણ નવા જીવનની પ્રેરણા આપી. બધા વસિષ્ઠ–કુળના ઋષિઓએ ભેગા થઈને ત્ર્યંબક–યાગ કર્યો. એ યાગ મહાયાગની પૂર્ણાહુતિમાં શાંતિપાઠનું સૂક્ત ભણીને ઋષિઓ સૌ જનોનાં કલ્યાણની ભાવના સેવી રહ્યા હતા. વસિષ્ઠ ઋષિના એ સૂક્તમાં બધા દેવોનો મહિમા છે. આ સઘળા વિશ્વમાં જે જે શુભ પ્રવૃત્તિ થઈ રહી છે તે તે પ્રવૃત્તિના દેવ–વિશ્વેદેવો સૌનાં હિત કરે એ શુભ ભાવનાને કારણે આ સ્તુતિપાઠ સર્વજનોનાં શં–સુખને આપનાર બને એવી પ્રાર્થના કરવામાં આવી છે. એ શાંતિ–સ્તુતિ પ્રાર્થના ગાતાં ગાતાં વસિષ્ઠ ઋષિઓ આનંદ અનુભવતા હતા :

'અમારાં સૌનાં સુખ–હિત વધારો, ઇંદ્ર અને અગ્નિ રક્ષણનાં સાધનોથી, ઇંદ્ર અને વરુણ અન્નજલથી, ઇંદ્ર અને સોમ સર્જન બલથી તેમજ ઇંદ્ર અને પૂષા પોષણથી અમને સુખ આપો; ભગ–ભાગ્ય, પ્રશંસા–કીર્તિ, વિશાળ બુદ્ધિ, ધન, સત્ય ભાષણ, યમ અને નિયમ, શ્રેષ્ઠ યશ, ધાતા અને ધર્તા, વિશાળ અને બૃહત , રોદસી, તેમજ દેવોનાં હવન–પૂજન.

'સ્થિર જ્યોતિરૂપ અગ્નિ, મિત્ર વરુણ, પુણ્યશાળીનાં સુકૃત–પુણ્ય, વાયુઓની પ્રેરણા, દ્યાવાપૃથિવી પૂર્વકાલના હવનમાં અંતરિક્ષ સૂર્યના દર્શનમાં લોકપાલના વિજયમાં સુખ હો.

'સુખ આપો વસુઓની સાથે દેવ ઇંદ્ર, આદિત્યોની સાથે પ્રશંસાયોગ્ય સૂર્ય, રુદ્રોની સાથે મહાદેવ રુદ્ર અને કલાશક્તિઓની સાથે ત્વષ્ટા પ્રજાપતિ.

'સુખ આપો સોમયાગમાં ઉપયોગી સાધનો, જેવાં કે સોમરસ, મંત્રપાઠ, ખલદસ્તા, વિવિધ યાગ, યૂપોનાં પ્રમાણ, ઓષધિઓ અને વેદીઓ.

'અમારી શાંતિ માટે વિશાળ તેજસ્વી સૂર્ય ઉદય પામો, ચારે દિશા ખુલ્લી થાઓ, પર્વતો સ્થિર થાઓ, સિંધુ સરિતાઓ જલ પ્રવાહોથી વહો, માતા અદિતિ વ્રતથી, મરુતો ગતિથી, વિષ્ણુ અને પૂષા તેમજ સૌ ભુવનો અને વાયુ શાંતિ આપો.' દિવસે રક્ષણ કરતા દેવ સવિતા અને પ્રેરણાથી ચમકતી ઉષાઓ સુખ આપો. મેઘ–પર્જન્ય પ્રજાજનોનાં કલ્યાણ કરો. ક્ષેત્રપાલ ખેડૂત સુખરૂપ હો. વિશ્વમાં વ્યાપીને રહેલા અને દિવ્ય પ્રેરણા આપનારા વિશ્વેદેવો અમારાં સુખ માટે હો. સરસ્વતી વિવિધ સિદ્ધિઓની સાથે પ્રેરણા આપો. યજ્ઞના ઋત્વિજો અને ધનનાં દાન આપનાર યજમાનો તેમજ પૃથ્વી પર ને અંતરિક્ષમાં વહેતા જલના પ્રવાહ સુખ આપો.

'અમે વાસષ્ઠ કુળના ઋષિઓ સૌ જનોનાં કલ્યાણ કરવા માટે આ નવીન શાંતિપાઠ ભણી રહ્યા છીએ. એ શાંતિપાઠને બધા દેવો સાંભળે, જે પૃથ્વી પર નિવાસ કરે છે, જે આકાશમાં નિવાસ કરે છે, જે વાણીથી રાજી થાય છે અને જે યજ્ઞોમાં ભાગ લે છે.'

□

પંચમ મંડળ, ભૌમ અત્રિ ઋષિ, સૂક્ત ૮૭, મંત્રો ૭૨૭

આદિ પ્રજાપતિ અને વાણીથી ભૃગુ અંગિરા અને અત્રિ ઋષિઓની ઉત્પત્તિ થઈ છે (બૃહદ્દેવતા ૫, ૧૦૦) અત્રિ ઋષિના કુળમાં જે ઋષિઓ થયા તે બધા 'અત્રિ' ગણાતા હતા. અત્રિના પુત્ર અર્ચનાના, એના શ્યાવાશ્વ, એના ગવિષ્ઠર, એના આવિર્હોત્ર અને એના પૂર્વાતિથિ. આ બધા જ ઋષિઓ છે.

સીત્યાસી સૂક્તોમાં દેવ અગ્નિ ૧–૨૮, ઇંદ્ર ૨૯–૪૦, વિશ્વેદેવ ૪૧–૫૧, મરુતો ૫૨–૬૧, ૬૨–૭૨, અશ્વિનીકુમાર ૭૩–૭૮, ઉષા ૭૯-૮૦ સવિતા ૮૧–૮૨, પર્જન્ય ૮૩, પૃથ્વી ૮૪, વરુણ અને ઈંદ્રાગ્નિ ૮૬ ૮૭, મિત્રાવરુણ એ ક્રમ છે. સૂક્તોના છંદોમાં ત્રિષ્ટુપ જગતી અનુષ્ટુપ ગાયત્રી ઉષ્ણિહ અને પંક્તિ વગેરે છે.

**અત્રિ ભૌમ** આ મંડળના મુખ્ય ઋષિ છે. એ ઉપરાંત બીજા ઋષિઓ પણ અત્રિ–આત્રેયો ગણાય છે. એ પ્રમાણે બુધ અને ગવિષ્ઠિર ૧, વૃશજાન ૨, વસુશ્રુત ૩–૬, ઈશ ૭–૮, ગય ૯–૧૦, ૬૩–૬૪. સુતંભર ૧૧–૧૪, ધરુણ ૧૫, પુરુ ૧૬–૧૭, દ્વિત મૃક્તવાહસ ૧૮, વવ્રિ ૧૯, પ્રયસ્વવાન ૨૦, શશ ૨૧, વિશ્વસામ ૨૨, દ્યુમ્ન ૨૩, બંધુ સુબંધુ શ્રુતબંધુ વિપ્રબંધુ ૨૪, વસુયુઓ ૨૫-૨૬, **ભૌમઅત્રિ** ૨૭, ૩૭–૪૩, ૭૬–૭૭, ૮૩–૮૬, વિશ્વવારા ૨૮, ગૌરિવીતિ ૨૯, બભ્રુ ૩૦, અવસ્યુ ૩૧, ગાતુ ૩૨, સંવરણ ૩૩–૩૪, પ્રભુવસુ ૩૫–૩૬, અવત્સાર. સદાપૃણ સુતંભર ૪૪, સદાપૃણ પ્રતિક્ષત્ર ૪૬, પ્રતિરથ ૪૭, પ્રતિભાનુ ૪૮, પ્રતિપ્રભ ૪૯, સ્વસ્તિ ૫૦–૫૧, **શ્યાવાશ્વ** ૫૨–૬૧, ૮૧–૮૨, શ્રુતવિદ ૬૨, **અર્ચનાના** ૬૩–૬૪, રાતહવ્ય ૬૩–૬૬, યજત ૬૭–૬૮, ઉરુચક્રિ ૬૯–૭૦, બાહુવૃક્ત ૭૧–૭૨, પૌર ૭૩–૭૪. અવસ્યુ ૭૫, સપ્તવધ્રિ ૭૮, સત્યશ્રવા ૭૯–૮૦ અને એવયામરુત્ ૮૭ સૂક્તોના ઋષિઓ છે.

**૨૦. પારસમણિનો સ્પર્શ/પૃષ્ઠ ૧૭૬**

સૂર્યગ્રહણ સ્વર્ભાનુને લીધે થયું હતું; એ સૂર્યનો અંધકાર દૂર કરવા અત્રિ–ઓએ 'અબોધિ' (૫, ૧, ૧) થી શરૂ કરીને સત્તાવીશ સૂક્તો સુધી અગ્નિની સ્તુતિ કરી છે' (બૃહદ્દેવતા ૫, ૧૨). શરૂઆતનાં ૧–૨૮ સૂક્તો અગ્નિની તેમજ ૨૯-૪૦ ઇંદ્રની સ્તુતિઓ છે. ચાળીશમા સૂક્તમાં સ્વર્ભાનુ-રાહુએ સૂર્યનું મંડળ ઘેરી લીધું; એ પ્રકારે સૂર્ય–ગ્રહણનો અને અત્રિઓએ સૂર્યને મુક્ત કર્યો એ પ્રકારનો નિર્દેશ છે.

સેનગુપ્તા (જે. એ. એલ. બી. એલ. ૭૫. ૯૨) ના જણાવ્યા પ્રમાણે, આ સૂર્ય-ગ્રહણ ઈ. સ. પૂર્વે ૨૬ મી જુલાઈ ૩૯૨૮ના દિને થયું હોવું જોઈએ તેમજ હિમાલયની કારાકોરમ શિખર–માળાની તળેટીમાં આત્રનો નિવાસ હોવો જોઈએ.

શતપથ બ્રાહ્મણ (૫, ૩, ૨, ૨)માં અત્રિએ સૂર્યને રાહુ–સ્વર્ભાનુથી મુક્ત કર્યાનો નિર્દેશ છે.

ચાળીશમા સૂક્તનો સંબંધ જોડીને સોમયાગ સંવત્સર એક વર્ષ ચાલે તો વચલો દિવસ ભાદરવા માસમાં આવે; એ વિષુવાનના બપોર પછી આ સૂર્યગ્રહણ

થયાનો અને ઇંદ્રની સ્તુતિ સાથેનો નિર્દેશ બંધ બેસે છે. એ ઉપરાંત અગ્નિ અને ઇંદ્રની સ્તુતિઓ ૧–૪૦ સુધી ચાલે છે; તેનો સંબંધ પણ મળે છે. બીજા સૂક્તમાં કુમાર અગ્નિને રાણીએ છુપાવી દીધાનો નિર્દેશ છે.

## ૨૧. મંત્રદર્શન જીવનની પરમસિદ્ધિ/પૃષ્ઠ ૧૭૦

દર્ભપુત્ર રથવીતિએ ભૌમ અત્રિની આજ્ઞાથી મહાયાગ કર્યો; તેમાં અત્રિપુત્ર અર્ચનાનાએ અને એના પુત્ર શ્યાવાશ્વે ભાગ લીધો હતો. શ્યાવાશ્વનો ભાવ જાણીને ઋષિએ રાજા પાસે રાજકન્યાની માગણી કરી ત્યારે રાણીએ જણાવ્યું કે 'હું રાજર્ષિના કુળમાં જન્મી છું. આપણો જમાઇ ઋષિ ન હોય તો એને કન્યા નહિ આપું. શ્યાવાશ્વે મંત્રનાં દર્શન કર્યાં નથી.' શ્યાવાશ્વે તપ કરી મરુતોનાં દર્શન કર્યાં અને રાજાએ એનાં રાજકન્યા સાથે લગ્ન કર્યાં (બૃહદ્‌–દેવતા ૫, ૫૦-૮૧).

પોતાની રાજકન્યા પુત્રવધૂ તરીકે અર્ચનાનાને આપતાં રાજાએ જણાવ્યું કે 'તમે ઋષિના પુત્ર છો, તમે પોતે ઋષિ છો અને ઋષિના પિતા છો' (બૃ. દે. ૫, ૭૮). ૫, ૬૧ સૂક્તમાં શ્યાવાશ્વ આત્રેયે મરુતોનાં દર્શન કર્યાં. **તરંગની** રાણી **શશીયસી**એ ધન આપ્યાં, રાત્રએ દૂતી બની રાજાને સંદેશ પાઠવ્યો, વગેરે ઘટનાઓનું વર્ણન છે.

## ૨૨. એ બંધનમાંથી કેમ છુટાય ?/પૃષ્ઠ ૧૮૧

અત્રિએ અશ્વિનીકુમારોની સ્તુતિ કરીને બંધનમાંથી મુક્તિ માંગી છે, એ ઘટના ૫, ૭૮ સૂક્તમાં બતાવી છે. સાયણાચાર્યે જણાવ્યું છે કે 'કુટુંબીજનોએ અત્રિને પેટીમાં પૂરી દીધા હતા.' બૃહદ્દેવતામાં રાજાએ અત્રિને ખાડામાં નાખી દીધાનો નિર્દેશ છે. સપ્તવધ્રિ સાપ્ન અને અત્રિ ભૌમ એક જ છે કે જુદા જુદા એનો નિર્ણય વિવેચક વિદ્વાનો કરી શક્યા નથી; અહીં તો એ બધી કથાઓના સારરૂપે જુદાં જુદાં બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે જ્ઞાન જરૂરી છે. એ બોધ તારવ્યો છે.

## ષષ્ઠમંડળ સૂક્તો ૭૫, મંત્રો ૭૬૫, ઋષિ ભરદ્વાજ

'આદિ પ્રજાપતિથી આદિત્ય સૂર્ય થયા અને આદિત્ય દેવો પણ થયા. જે અગ્નિના અંગારા હતા તેમાંથી અંગિરા ઋષિઓ થયા અને જે ઉદ્દીપ્ત અગ્નિ હતા તેમાંથી બૃહસ્પતિ થયા' (ઐતરેય બ્રાહ્મણ ૧૩, ૧૦, ૧).

એ બૃહસ્પતિના પુત્ર ભરદ્વાજ થયા, એ ષષ્ઠ મંડળના મુખ્ય ઋષિ છે. માટે બાર્હસ્પત્ય ભરદ્વાજ કહેવાય છે. એમના ભાઈ શંયુ બાર્હસ્પત્ય સૂક્ત ૪૪ થી ૪૬ના ઋષિ છે.

ભરદ્વાજના પુત્ર ગર્ગ ૪૭, સુહોત્ર ૩૧–૩૨ શુનહોત્ર ૩૩–૩૪, નર ૩૫–૩૬ ઋજિશ્વા ૪૦–૫૨ અને પાયુ ૭૫મા સૂક્તના ઋષિઓ છે. અને એ બધા 'ભારદ્વાજ' કહેવાય છે,

આ પંચોતેર સૂક્તોમાંથી દેવ અગ્નિ ૧–૧૬ ઇંદ્ર ૧૭-૪૭ અગ્નિ મરુત વગેરે ૪૮, વિશ્વેદેવ ૪૯–૫૨ પૂષા ૫૩–૫૬ ઇંદ્રિપૂષણા ૫૭ પૂષા ૫૮ ઇંદ્રાગ્નિ ૫૯–૬૦ સરસ્વતી ૬૧, અશ્વિનીકુમાર ૬૨–૬૩,ઉષા ૬૪–૬૫, મરુત ૬૬, મિત્રાવરુણ ૬૭, ઇંદ્રવરુણ ૬૯, દ્યાવાપૃથ્વી ૭૦, સવિતા ૭૧ ઇંદ્રાસોમ ૭૨, બૃહસ્પતિ ૭૩, સોમારુદ્ર ૭૪–૭૫ સંગ્રામનાં આશિષ છે.

ત્રિષ્ટુપ જગતી બૃહતી અનુષ્ટુપ ગાયત્રી વગેરે છંદો છે.

## ૨૩. સૂર્ય અને નક્ષત્રમાળા/પૃષ્ઠ ૧૮૫

ઉપર ઐતરેય બ્રાહ્મણમાંથી આદિત્ય અને બૃહસ્પતિની જે ઉત્પત્તિ કથા છે. તે સૌરજગતના સૂર્ય અને ગુરુ નામના બે ગ્રહોની ઉત્પતિ સૂચવે છે. ઋગ્વેદના આ ષષ્ઠ મંડળમાં ભરદ્વાજ ઋષિએ સૌરજગતના સૂર્ય, સૂર્યના માર્ગ, સત્તાવીસ નક્ષત્રોના અધિદેવ વગેરેનાં નિરૂપણ કર્યાં છે, એ ઉપરાંત વર્ષ–સંવત્સરનાં બે અયન, બે સંપાત, છ ઋતુઓ, બાર માસ, બાર રાશિઓ; બાર સૂર્ય, માસ પક્ષ અહોરાત્ર વગેરેનાં વર્ણન કરેલાં છે. જ્યોતિશાસ્ત્ર તેમજ ખગોળવિદ્યા વિશેનાં પ્રમાણ ઋગ્વેદમાં મળી આવે એ દ્રષ્ટિએ અહીં ષષ્ઠ મંડળનાં કેટલાં સૂકતોના મંત્ર લઇને સૌર જગતનો સામાન્ય ખ્યાલ રજૂ કર્યો છે.

ષષ્ઠ મંડળનાં વિશ્વેદેવો સૂક્તોમાં સત્તાવીશ નક્ષત્રોના અધિષ્ઠાતા સ્વામીઓનાં નામ આવે છે. નિર્ઋતિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી અને સર્પનો ઉલ્લેખ આશરે લેવાય છે. બાકી પચ્ચીસ દેવોનાં નામ ત્યાં છે.

લગધકૃત વેદાંગ જ્યોતિષમાં આ નક્ષત્રોના સત્તાવીસ દેવોનાં નામ છે. તૈત્તિરીય સંહિતા (૪. ૪. ૧૦)માં નક્ષત્રોની સાથે એમના સ્વામીઓનાં નામ સ્પષ્ટ રીતે મળે છે. એ બંનેનો ક્રમ નીચે મુજબ છે :

(૧) અગ્નિ–કૃત્તિકા, (૨) પ્રજાપતિ–રોહિણી, (૩) સોમ–મૃગશીર્ષ, (૪) રુદ્ર–આર્દ્રા (૫) અદિતિ–પુનર્વસુ. (૬) બૃહસ્પતિ–પુષ્ય, (૭) સર્પ–આશ્લેષા,

(૮) પિતૃઓ–મઘા, (૯) અર્યમા–પૂર્વા ફાલ્ગુની, (૧૦) ભગ–ઉત્તરા ફાલ્ગુની (૧૧) સવિતા–હસ્ત, (૧૨) ત્વષ્ટા–ચિત્રા, (૧૩) વાયુ–સ્વાતિ, (૧૪) ઈંદ્રાગ્ની–વિશાખા (૧૫) મિત્ર–અનુરાધા, (૧૬) ઈંદ્ર–જયેષ્ઠા, (૧૭) નિર્ઋતિ–મૂલ, (૧૮) આપ–પૂર્વાષાઢા, (૧૯) વિશ્વેદેવ–ઉત્તરાષાઢા, (૨૦) વિષ્ણુ–શ્રવણ, (૨૧) વસુ–ધનિષ્ઠા, (૨૨) વરુણ–શતભિષા, (૨૩) અજ એકપાત્–પૂર્વા ભાદ્રપદા, (૨૪) અહિ–ઉત્તરા ભાદ્રપદા (૨૫) પૂષા–રેવતી, (૨૬) અશ્વિનીકુમાર–અશ્વિની અને (૨૭) યમ–ભરણી.

ઉપર જણાવ્યા પ્રમાણે પૂષા રેવતી નક્ષત્રના સ્વામી છે. હવે એ રેવતી મીન રાશિમાં આવે છે. આ મીનના સ્વામી બૃહસ્પતિ ગુરુ છે. એ બૃહસ્પતિના પુત્ર ભરદ્વાજ ઋષિ છે. એનો સંબંધ આ રીતે છે : જે પ્રજા પશુ વનસ્પતિ વગેરેનું પોષણ કરે છે, તે પૂષા. એ પૂષાદેવની સ્તુતિ ભરદ્વાજ કરે છે. હવે જે વાજ–અન્નને ભરે, તે ભરદ્વાજ ગણાય. આ દૃષ્ટિએ જે જે નક્ષત્રના સ્વામીઓ પશુ અન્ન વગેરેની સમૃદ્ધિ કરે, તે બધા દેવો ભરદ્–વાજ ગણાય. એઓનાં દર્શન કરનારા ઋષિ 'ભરદ્–વાજ' બને.

આ મંડળના ઋષિ સૂક્તો દ્વારા અગ્નિ ઇંદ્ર વગેરેની સ્તુતિ ગાઈ પ્રજા પશુ વાજ અન્ન વગેરેની સંપત્તિ ભરવાનું જણાવે છે, માટે તે ઋષિ ભરદ્વાજ ગણાય છે, જ્યારે મુખ્યત્વે અગ્નિ ઇંદ્ર વગેરે નક્ષત્રોના સ્વામીઓ ભરદ્વાજ છે, એ ભાવ અહીં રજૂ થાય છે.

સૂર્ય સિદ્ધાંત જ્યોતિષ ગ્રંથ પ્રમાણે હાલ અશ્વિનીથી નક્ષત્રોની ગણના થાય છે, પરંતુ પ્રાચીન કાળમાં કૃત્તિકા નક્ષત્રથી શરૂઆત થતી હતી અને તેથી અગ્નિ વગેરે સ્વામીનો ક્રમ સંગત થાય છે. એ જ રીતે વર્ષ ઋતુ વગેરેની ગણનામાં પણ ઘણો તફાવત જોવાને મળે છે. બાર રાશિઓના ચક્રમાં સત્તાવીસ નક્ષત્રોને અનુસરીને જે ભાગ કરવામાં આવતા, તે પ્રમાણે જોતાં સૂર્ય વસંતઋતુમાં રાશિ ચક્રનાં જે સ્થાનમાં આવે તે સ્થાનમાં દિનરાત સરખાં થાય: એને જ મેષરાશિની શરૂઆત ગણીને એનો યોગતારા રેવતી નક્ષત્ર આવે, જેનો સ્વામી પૂષા સૂર્યનું એક નામ છે. આ પ્રમાણે ઉત્તરાયણમાં શિશિર વસંત અને ગ્રીષ્મ તેમજ દક્ષિણાયનમાં વર્ષા શરદ અને હેમંત આવે છે,

'ઋષિ' શબ્દ ઋક્ષ નક્ષત્રના અર્થમાં શતપથ બ્રાહ્મણે (૨,૧,૨,૪) વાપર્યો છે : 'બીજાં, નક્ષત્રો એક બે, ત્રણ, કે ચાર સંખ્યા હોય છે. પરંતુ કૃત્તિકા નક્ષત્રોમાં ઘણા તારા હોય છે.' આ કૃત્તિકાઓ ઋષિઓની પત્નીઓ હતી. સપ્તઋષિઓને પ્રાચીનકાળમાં ઋક્ષ કહેતા હતા, આ સપ્તઋષિઓ ઉત્તર દિશામાં ઉદિત થતા લાગે છે.

**૨૪ દૈવત જગાડો/૧૯૭**

અહીં બતાવેલ હરિયૂપીયા નદીને કિનારે જ હડપ્પાનગરી વસી હોવી જોઈએ અને આ પંચજન ભારતોનો મૂલ નિવાસ હશે. શસ્ત્ર સાધનો વગેરે અભિમંત્રિત કરવાનું રહસ્ય દૈવત જગાડવામાં રહેલું છે, જે જાગતાં વિજય મેળવવો સરળ બને છે. એ ભાવ આ સૂક્તમાં રહેલો છે.

**સપ્તમ મંડળ, ઋષિ વસિષ્ઠ, સૂક્ત ૧૦૪, મંત્રો ૮૪૧**

મિત્ર અને વરુણથી વસિષ્ઠનો જન્મ થયો હતો. તેની ઉત્પત્તિકથા આ મંડળના ૩૩ માં સૂકતમાં વર્ણવી છે; એ પ્રમાણે વસિષ્ઠનો એક જન્મ પ્રજાપતિ પ્રાણરૂપે અને બીજો દિવ્ય જન્મ મિત્ર વરુણથી થયેલો છે.

'ઋષિઓ ઇંદ્રનું પ્રત્યક્ષ દર્શન કરી શકતા ન હતા. સૌથી પહેલાં વસિષ્ઠે એ ઇંદ્રનું પ્રત્યક્ષ દર્શન કર્યું હતું.' (તૈત્તિરીય સંહિતા, ૩, ૫. ૨)

વિશ્વામિત્ર અને જમદગ્નિ, વસિષ્ઠ અને ભરદ્વાજ, ગોતમ અને વામદેવ તેમજ અત્રિ આ સતર્ષિઓ અમને સુખ આપો.' (અથર્વવેદ ૧૮, ૩, ૧૬,)

'વસિષ્ઠે આ વિદ્યા સુદાન પિંજવનને કહી. એમણે મોટો દિગ્વિજય મેળવી લીધો. એ બધા મહાન રાજાઓ થયા આ ઐન્દ્ર નામના મહાન અભિષેક યાગથી વસિષ્ઠે પિંજવનના પુત્ર સુદાસનો અભિષેક કર્યો, તેથી એણે પૃથ્વી પર વિજય મેળવી લીધો. (ઐતરેય બ્રાહ્મણ ૭, ૩૪, ૮, ૨૧)

આ મંડળના સૂકતોના દેવો અગ્નિ ૧–૧૮, ઇંદ્ર ૧૯–૩૩, વિશ્વેદેવ ૩૪–૪૩, દધિક્રા ૪૪ સવિતા ૪૫, રુદ્ર ૪૬, આપ ૪૭ ૪૯ ઋતુઓ ૪૮, વિશ્વદેવો ૫૦ આદિત્યો ૫૧–૫૨ દ્યાવાપૃથિવી ૫૩, વાસ્તોષ્પતિ ૫૪–૫૫, મરુતો ૫૬–૫૯ સૂર્ય અને મિત્રાવરુણૌ ૬૦–૬૬, અશ્વિનીકુમારો ૬૭–૮૪, ઉષા ૭૫–૮૫, ઇંદ્રાવરુણ ૮૬–૮૯ વાયુ ૯૦–૯૨, ઇંદ્રાગ્ની ૯૩–૯૪, સરસ્વતી ૯૫–૯૬, ઇંદ્રાબૃહસ્પતિ ૯૭–૯૮ વિષ્ણુ ૯૯–૨૦૦ પર્જન્ય ૧૦૧–૧૦૩ રાક્ષોઘ્ન સૂક્ત ૧૦૪.

છંદોમાં વિશેષ કરીને વિરાટ ત્રિષ્ટુપ પ્રગાથ ગાયત્રી અનુષ્ટુપ છે. આ સાતમા મંડળનાં બધાં જ સૂકતોના ઋષિ વસિષ્ઠ મૈત્રાવરુણિ છે. વિકલ્પમાં એક શક્તિ, વસિષ્ઠના પુત્રો અને કુમાર આગ્નેય આવે છે. એ પ્રમાણે તેત્રીસમા સૂકતમાં ૧૦ થી ૧૩ ઋચાઓના વસિષ્ઠ પુત્રો ઋષિ છે. ૩૨ મા સૂકતની ૨૬ મી ઋચાના પૂર્વાર્ધમંત્રના ઋષિ શકિત છે. તેમજ ૧૦૧ ૧૦૨ ના ઋષિકુમાર આગ્નેય છે.

## ૨૫ દિવ્ય જન્મ અને કર્મ/પૃષ્ઠ ૨૦૭

આ મંડળનું ૩૩ મું સૂકત 'આખ્યાન સૂકત' તરીકે જુદી ભાત પાડે છે. અહીં વસિષ્ઠ કુલના ઋષિઓને ઓળખવાનાં લક્ષણો જેવાં કે ગૌરવર્ણના, માથાની જમણી બાજુએ શીખા બાંધેલી, બુદ્ધિશાળી, વગેરેનાં વર્ણન છે. તૃત્સુ, ભરત વગેરે પંચજનોએ દશ રાજાઓ સામે યુદ્ધ કરી વિજય મેળવી લીધો, એ હકીકત પણ અહીં સ્પષ્ટ જોવા મળે છે.

## ૨૬. અપરાધી કોણ ?/પૃષ્ઠ ૨૧૪

આ મંડળના ૫૫ મા સૂકતમાં વર્ણવ્યા પ્રમાણે વસિષ્ઠે વરુણની મુલાકાત લીધી અને પ્રસ્વાપિની ઉપનિષદ્ ભણીને વરુણલોકનાં સૌ જનોને નિદ્રાવશ કર્યાનો પ્રસંગ છે. બીજા વરુણનાં સૂકતોમાં પણ વસિષ્ઠની શકિત ભાવના અને નિર્ભયતા જોવા મળે છે.

## ૨૭ મલિન તત્ત્વોનો નાશ/પૃષ્ઠ ૨૨૩

આ મંડળનું છેલ્લું સૂકત ૧૦૪ राक्षोघ्न सूक्त છે. વસિષ્ઠના પુત્ર શક્તિને તેમજ વસિષ્ઠના સો પુત્રોને રાક્ષસો મારી નાખે છે. એ શોક સંતાપને વશ થઈ વસિષ્ઠ આ સૂક્તનો જપ કરે છે.

વસિષ્ઠ પુત્ર શક્તિ ઋષિએ ઇંદ્રની સ્તુતિ કરતાં અડધી ઋચા ગાયેલી:

इन्द्र क्रतुं न आभर पिता पुत्रभ्यो यथा ।
शिक्षाणो अस्मिन् पुरुहूत यानि जीवा ज्योतिरशीमहि ॥

ઋગ્વેદ, ૭, ૩૨, ૨૬

પાછળની ઋચા વસિષ્ઠે પૂરી કરેલી.

## આઠમું મંડળ, સૂક્ત ૧૦૩, મંત્રો ૧૭૧૬, ઋષિ કાણ્વ—પરિવાર

આ મંડળમાં ૪૯ થી ૫૯ અગિયાર સૂકતોમાં એંશી મંત્રો છે, તે બાલખિલ્ય સૂકતો ગણાય છે. એ સૂકતો પર સાયણાચાર્યે ભાષ્ય લખ્યું નથી, માટે એ સૂકતો પરિશિષ્ટ-રૂપે ગણાય છે, પરંતુ પ્રસિદ્ધ થયેલી સંહિતાઓમાં એ અગિયાર સૂકતો ક્રમવાર લેવામાં આવ્યાં છે.

બીજાથી સાતમા મંડળ સુધી ગૃત્સમદ વિશ્વામિત્ર વામદેવ અત્રિ ભરદ્વાજ અને વશિષ્ટ એ ૭ ઋષિઓ ક્રમસર તે તે મંડળના દ્રષ્ટા છે. એ જ રીતે આઠમા